# પત્ર જ્યોતિ

(કિરણ ૩)

સ્વામી સ્વયંજ્યોતિ તીર્થ

# પત્ર જ્યોતિ

( કિરણ ૩ )

**સ્વામી સ્વયંજ્યોતિ તીર્થ**

પ્રકાશક

સ્વા. સ્વયંજ્યોતિ તીર્થ જ્ઞાનસાધન આશ્રમ ટ્રસ્ટ

પો. મુક્તમપુર (જિ.-ભરૂચ)

આવૃત્તિ ૧લી ૧૯૬૭
પ્રત : ૧૦૦૦
કિંમત રૂ. ૩–૦૦

*

પ્રકાશક :

સ્વામી સ્વયંજ્યોતિ તીર્થ
સ્વા. સ્વયંજ્યોતિ તીર્થ જ્ઞાનસાધન આશ્રમ ટ્રસ્ટ
પો. મુક્તમ્પુર (જિ ભરૂચ)

*

મુદ્રક :

મોહનલાલ મગનલાલ બદામી
જૈનાનંદ પ્રિન્ટિંગ પ્રેસ,
દરિયામહેલ, સૂરત–૧.

# પત્ર જ્યોતિ

( કિરણ ૩ )

એક વ્યકિતને લખાયેલા પત્રોનું એક પ્રકરણ
એ રીતની અત્રે પ્રકરણ યોજના રાખેલી છે.

# ૧

(૧)

તા. ૧૩-૧૦-૩૧

તમારા આ તથા બીજા પત્રોમાં પણ ચિત્તની "હું દુઃખી ;" એવી ભાવના દૃષ્ટિગોચર થાય છે. ઈશ્વર જ નથી એવી સ્તિકતા પણ કોઈ કોઈ વાર ચિત્તમાં આવતી હશે એમ ગે છે. આ વાતને બીજા શબ્દોમાં ગોઠવીએ તો એમ કહેવાય સંસારમાં ખાનપાન, નીરોગી શરીર, જોઈએ તેવાં સ્નેહી, બંધીઓ જો મળે તો જ ઈશ્વરને માનવો, નહિ તો નહિ.

આ વિષયમાં મારા તા. ૨૯-૫-૩૧ના પત્રમાં મેં થોડું સમાધાન કર્યું હતું. પણ ચિત્તમાં હમેશાં દુઃખની ભાવના જ ભરેલી હોવાથી ઈશ્વરની કૃપા અનુભવવાનો અવકાશ તમને મળતો જ નથી એમ લાગે છે.

(૧) ઈશ્વર નથી. (૨) એ હોય તો મને અથવા બીજાને દુઃખ શા માટે થાય? તમારી આ બે શંકાઓનું સમાધાન જો કે પત્રદ્વારા પૂરેપૂરું થઈ શકે તેમ નથી, પણ એનો થોડોઘણો પણ વિચાર કરીએ તે પહેલાં (૧) દુઃખ શું છે? (૨) ઈશ્વર એટલે શું? (૩) ઈશ્વરની સાથે આપણો સંબંધ શું છે? (૪)

ઈશ્વરની ભક્તિ શા માટે કરવી? આવા પ્રશ્નોનો શાંત ચિત્તથી વિચાર કરતાં શીખો તો જીવનમાં નિરાશાને બદલે ઉત્સાહ અને આનંદ વધવા માંડશે.

આ સંબંધે પત્રમાં વધારે સમજાવી શકાય તેમ નથી. પણ થોડા મુખ્ય મુદ્દા તમને પહેલાં લખી આપ્યા હતા, તેનું થોડું વિવેચન મળી આવશે.

(૧) ઈશ્વર તો એક એવી નિરંજન, નિરાકાર, સર્વવ્યાપક શક્તિ છે, કે જે પ્રત્યે પ્રાણી પદાર્થમાં (૧) સત્ (existence) નિત્ય હોવાપણું, (૨) ચિત્ (knowledge) જાણવાપણું અથવા જ્ઞાન, અને (૩) આનંદ (Bliss), સૌને પોતાનું પ્રિય લાગવાપણું-એ રૂપે રહેલો છે. આપણી સાથેનો એનો સંબંધ સત્-ચિત્ત-આનંદ રૂપે જ છે. એ આપણી આસપાસ સર્વત્ર તેમ જ હૃદયમાં અન્તર્યામી તરીકે નિત્ય નિરંતર છે, પણ આપણું ચિત્ત એના પ્રાત નથી હોતું તેથી એનું અનુભવજ્ઞાન થતું નથી. સંસારમાં ઇંદ્રિયોથી ભોગવાતા સુખના પદાર્થોની શોધ અથવા આશામાં જ્યારે આસક્ત હોય છે, ત્યારે આપણે ઈશ્વરનાં દર્શન ન કરતાં, એ સચ્ચિદાનંદ સ્વરૂપનો અભાવ માનીને ઈશ્વર નથી એવી નાસ્તિકતાને અધિન થઈ જઈએ છીએ.

(૨) સુખદુઃખમાં જે આપણી અનિવાર્ય નિરાધાર સ્થિતિ હોય છે એનું કારણ આપણા પ્રારબ્ધકર્મની વિચિત્રતા છે. મનુષ્યને આ જન્મમાં આવી મળતાં સુખદુઃખ એનાં પોતાનાં પૂર્વકર્મનાં ફળ છે. પૂર્વ જન્મમાં અજ્ઞાન અને મોહને લીધે આપણે ઘણાં એવાં કર્મ કરેલાં હોય છે, કે જેમાંનાં સત્કર્મના ફળરૂપે ચિત્ત અને ચારિત્રની પવિત્રતા, ઉન્નતિની ભાવના, પુણ્યકર્મ, શરીરની નીરોગિતા, સંબંધીઓની અનુકૂળતા, આર્થિક સંપત્તિની વિપુલતા,

વગેરે હોય છે; ત્યારે પાપકર્મના ફળરૂપે, ચિત્તમાં ગ્લાનિ અને અશાંતિ, શરીરમાં વ્યાધિ તથા સંબંધીઓની પ્રતિકૂળતા વગેરે આસપાસ ફરી વળેલાં હોય છે. એમ છતાં પણ સમસ્ત દુ:ખમાંથી છૂટીને કેવળ સંસારનાં સુખો પાછળ જ મન ભટક્યાં કરતું હોય તો આપણું એ મન અધોગતિ તરફ જાય છે એમ સમજવું. આ જન્મમાં જો પરમાત્માની ભક્તિ દ્વારા સચ્ચિદાનંદ પ્રાપ્ત કરવામાં આપણે અનુકૂળતા પ્રાપ્ત કરવી હોય તો સત્કર્મમાં આપણું લક્ષ્ય રહેવું જોઈએ જેથી સાંસારિકતા થોડી ઓછી વિઘ્નકર્તા થાય. સાચી રીતે જોતાં તો દુ:ખ જ વૈરાગ્યનું કારણ છે; એનાથી ભક્તિ ઉદ્ભવે છે, અને પછી ઈશ્વરનું સ્મરણ વિશેષ ભાવે થાય છે. જ્યારે કોઈ પણ પ્રાણીપદાર્થોમાં સુખ મળતું નથી, ત્યારે મન પાછું વળીને અંતર્મુખ થાય છે. ઈશ્વર સચ્ચિદાનંદ છે અને એ સચ્ચિદાનંદનાં સ્મરણ, ભજન તથા સેવાથી દુ:ખનો નિર્મૂળ નાશ થાય છે.

(૩) સારાંશ એ કે, દુ:ખને દુ:ખ ન માનતાં પરમાત્માનું સ્મરણ કરવાનું સર્વશ્રેષ્ઠ સાધન માનીએ તો દુ:ખ જ રહેતું નથી.

(૪) જીવન કેવળ સંસારિક સુખ ભોગવવા માટે નહિ, પણ દિનપ્રતિદિન સાંસારિક સુખની વાસનામાંથી મુક્ત થઈ, પરમાત્માનાં ભક્તિ, જ્ઞાન તથા સ્નેહીસંબંધી અને જનતાની સેવા માટે છે, એમ માનીને જીવવાનો પ્રયત્ન કરવો.

(૫) હમેશાં આશાવાદી રહેવું; મારા જીવનનું ભાવિ ઉજ્જવલ છે, પરમાત્મા જે કરે છે તે મારાં પૂર્વકર્મનાં ફળ પ્રમાણે ઠીક જ કરે છે, શુભ કર્મ અને વિચારથી જ ઈશ્વરભક્તિ થાય છે એમ માનતા હો, તોપણ ભવિષ્યમાં મને પરમાત્મા દુ:ખ

નહિ જ આપે એવો દઢ સંકલ્પ કરવો. સત્કર્મ તથા સદ્‌વિચારમાંથી કિંચિત્ માત્ર પણ ચલાયમાન થવું નહિ. આમ કરવાથી ભાવિ જીવનમાં ઈશ્વરભક્તિ થાય એવી અનુકૂળતા વધતી જશે.

(૬) સત્ય વસ્તુ તો એ છે કે, સાંસારિક સુખ કે દુઃખ બન્નેને અનિત્ય માનીને, હું ઈશ્વરનો, સચ્ચિદાનંદનો પ્રકાશ છું, હું-આત્મા-સચ્ચિદાનંદ છું, મારામાં શોક ન હોવો જોઈએ, એમ સમજીને હમેશાં આનંદમાં રહેવું જોઈએ.

(૭) પરમાત્મા પ્રતિ પ્રતિદિન શ્રદ્ધા અને ભક્તિ વધારો તથા ભગવદ્‌ગીતાના ૭ થી ૧૨ સુધીના અધ્યાયોનો પાઠ કરો. એ ૬ અધ્યાય ગીતાનો ભક્તિકાંડ છે. અભ્યાસ વધારતા જાઓ.

(૨) તા ૧૧-૧૨-૩૧

બીજા લોકો પાસેથી શુભ વર્તનની આશા રાખીએ પણ બધાના સ્વભાવમાં એકતા ન હોવાથી એ ફળીભૂત થતી નથી. ત્રિગુણાત્મક વ્યવહારમાં ભેદ હોવાથી આપણી જ ઇચ્છા પ્રમાણે બધા વ્યવહાર કરે એમ માનવું એ આપણું અજ્ઞાન છે આપણે એવો સંતોષ મેળવી શકતા નથી. જગતની પાસેથી સદ્‌ભાવ, પ્રેમ, દયા, વગેરે શુભ વ્યવહારની જો આશા રાખવી હોય તો આપણે જ સર્વ પ્રતિ પ્રેમ રાખતાં શીખવું. એની શરૂઆત આપણાથી જ થવી જોઈએ. જગત ખરાબ હોય તેથી આપણાથી ખરાબ થવાય નહિ; જગત ખરાબ છે એવી ફરિયાદ કરવાથી પણ જગત સુધરતું નથી, આપણે સુધરવા માંડીએ, એટલે આપણા સદ્‌વર્તનના દૃષ્ટાંતથી જગત કદાચ સુધરે ખરું.

આપણા પૂર્વજન્મનાં કૃત્યનાં ફળ આપણને આ જન્મમાં સુખદુઃખ રૂપે મળે છે, તેવી જ રીતે સર્વને માટે સમજવું એ ઉન્નતિનું પ્રથમ સાધન છે. શાન્તિપૂર્વક દુઃખ સહન કરવાની ટેવ પાડવી. હમેશાં ચિત્તમાં પ્રસન્નતા રાખવી; ઈશ્વર પાસે એવાં સાધન અને સુખ માગવાં કે ભવિષ્યમાં પરમાત્માનું અને શુભ કર્મનું વિસ્મરણ ન થાય. અત્યારે દુઃખ એટલા માટે લાગે છે કે, આપણે પ્રથમ ઈશ્વરસ્મરણ કર્યું નહોતું અને સાધારણ દુઃખ પડતાં પણ જગતને દોષ દેવામાં તૈયાર રહેતા હતા આપણું અજ્ઞાન હજુ નાશ પામ્યું નથી તેથી કર્મફળનો વિચાર કર્યા વિના આપણે ઈશ્વરને દોષ દેવા તૈયાર થઈએ છીએ.

પ્રારબ્ધમાં સુખ કે દુઃખ જે હશે તે અવશ્ય ભોગવવાં પડશે. ભગવાન રામચંદ્રજી, કૃષ્ણસખા પાંડવો, સત્યવાદી હરિશ્ચંદ્ર, મહાત્મા જ્ઞાનેશ્વર, તુકારામ આદિ અવતારો કે સન્તો પ્રતિકૂળતામાંથી વૈરાગ્ય અને ભક્તિ મેળવીને ઈશ્વરદર્શન કરી ગયા છે. દુઃખમાં તેઓએ ધૈર્ય ગુમાવ્યું નથી, પણ હમેશાં પરમાત્મસ્મરણ ચાલુ રાખીને જગતમાં પોતાના વિશુદ્ધ ચારિત્રદ્વારા આત્મપ્રકાશનો વિસ્તાર કર્યો છે. એમાંથી તેઓને ઉન્નતિ સાંપડી છે, કારણ કે ભક્તિ અને વૈરાગ્યનું એ બીજ છે; મૂલ છે. ત્યાગ અને તપશ્ચર્યા વિના અધ્યાત્મમાર્ગે કશી પ્રગતિ થઈ શકતી નથી. સૌથી પ્રથમ, મોટું અને આવશ્યક સાધન જ એ છે કે, ગમે તેવી શરીરની અવસ્થા હોય, આસપાસનાં સંબંધીઓ, સ્નેહીઓ કે અન્ય કોઈ અજાણ્યાં મનુષ્યો આપણા પ્રતિ ગમે તેવું અશુભ વર્તન કરે, તોપણ અન્તરથી રોષક્રોધ ન લાવતાં, એ બધાનું કલ્યાણ ઇચ્છીએ; અન્તરથી આશીર્વાદ

આપીએ, વાણીથી એમને પ્રેમાળ શબ્દો કહીએ, અને પ્રસંગ પડે ત્યારે શરીરથી યથાશક્તિ સેવા કરવામાં પણ પાછા ન રહીએ. આટલું સૌજન્ય તો સાધારણ મનુષ્યમાં પણ હોવું જોઈએ. શાસ્ત્રો વાંચવાં, જપતપ કરવાં, ઈશ્વરભક્તિ કરવી, વગેરેનું ફળ ત્યારે જ આપણને પ્રાપ્ત થયું કહેવાય.

અત્યન્ત ધૈર્ય અને શાન્તિ રાખતાં શીખો; પરમાત્મા મારું મંગલ કરશે જ એવી શ્રદ્ધા રાખતાં શીખો : સર્વ પ્રકારે વડીલોની આજ્ઞામાં રહી યથાશક્તિ સેવાભાવ શીખો અને સમસ્ત જગત આત્મકલ્યાણ કરવામાં સહાયક છે, એવી સદ્ભાવના વધારતા જાઓ.

સ્વા. રામતીર્થ, સ્વા. વિવેકાનંદ, પરમહંસ રામકૃષ્ણ વગેરે મહાત્માઓના ઉપદેશગ્રંથો વાંચો. નિયમિત જપ તથા પૂજન ઇત્યાદિ કરો. ગીતાના એક અથવા બે અધ્યાય ભોજન કરતાં પહેલાં નિત્ય પાઠરૂપે વાંચી જાઓ. રાત્રે સૂતાં પહેલાં અને પ્રાતઃકાળે જાગ્યા પછી પરમાત્માનું સ્મરણ કરીને જ પથારી છોડો. બને તો થોડા જપ પણ તે વખતે કરો.

(૩)

૨-૧-૩૨

પ્રસન્ન ચિત્ત અને કુશળ શરીર એ બે વસ્તુ પર લક્ષ્ય રાખીએ તો એમાં પ્રથમ વસ્તુ પર જ આપણે મુખ્ય લક્ષ્ય રાખવાનું છે. કુશળ શરીર રાખવામાં પણ ખાનપાન અને આરોગ્યના નિયમોનું પાલન કરતાં છતાંયે પ્રારબ્ધયોગે બહારથી વ્યાધિ આવીને શરીર બગડે છે. પણ ચિત્તની પ્રસન્નતા કે

શાન્તિને તો આપણે પ્રારબ્ધ પર ન છોડવાં જોઈએ. કારણ કે એ હૃદયની ભાવના પર આધાર રાખે છે. ભાવના કરવા કે બદલવામાં આપણે સ્વતંત્ર છીએ, માટે હમેશાં પ્રસન્નતાથી એ વિષયમાં નિત્ય પુરુષાર્થ કર્યા કરવો જોઈએ. શરીરની ગમે તેવી અસ્વસ્થ સ્થિતિ હોય, આસપાસનો સ્નેહીસંબંધીવર્ગ પ્રતિકૂળતા દેખાડે તોપણ એ બધા સંયોગોમાં પ્રસન્નતા રહે, ત્યારે જ આપણા મનોબળની પરીક્ષા થાય છે. માટે ચિત્ત પ્રસન્ન રાખતાં શીખજો.

શ્રીમદ્ ભગવદ્ગીતાના એક અધ્યાયનો રોજ પાઠ કરીને જ ભોજન કરવું. અર્થ સાથે મૂળ શ્લોક વાંચવા અને અવકાશે પછી એનો વિચાર કરવો. મૂળ શ્લોક અને અર્થ એટલું જ તે વખતે વાંચવું. વિશેષ સમય ન મળે ત્યારે કેવળ મૂળ શ્લોક વાંચી જવા. આવી રીતે અઢાર દિવસે ગીતાનો પાઠ પૂરો કરવો.

પૂજામાં પ્રથમ ચંદન, પુષ્પ, દીપ, ધૂપ તૈયાર કરવાં. પછી જે ઇષ્ટદેવમૂર્તિ હોય તેને પ્રત્યક્ષ ચેતનરૂપ માની, એમની છબી, ચિત્ર વગેરે હોય તેની સન્મુખ ભક્તિપૂર્વક નમસ્કાર કરી જપ, પાઠ, વગેરે કરી, છેવટે પાંચ મિનિટ ઇષ્ટદેવનું બંધ નેત્રે માનસિક ધ્યાન કરીને આનંદપૂર્વક પ્રસન્ન ચિત્તથી ઊઠવું. પૂજા કર્યા પછી એમનો પ્રસાદ એટલે પ્રસન્નતા (આનંદ) આપણા અંતરમાં ઊતર્યો છે એવો અનુભવ થાય તો જ પૂજા થઈ એમ સમજવું.

પ્રયત્ન કરવો એ સ્વધર્મ છે, ફળ આપવું એ પરમાત્માના હાથમાં છે. પ્રયત્નપૂર્વકના સ્વધર્મ પાલનથી મનોબળ વધે છે.

મનુષ્યજન્મનું સાર્થક્ય ત્યારે જ થયું કહેવાય કે ગીતાના

ઉપદેશ પ્રમાણે જીવી શકાય. સુખદુઃખ, માનાપમાન, લાભહાનિ વગેરે દ્વંદ્વસમૂહ, આત્મજ્ઞાનદ્વારા પ્રાપ્ત કરેલી ચિત્તની પ્રસન્નતામાં કોઈ પણ કાળે અને કોઈ સ્થળે વિઘ્ન ન કરી શકે, અને નિત્ય નિરંતર રહે એવું લક્ષ્ય બનાવો. આનંદ શુદ્ધ હોવો જોઈએ. સાંસારિક લાભથી આનંદ અને હાનિમાં શોક થાય, ત્યારે એ આનંદ નહિ પણ શોકનું પ્રતિદ્વંદ્વ હર્ષ છે. એ ક્ષણિક સ્થિતિ છે; એનું પરિણામ શોક છે તેથી એ શોકથી મિશ્ર હોવાથી આનંદ શુદ્ધ નથી. ચિત્તમાં શુદ્ધ સચ્ચિદાનન્દ રહેવો જોઈએ.

સર્વ અવસ્થામાં એવો મુક્ત આનંદ રાખતાં શીખશો એટલે બધું ઠીક થશે. પરમાત્મા કલ્યાણ કરશે.

( ૪ )

૧-૨-૩૨

પુરુષાર્થી મનુષ્ય એ કહેવાય કે આરભ કરેલું કાર્ય ગમે તેટલાં વિઘ્નોથી ગભરાયા કે હાર્યા વિના ઉત્સાહપૂર્વક પૂર્ણ તથા ફળીભૂત કરવા માટે પ્રયત્ન કર્યા જ કરે. મનુષ્યના સાચા સામર્થ્યની, ઊર્ધ્વગામી ચિત્તની અને તિતિક્ષાની એમાં જ પરીક્ષા છે. તપશ્ચર્યા વિના પ્રાપ્ત થયેલી વસ્તુપ્રાપ્તિની કિંમત કોડીની છે; અનાયાસે વસ્તુ મળી જાય એ અનાયાસે જ નાશ પામે છે, હાથમાંથી જતી રહે છે.

( ૫ )

૧૮-૯-૩૨

યોગવિષયક પ્રાણાયામ વગેરેની સાધના કોઈ સુયોગ્ય વ્યક્તિની સહાયતા વિના કરવા જેવી નથી. સંસારમાં

આપણે જીવન ગાળવું છે, એમાં હજારો તો શું પણ લાખો મનુષ્યોના સહવાસમાં આવવું પડશે. એ બધાંની સાથે સમભાવથી રહેતાં ત્યારે આવડે કે જ્યારે આપણે સૌને આપણા નિઃસ્વાર્થ પ્રેમાળ સ્વભાવ દ્વારા પ્રિય લાગીએ. એની એક જ કૂંચી છે; અંતઃકરણમાં સૌ માટે સદ્ભાવ, શુભેચ્છા અને સારી લાગણી; અને શરીરદ્વારા બની શકે એટલી સેવા. આપણી પાસે આ બે સદ્ભાવ જેટલા પ્રમાણમાં પ્રાપ્ત થાય, એટલા પ્રમાણમાં આપણી ઉન્નતિ થઈ કહેવાય. તું હમેશાં આમ ઉન્નતિ પ્રાપ્ત કરે અને જીવન આનંદપૂર્વક વ્યતીત કરતાં શીખે એમ હું ઇચ્છું છું. ઘરમાંથી આની શરૂઆત થવી જોઈએ એ પછી બહાર જેના સંબંધમાં આવીએ ત્યાં પણ આપણી આવી જાતની પ્રતિભા પડવી જોઈએ. ધીરે ધીરે, સાવધાનતાપૂર્વક અભ્યાસ પાડીએ તો જગતમાં મનુષ્યને માટે કશું પણ અસંભવિત નથી. જે મનુષ્ય શુદ્ધ હૃદયથી વ્યવહાર નથી નિભાવી શકતો, એને ઈશ્વર-વિષયક વાતો કરવાનો અધિકાર જ નથી; પરમાત્મા આ સૃષ્ટિથી દૂર નથી; એ તો આપણા રોમરોમનો, પ્રત્યેક અણુપરમાણુનો અત્યંત નિકટવર્તી આધાર છે. સુખ અને દુઃખ, બન્નેમાં એ આપણું કલ્યાણ કરે છે. પ્રત્યેક પ્રાણીએ પોતાનાં પૂર્વકર્મનાં ફળ ભોગવવાનાં છે. ભવિષ્યમાં સુખની આશા હોય, તો ઉપર કહ્યું છે તેમ શરીરદ્વારા શુભકર્મ જ થાય તેવી સાવધાનતા રાખવી જોઈએ. એમ કર્યા વિના, મારે માટે સુખ છે જ નહિ એમ માનીને શોક કર્યા કરવો, અને વર્તમાન સ્થિતિની નિન્દા કર્યા કરવી, એ ભયંકર અજ્ઞાન છે.

જીવનમાં ઉત્સાહ રાખજે. આપણું ભાવિ ઉત્તમ અને સુખપૂર્ણ છે, એવી શ્રદ્ધા રાખતાં શીખવી જોઈએ. આ જીવનમાં જ

રપ્રાપ્તિ અને એનાં સાધન પ્રાપ્ત કરવાની ઇચ્છા હોય, તો મ્મતભેર મેં લખ્યું છે તેવા પ્રકારનું જીવન ગાળવાની શરૂઆત ો દેજે. તારામાં હિમ્મતભરી બુદ્ધિ છે, ઉત્તમ કુળમાં તને મ મળ્યે છે, આટલી વિદ્યા પ્રાપ્ત થઈ છે, હજી પણ વિશાળ મ ભવિષ્ય દૃષ્ટિગોચર થાય છે, તો પછી શા માટે ઉત્સાહભેર ેશાં આનન્દમાં રહીને તન-મન-ધનને પરમાત્માનાં માનીને માત્માના સ્વરૂપ જેવા આ જગતમાં સગાંસમ્બન્ધી તથા હીવર્ગ સાથે એકમન અને એકપ્રાણ થઈ રહેવાની શરૂઆત કરવી ?

)

૧૯-૧૦-૩૨

પરમાત્મામાં પહેલાં લખ્યું છે તેવી શ્રદ્ધા રાખવી, એથી ાશાં કલ્યાણ જ થાય છે. જે અવસ્થામાં એ આપણને રાખે, ાં આનન્દ અને સંતોષ રાખતાં શીખવું જોઈએ. મારું શું થશે, ી ચિન્તા કર્યા કરવાથી કલ્યાણ થવાનું નથી. આપણા તેમ જ ણીમાત્રના કલ્યાણ માટે ઈશ્વરની પ્રાર્થના કરવી, અને રના જ સ્વરૂપ જેવા પ્રત્યેક પ્રાણીની બને તેટલી સેવા કરવી જ શ્રેષ્ઠ માનવધર્મ છે.

સૌ સાથે સંપીને રહેતા શીખવું. જગતમાં જેમ આપણે ા પાસેથી સદ્વ્યવહાર અને સદ્વર્તનની આશા રાખીએ મ, તેમ સૌને આપણી પાસેથી સદ્વર્તનની આશા રાખવાનો ; છે, એ હમેશાં યાદ રાખવું.

*

# ૨

(૧)

૧૦-૯-૩૧

ધ્યાન કરતી વખતે ચિત્ત અન્ય દિશામાં જાય છે તેને માટે પ્રારંભનો ઉપાય નીચે પ્રમાણે છે. હમણાં ધ્યાનને બદલે પૂજા, પાઠ અને જપ એ ત્રણ વસ્તુઓની પ્રવૃત્તિ રાખો. તમને જે મહાપુરુષ, અવતાર, દેવદેવી, કે મંત્રાક્ષર પ્રતિ ભક્તિ અને શ્રદ્ધા હોય, તેની સુન્દર પ્રતિમા પૂજાનિમિત્તે રાખો. સ્નાન કરીને એમને જીવન્ત અને પ્રત્યક્ષ સમજીને એની પાસે બેસો, આસન-ગ્રહણ કરો કે જમાવો. તેની પાસે ઘીનો દીપક, એકાદ અગર-બત્તીની સુગંધ, પવિત્ર નાનું એવું દર્ભાસન અથવા ઊનનું આસન પાથરી એ મૂર્તિને તમારું સર્વસ્વ માની એમની પાસેથી જ ચિત્તશુદ્ધિ આદિ પ્રાપ્ત થવાનાં છે, એવી શ્રદ્ધા રાખી પૂજનઅર્ચન કરો અને નિત્યપ્રતિ ગીતાના બે અધ્યાયનો ક્રમવાર પાઠ કરવાનો નિયમ રાખો; ૐ મંત્રની ૫ થી ૧૧ માળા ઉઘાડે નેત્રે એ મૂર્તિ અથવા પ્રતિમા સામે સ્થિર દૃષ્ટિ રાખીને ફેરવો.

ધ્યાનમાં ચિત્તની એકાગ્રતા કેમ થાય એ તમને અનુભવથી સમજાયું એ ઠીક થયું. આપણા પૂર્વજોએ મૂર્તિપૂજા, દેવદર્શન,

કથાશ્રવણ, મંદિરમાં જઈને પાઠપૂજા વગેરે કરવાના નિયમ વગેરે ધ્યાનમાં જે ભક્તિની આવશ્યકતા છે તે વધારવા માટે રાખ્યા છે. હાલના સમયમાં એ સ્થાનોની વિપરીત દશા હોય, તેથી કાંઈ એ સિદ્ધાંત ખોટો ઠરતો નથી. ઘરમાં દેવપૂજા જેવું કંઈ હોય તો ઠીક, નહિ તો તરત જ ગોઠવણ કરી લેશો ને તેની પાસે તમારા અંતરની પ્રાર્થના કરશો.

જીવનમાં ઘણી વાર આપણને જે અશાંતિ દેખાય છે, તેનાં કારણો વ્યવહારમાં શોધી શકાય એવાં હોય છે. એને માટે વ્યવહારમાં જ યોગ્ય પરિવર્તન કરવું જોઈએ.

કેટલીએક ભોગની વાસનાઓ તો આપણાં તન-મન-ધનનો ભોગ માગીને જ અન્તે દુઃખ આપી ત્યાગનો ઉપદેશ આપે છે. અને ત્યાર પછી જ કદાચ વાસનાથી નિવૃત્ત થવાય છે. જ્ઞાન-વૈરાગ્યથી શુદ્ધ વાસનાઓને શાસ્ત્રોક્ત માર્ગે પોષણ મળવું જોઈએ. તમારે તમારો માર્ગ નક્કી કરી લેવો જોઈએ. એ નક્કી નહિ થાય ત્યાં સુધી કેવળ જપધ્યાન ફળીભૂત થશે જ નહિ. માટે એ વાતનો જલદી નિર્ણય કરી નાંખો.

(૨)

૨૮ ૯-૩૧

લોકસેવાના ક્ષેત્રમાં ચિત્તની પ્રસન્નતા રહે, શરીર નીરોગી રહી એમાં સાથ આપ્યા કરે, અને અનુકૂળ સહાયકો મળે, તો એ માર્ગ ખોટો નથી. શું પ્રવૃત્તિ કે શું નિવૃત્તિ, બન્ને સાધનમાર્ગમાં આત્મતૃપ્તિનું જ લક્ષ્ય હોય એટલે બસ. એ સિવાયનાં માયાવી લક્ષ્ય બાંધ્યાં હોય, તો જન્મજન્માન્તરે પણ એમાંથી કલેશ અને વિષાદ વિના ભાગ્યે જ કંઈ અન્ય ફળ પ્રાપ્ત

થાય છે. ઘણાને સકામ ભાવનાની તૃપ્તિ-અતૃપ્તિમાંથી વિષાદ થાય છે અને એ વિષાદને પરિણામે જ માયાવી જગતનો વૈરાગ્ય આવે છે. જેટલા પ્રમાણમાં ચિત્ત એમાંથી પાછું પડે છે, એટલા પ્રમાણમાં એ આત્માભિમુખ થાય છે. આ દૃષ્ટિએ આપણે જગતના સમસ્ત જીવાત્માઓ એ જ માર્ગે વહેલા મોડા ચડશે એમ માનીને શાંતિથી એમને માટે રાહ જોવાની છે. કોઈને માટે આગ્રહ શા માટે કરીએ? વાર્યું નહિ પણ હાર્યું કરવાનો જીવાત્માનો સ્વભાવ છે. કોઈ કાળે એ સ્વભાવ બદલાય તેવો નથી. પણ આથી કંઈ તમારે માટે આ આક્ષેપ છે એમ સમજવાનું નથી. તમે સમજુ છો. બધી વાત સમજે એવી બુદ્ધિ સૂક્ષ્મ છે. પરમાત્માએ કે પ્રારબ્ધે ઉત્તમ કુળ, ધનવાન કુટુંબ અને સાત્ત્વિક સ્નેહીઓનું મંડળ આસપાસ ગોઠવી આપ્યું છે; એ બધાંનો સંપૂર્ણ લાભ તમે લ્યો, એટલી પ્રાર્થના, સૂચના કે આગ્રહ કરવાનું સહેજે મન થાય છે. પરમાત્મા એમાં બધી અનુકૂળતા કરી આપે, એવી શુભેચ્છા રાખીને જ અત્યારે વિરમું છું.

ઉપનિષદ્ વગેરે અધ્યાત્મ શાસ્ત્રોમાં, જેને આન્તરવૈરાગ્ય ન હોય તેવા ગૃહસ્થાશ્રમીને પણ આવશ્યક વયે વાનપ્રસ્થ દ્વારા સંન્યાસનો વિધિ કે આજ્ઞા કહેલાં છે; પણ **यद् विरजेत् तद् विहरेत्** એ વાક્યદ્વારા જ્યારે, એટલે કે જે આશ્રમમાં વૈરાગ્ય થાય ત્યારે ત્યાગ કરે, એવું સ્વાભાવિક પ્રમાણ પણ છે. વિરક્તને ગૃહસ્થાશ્રમમાં જ રહેવાનો વિધિ નથી; ગૃહસ્થાશ્રમ પૂરો કરી, આંતરવિરકિત જ ન હોય તોપણ બાહ્ય સંન્યાસનો વિધિ છે. એક આશ્રમમાંથી બીજા આશ્રમમાં જઈ છેવટે સંન્યસ્ત આશ્રમ સુધી પહોંચવું એ ક્રમ-સંન્યાસ એટલે ફરજિયાત સંન્યાસ છે; જ્યારે ગમે તે આશ્રમમાંથી વૈરાગ્ય આવે, ત્યારે ચતુર્થાશ્રમમાં કૂદી

પડવું, એ વિહંગમ માર્ગનો સંન્યાસ, એટલે મરજિયાત સંન્યાસ છે. પહેલામાં જ્ઞાન વૈરાગ્ય કેળવવા માટેની તૈયારી છે, બીજામાં આંતરિક વૈરાગ્યનું બાહ્ય પ્રકટીકરણ છે.

(૩)

૧૮-૧૨-૩૧

ભિન્ન ભિન્ન દેશકાળમાં વૃત્તિ અને વ્યવહાર સમાન દેખાય એમાં પેલા હિરણ્યગર્ભની જ લીલા સમજવાની; એનું મન એ તો બધાયનું અધિષ્ઠાન, એટલે એને બધું યે બધેય વખતે, બધે કરવાની છૂટ, પણ ધ્યાનમાં રાખજો કે સ્વરૂપે તો તમે કે બધાયથી પર, કેવળ, એક પ્રકાશમાત્ર છો; એમાં નથી દેશ, કાળ, વસ્તુ કે નથી એના પરિચ્છેદ.

સમાધિમાં કેવલ બનીને રહો છો, સુષુપ્તિની ઊંઘમાં કપડાંનું ભાન નથી હોતું પણ શરીર પર જ પડયાં હોય છે તેમ, અવિદ્યાને સોડયમાં ઘાલીને સૂઈ રહો છો. સ્વપ્નજાગ્રતમાં એ અવિદ્યાના દૃષ્ટાદૃશ્યરૂપે વિભાગ કરીને વ્યવહાર કરો છો. એમાં તમે ચિત્-ચૈતન્યરૂપે પ્રકાશ કરો છો ત્યારે જ એનો વ્યવહાર થાય છે. અને વ્યવહારમાં યોજવી પડતી વૃત્તિઓમાં પણ તમે તૈલધારાવત્ સ્વરૂપ જ્ઞાનરૂપે, સદાસર્વથા અનુસ્યૂત છો. આમ તમારી સમાધિ તો અવિચ્છિન્ન છે. એ અવસ્થાઓ ભલે બદલાય, તમે બદલાતા નથી. એને પહેલાં કોઈ કાળે (અનાદિ) કલ્પનારૂપે ઊભી કરી છે, એટલે વર્તમાન શરીરના અન્ત પર્યન્ત ભાગ ભજવશે. પછી તો તમે શિવઃ કેવલોઽહમ્ ૐ.

શાંકરભાષ્યની ખૂબી કંઈ ઓર જ છે. એમાં ભાષા અને ભાવ બન્નેની સરળતા તથા ઉચ્ચતા છે. અને એટલા માટે રસસ્વરૂપનું અપરોક્ષ જ્ઞાન થવા માટે એ સર્વ શ્રેષ્ઠ સાધન છે. એક માત્ર આત્મતત્ત્વને લક્ષ્ય રાખીને ઉપનિષદો જ્યાં આ સમસ્ત પ્રપંચનું અધ્યારોપ અપવાદ ન્યાયે સમાધાન કરે છે ત્યાં કમાલ કરે છે.

પ્રારબ્ધનો ઘાટ ઈશ્વરે ગોઠવી જ રાખ્યો છે. ૐ

3

(૧)

૯-૧૨-૩૧

મુખ્ય વાત તો એ છે કે, વ્યવહારકાળે આત્મભાવના દૃઢ રાખવી જોઈએ. અમુક જાતના આપણા શુભ સંકલ્પ પરિપકવ થઈ જવા જોઈએ.

હું શુદ્ધ, બુદ્ધ, મુક્ત, સચ્ચિદાનન્દ આત્મા છું. કારણ શરીરથી લઈને સમસ્ત બ્રહ્માંડ દૃશ્ય છે, તેથી એ સ્વપ્નવત અનિત્ય છે; આ ઇન્દ્રિયોદ્વારા થતો આભાસ કેવળ મિથ્યા, તુચ્છ છે, અને આ શરીરનો અંત આવતાં એ સમસ્ત મહા સ્વપ્નનો પણ અંત આવવાનો છે. આવી તટસ્થ વૃત્તિ રાખીને સાક્ષીભાવે વ્યવહાર કરવો જોઈએ.

જપમાં તેમ જ ધ્યાનમાં થોડી વધારે પ્રવૃત્તિ રહેવી જોઈએ, કારણ કે એથી ચિત્તની સ્થિરતા વધે છે અને સ્થિરતા વિના સાક્ષીભાવ નિભાવી શકાતો નથી, તેથી એની ખાસ આવશ્યકતા છે.

સમસ્ત સત્તામાં એક જ આત્મસત્તાની જ પ્રતીતિ કરતા હશો. આભાસ માત્ર મિથ્યા છે, અનિત્ય છે, તુચ્છ છે એવી ભાવના રાખતા હશો અને શાન્તિપૂર્વક દિવસો નિર્ગમન કરતા હશો.

(૨)

૧૭-૯-૩૨

નિત્ય નિયમિત રીતે પાઠપૂજાને સમયે ૐના અમુક સંખ્યામાં જપ તથા એનું ધ્યાન કરવું જોઈએ. પછી એ ૐને જ પોતાનું સ્વરૂપ માની, એ ૐ હું જ છું અને ૐ બ્રહ્મ સ્વરૂપ છે, હું તેમ જ સમસ્ત દૃશ્યપ્રપંચ ૐ છે, બાહ્ય દેખાતાં નામરૂપ એ ૐકારના જ આકાર છે, એવું મનન-નિદિધ્યાસન થવું જોઈએ. જીવનમાં સંયમ આવવો જોઈએ અને પ્રાપ્ત વ્યવહારમાં કંટાળો ન આવતાં સ્વધર્મ સમજીને શાંતિપૂર્વક, નિરાસક્તભાવે એનો નિર્વાહ કરવો જોઈએ. મોક્ષમાં કશું યે પ્રાપ્ત કરવાનું નથી. હું કોણ? એટલું જાણવું, એ તો આપણી અંતઃકરણની વૃત્તિનું કામ છે. એ આત્માકાર વૃત્તિ કેળવાય, એટલે કે વિપરીત ભાવના નાશ પામે. બધાં શ્રવણ-મનન-નિદિધ્યાસનનો ત્યાં સુધી જ ઉપયોગ.

(૩)

તા. ૯-૧૧-૩૨

જ્ઞાનેશ્વરી ગીતા તથા વેદાનુવચન અવકાશે વાંચતાં હશો એમ માનું છું. વેદાનુવચન ગ્રંથમાં કેટલીએક વાતો પહેલી વાર વાંચતાં કદાચ નહિ સમજાય, પણ બીજી કે ત્રીજી વાર વાંચશો એટલે ઠીક સમજાઈ જશે. જ્ઞાનેશ્વરી ગીતાનો તો નિત્ય સવારમાં પૂજા વખતે બેથી પાંચ પાનાં અવકાશ પ્રમાણે, પાઠ કરવાનો નિયમ રાખો તો ખોટું નહિ. જપ મેં લખ્યા છે તે પ્રમાણે કરશો, તે ઉપરાંત રાત્રે સૂતી વખતે પરમાત્માના ૐ સ્વરૂપનું શાંત અને ગંભીર ચિત્તે ધ્યાન તથા તેની પ્રાર્થના કરીને જ પછી સૂવાનો નિયમ રાખશો.

સંસારનો વ્યવહાર સંભાળપૂર્વક નિભાવવો. પ્રારબ્ધના ભોગયોગ પ્રમાણે એ તો અવશ્ય ચાલ્યા જ કરવાનો છે. મનમાંથી એને માટેની ચિંતા તથા ખેંચતાણ કાઢી નાંખવી. બધા સંસારનું, જન્મમરણનું, સુખદુઃખ વગેરે દ્વંદ્વોનું મૂળ મન છે. બાહ્ય શરીર અને બાહ્ય જગત તો નિમિત્ત માત્ર છે. સ્વપ્નાવસ્થામાં બાહ્ય જગતનો અભાવ હોવા છતાં સુખદુઃખ હોય છે. એથી એ મનને જ સમજાવીને વશ કરવાનું છે. જેમ જેમ શ્રવણ-મનન-નિદિધ્યાસન થતાં જશે, તેમ તેમ આનંદ વધતો જશે ને વ્યવહારમાં પણ ઉપાધિનો ભાર નહિ લાગે.

(૪)

૧૭-૧૧-૩૨

જ્ઞાનેશ્વરી ગીતા અને વેદાનુવચન વાંચવાનો અવકાશ નથી મળતો તે જાણ્યું. તમારા ધંધામાં વાંચવા માટે વખત ઓછો મળે એ સ્વાભાવિક છે. ખરું કામ કાંઈ વાંચવાનું જ નથી. મનને સુધારવું, એને નીતિને રસ્તે ચાલતાં શીખવવું, અને પરમાત્માનું સ્મરણ કરવું. આ બધો સંસાર પરમાત્માનું જ્ઞાન પ્રાપ્ત કરવાની નિશાળ છે અને એમાં જ આપણે આત્મજ્ઞાન પ્રાપ્ત કરી શાંતિ મેળવવાની છે એ લક્ષ્યમાં રાખવું. એને જ જીવનનો ઉદ્દેશ માનવાનો છે.

માણસને જો કે બધા ભોગ પ્રારબ્ધવશાત્ પ્રાપ્ત થાય છે, પણ જ્યાં સુધી સંપૂર્ણ આત્મતૃપ્તિ ન લાગે અને આત્મજ્ઞાન માટે આપણે જિજ્ઞાસુ તરીકે શ્રવણ-મનન-નિદિધ્યાસન કરતા હોઈએ, ત્યાં સુધી જો એ પ્રારબ્ધ આપણા માર્ગમાં વિઘ્ન

કરે એવું હોય, તો એમાં અવશ્ય ફેરફાર કરવાનો પ્રખર પુરુષાર્થ કરવો જોઈએ.

મુમુક્ષુને માટે વિવેક, વૈરાગ્ય, શમાદિ ષટ્સંપત્તિ અને મુમુક્ષુતા એ અત્યંત મહત્ત્વનાં પ્રાથમિક સાધનો ઋષિઓએ કહ્યાં છે. નિત્ય અને અનિત્ય, અનાત્મા અને આત્મા, ધર્મ અને અધર્મ, સત્ય અને અસત્ય, જ્ઞાન અને અજ્ઞાન, પાપ અને પુણ્ય, પ્રવૃત્તિ અને નિવૃત્તિ–એની પૂરેપૂરી ઓળખાણ પડે ત્યારે આપણામાં વિવેકનો ઉદય થયો કહેવાય. વિવેક વિનાનો વૈરાગ્ય નકામો છે. વિવેક ન હોય તો આપણો વૈરાગ્ય ઢંગધડા વગરનો થઈ જાય છે. ન કરવો હોય તેનો ત્યાગ આપણે કરી બેસીએ છીએ, અને પરિણામે અશાંતિ ઉત્પન્ન થાય છે. આવો વિવેક કેળવ્યા પછી ત્યાગ કર્યો હોય, તો જ વૈરાગ્ય દૃઢ થાય, અને પછી અનાત્મ વિષયના ત્યાગવૈરાગ્ય દ્વારા ચિત્તમાં શાંતિ આવે એ શમ કહેવાય છે.

જેમ જેમ અનાત્મવિષય પ્રતિ વૈરાગ્યદ્વારા ચિત્તમાં શમ વધતો જાય, તેમ તેમ બાહ્ય ઇન્દ્રિયો વિષય પ્રતિ ન ખેંચાતાં પોતપોતાના સ્થાનમાં સ્થિર થઈને બેસે ત્યારે એ દમ કહેવાય છે.

ત્યાર પછી આ શમ અને દમ આગળ જતાં ચિત્તની શાંતિ અને ઇન્દ્રિયોનો અનાત્મા વિષયો પરત્વેનો સંયમ વધે છે, ત્યારે ચિત્ત બધા અનાત્મવિષયથી પાછું હઠે છે. એને અસત્ વ્યવહાર અને અનાત્મ વિષયો પ્રતિ રુચિ થતી નથી, અને હંમેશાં એના પ્રતિથી પાછું ફરીને કેવળ ઈશ્વર પ્રતિ ખેંચાય છે,

એનું નામ છે ઉપરતિ; રતિ એટલે પ્રીતિ, જે પહેલાં વિષયમાં રતિ એટલે પ્રીતિ હતી તે હવે હઠી ગઈ એટલે એ ઉપરતિ.

ઉપરતિને પરિણામે પ્રારબ્ધવશાત્ સુખદુઃખ આદિ દ્વંદ્વના ભોગ આવે, આધિ-વ્યાધિ-ઉપાધિ આવી પડે, એને સહન કરવાની અંતરમાં સ્વાભાવિક જ્ઞાન અને વિવેક વડે શાંતિ આવે, એમાં ગભરાઈ ન જતાં અંતરમાં શોકમોહ ખટકતાં બંધ થાય એનું નામ તિતિક્ષા છે.

એ તિતિક્ષા વડે સંસાર હમેશાં અનિત્ય છે, નાશવાન છે, મિથ્યા છે, સ્વપ્ન જેવો છે, અને કેવળ ઈશ્વર જ સત્ય છે એવી ખાતરી થાય એનું નામ સમાધાન.

અને એ સમાધાનના અનુભવમાંથી પછી શાસ્ત્ર તથા ગુરુ-વાક્યમાં વિશ્વાસ આવે એ શ્રદ્ધા.

વિવેક, વૈરાગ્ય અને શમાદિ ષટ્સંપત્તિ કેળવાય; પછી ત્રિતાપના ભરેલા સંસારમાંથી નિત્યને માટે છૂટવાની ઈચ્છા થાય એ મુમુક્ષુત્વ. આવી સાધનસંપત્તિ પ્રાપ્ત થાય, ત્યારે જ આપણે શ્રવણ-મનન-નિદિધ્યાસનના અધિકારી થઈએ.

વ્યવહારમાં જેટલી બને તેટલી સરળતા અને નીતિમત્તા પાળવાથી આ સાધનસંપત્તિ સરળતાથી પ્રાપ્ત થાય છે. ગીતામાં કહેલી દૈવી સંપત્તિ પણ એ જ છે. આ બધાં સાધન ધૈર્ય વડે કેળવવાં. ઉતાવળથી કશું કામ બનતું નથી. પરમાત્મા તથા શાસ્ત્ર પર અચળ શ્રદ્ધા રાખીને ભક્તિપૂર્વક આ સાધન પ્રાપ્ત કરવાં વ્યવહાર ચલાવવો અને એમ કરતાં કરતાં પણ રોજના અમુક કલાક નિવૃત્તિપૂર્વક વાચનમાં ગાળવા એવું જો લક્ષ્યમાં રાખશો

તો અવશ્ય આત્મજ્ઞાનનો લાભ થશે. પાઠપૂજા, જપ, તપ, વ્રત—એ બધાંનું ફળ પણ ત્યારે જ મળ્યું કહેવાશે. પરમાત્માએ આટલે સુધી આ માર્ગ ઉપર મૂકયા છે, તો આગળ પણ એ અવશ્ય લઈ જશે, એવી શ્રદ્ધા રાખશો.

( ૫ )

૧૩-૧૨-૩૧

સંસારમાં ઉપાધિ પ્રત્યેક મનુષ્યને આવે જ છે. ઉપરાંત એ પણ અનિવાર્ય સત્ય છે, કે એમાંથી એ આત્મજ્ઞાન વિના નિત્ય મુક્ત થઈ શકતો નથી. મનુષ્ય તો એ કહેવાય કે જે એ ઉપાધિઓને શાંતિ અને આનંદપૂર્વક સહન કરે, ભવિષ્યને માટે સત્કર્મ અને સદ્વ્યવહાર કરવામાં પાછો ન પડે, અને એ બધાંને સ્વપ્નવત્ મિથ્યા માની કેવળ આત્મસ્વરૂપની ભાવનાદ્વારા આ જન્મમરણના ચક્રરૂપ સંસારમાંથી મુક્ત થવા કટિબદ્ધ થાય. બાકી ખાનપાન, ઘરબાર, છોકરાંછૈયાં, પૈસોટકો, મારુંતારું એ તો પશુઓ પણ કરે છે. પક્ષીઓ ઘરબાર બાંધે છે, સામગ્રી એકઠી કરે છે, પોતાનાં બચ્ચાંકચ્ચાંને પાળે છે, કીડીઓ સંગ્રહ કરી રાખે છે, મારુંતારું પણ એમને હોય છે, ખાનપાન આદિ અન્ય વિષયવ્યવહાર સેવે છે, જ્યારે મનુષ્ય પણ એવી જ જાતનો વ્યવહાર કરે ત્યારે મનુષ્યજન્મ પામ્યાનું સાર્થક શું? આપણે એથી વિશેષતા શું કરી? માટે એ વિષયમાં તો હમેશાં ચેતતા રહેવું જોઈએ.

ચિ................ ને એટલું સમજાવવું કે સંસારની ગમે તેટલી ઉપાધિમાં પણ ગભરાયા વિના હિંમતથી ભાર ઉપાડે, ક્રોધ ન કરે, કંટાળે પણ નહિ. શાંત ચિત્તથી એ બધું સહન કરે અને એમાંથી આનંદપૂર્વક પાર નીકળતાં શીખે. સુખ કે દુ:ખ

એમાંથી એકેય નિત્ય નથી. બન્ને આવવા-જવાના સ્વભાવવાળાં છે. એનો દૃષ્ટા માત્ર નિર્લેપ છે. આ શરીરમાં જ આપણે આત્મ-સ્વરૂપે જુદા છીએ, નિત્ય છીએ, સુખદુઃખથી મુક્ત છીએ એવી ભાવના કેળવવાની છે. ૐ

( ૬ )

૨૩-૧-૩૨

ચિ. સૌ....ને એટલામાં સંતોષ છે, અને એનો હિસાબ (મનોવૃત્તિ) શ્રી....ના શબ્દોમાં ગરોડાના જેવો છે, એમ તેઓ લખે છે. એક તરફ ગરોડાની જેમ અલ્પસંતોષી કહે છે, ત્યારે બીજી બાજુ એ નિત્ય અસંતોષી છે એમ પણ કહે છે. એ બેમાંથી અલ્પ અને નિત્ય બે શબ્દો કાઢી નાખીએ, તો છેવટે સંતોષી અને અસંતોષી વચ્ચે પસંદગી કરવી હોય તો, સંતોષીની જ કરવી જોઈએ, એ દીવા જેવી વાત છે. કહેવાનો ભાવાર્થ એવો નથી કે, વિશેષ ધનને માટે પુરુષાર્થ ન કરવો. સદુપયોગને માટે જેટલું વધારે મેળવાય તેવો પુરુષાર્થ કરવો, પણ જે સ્થિતિ છે તેમાં ચિત્તમાં સંપૂર્ણ સંતોષ રાખીને રહેવું. થનાર અન્યથા કે મિથ્યા થવાનું નથી. જે કાળે પરમાત્મા (વા પ્રારબ્ધના સંસ્કાર) જેવી બુદ્ધિ આપે, તે કાળે તેવી રીતે સાવધાનતાપૂર્વક રાગદ્વેષ વિનાનું વર્તન રાખો; અને જેવા પ્રારબ્ધ ભોગ આવે તેમાં સમદૃષ્ટિ રાખીને સુખ અને દુઃખ, બન્ને ભોગવતાં શીખો. સુખમાં લોભ, અસંતોષ અને અભિમાન ન વધે, અને દુઃખમાં ક્લેશ, મોહ અને પામરતા ન આવી જાય એની કાળજી રાખવી જોઈએ. બહારની વ્યાવહારિક અવસ્થામાં સમદૃષ્ટિ આવવી જોઈએ; એનાથી પ્રાણીમાત્રમાં એક જ પરમાત્મા વ્યાપ્ત છે, એવી આત્મભાવના રૂપી સમદૃષ્ટિ કેળવાશે.

ગમે તે દેશકાળમાં પંચભૂતનું શરીર જન્મે, રહે, પોષાય, વધેઘટે અને છેવટે લય પામે, તો પણ એ પંચભૂતમાં જ રહેશે. એનાં ઉત્પત્તિ, સ્થિતિ, લય, પંચભૂતમાં જ છે એ ચોક્કસ છે. વળી એ પંચભૂતનાં ઉત્પત્તિ, સ્થિતિ અને લય વસ્તુતઃ તો પરમ તત્ત્વમાં જ છે

હમણાં અહીં માંડૂક્ય-કારિકા કોઈની સાથે વંચાય છે. ભગવાન ગૌડપાદ દ્વૈતનો ઇશારો પણ ટકવા દેતા નથી. જેવું ઉપનિષદ્ તેવી જ સુંદર કારિકા અને તેવું જ અલૌકિક ભગવાન શંકરનું ભાષ્ય. એ ત્રિવિધ અલૌકિકતામાં અજાતિવાદ સ્પષ્ટ લક્ષ્યમાં આવે છે.

*

# ૪

(૧)

તા. ૨૮-૧-૩૨

વ્યવહાર સર્વત્ર એવો જ છે. પ્રકૃતિ ત્રિગુણાત્મક જ છે; કેવળ સત્ત્વગુણના દર્શનની જ આશા બાંધવી એ ભયંકર અજ્ઞાન છે. એમાંથી દોષદૃષ્ટિનાં મૂળ જામે છે, બીજાના રજોગુણ તમોગુણની ચર્ચા કરવા જતાં પોતે જ રજોગુણી તમોગુણી બની બેસે છે. બધાં ખરાબ છે, કોઈ સારું નથી, એવી દોષદૃષ્ટિ વધી જાય છે. વેદાન્તમાં કોઈ પણ મહાન વિઘ્ન હોય તો આ દોષ-દૃષ્ટિ છે. પ્રકૃતિના પ્રદેશમાં આપણે ઊંડા ઊતરવા જઈએ, તો ખરડાયા વિના એનો તાગ જ ન આવે. પાણીને માપવા જવું એટલે પાણીમાં પલળવું જોઈએ.

બ્રહ્મભાવ-અબ્રહ્મભાવને જવા દઈએ, તો પ્રકૃતિના દોષ તો બધે એક સરખા; એક ઠેકાણે વ્યવહારનું અત્યંત અજ્ઞાન, બીજે ઠેકાણે અમર્યાદિત કુશળતા માટે યુદ્ધ. જો બન્ને ઠેકાણે મર્યાદિત કાર્યકુશળતા હોય તો આવું ન થાય.

( ૨ )

તા. ૨૯-૧-૩૨

કર્મ (નિષ્કામ) અને ઉપાસના (સગુણ)માં મોટા પ્રમાણમાં સગુણ ઈશ્વરની પૂજાનો જ કર્મકાંડમાં સમાવેશ થાય છે. સગુણ ઈશ્વરની મૂર્તિનાં ચિત્તમાં સૂક્ષ્મ રૂપે અહોનિશ દર્શન કર્યા કરવાની તાલાવેલી હોય છે. કોઈ એવા દિવ્ય પરલોકની કલ્પના સાધકના ચિત્તમાં ઊભી થાય છે. આ શરીરના ત્યાગ પછી ત્યાં જઈને હું નિત્ય મારા ઈશ્વર સાથે રહીશ, અને જેવાં આહાર, વિહાર આ દેહમાં કલ્પેલાં હોય છે તે બધાં ત્યાં જોવાભોગવવા મળશે એવી આશાતૃષ્ણામાં એ ઉપાસક વર્તમાનમાં કઠોર તપશ્ચર્યા ને ત્યાગ પણ કરે છે. આવો સકામ સાધક કઠોર તપસ્વી કે વિરક્ત ભક્ત તરીકે વર્તે છે.

બીજું કર્મકાંડ વેદોક્ત હોય છે, જેનો તો અત્યારે ઘણોખરો લોપ જ થયો છે. એમાં ષટ્કર્મ (વૈદિક) કરવાનાં; પંચ દેવની ઉપાસનાપૂજા કરવી ને મરણ પછી ઉત્તરાયનને માર્ગે સૂર્યલોક દ્વારા બ્રહ્મ(બ્રહ્માના)લોકની પ્રાપ્તિ કરવાની આશાતૃષ્ણા રહેલી હોય છે. એ કર્મકાંડ (સકામ)માં પણ ભિન્ન ભિન્ન પ્રકારના મહાન યજ્ઞો સ્વર્ગમાં સુખ ભોગવવાની વાસનાથી કરાય છે. આ જન્મમાં કરેલાં મોટાં દાનપુણ્યનો પણ એમાં સમાવેશ થાય છે. ભાવિ જન્મમાં હજારગણું મેળવવાની વાસનાથી કરેલાં દાનપુણ્યની પદ્ધતિનો આમાં સમાવેશ કરી શકાય. યજ્ઞની પદ્ધતિ તો આજકાલ નાશ પામી છે, પણ સકામ દાનપુણ્યની પદ્ધતિ હજુ જોવામાં આવે છે. સકામ કર્મનો મુખ્ય અર્થ જ એવો પ્રચલિત થયો છે કે, ઈશ્વરનું સ્મરણ અથવા જપ, તપ, દાન, પુણ્ય, સેવા,

સત્સંગ કરીને આ સંસાર (આ જન્મ) અથવા પરલોકમાં (બીજા જન્મમાં) એના બદલા રૂપે સુખની આશા રાખવી. સકામ કર્મયોગી કે ઉપાસકને હમેશાં લોકપરલોક સત્ય લાગે છે. શરીરની નિત્યતા એના ચિત્તમાં એવી તો ઘર કરીને બેઠેલી હોય છે કે, દેહ, દેહભોગ અને એ બન્નેના રક્ષક, પોષક પરમાત્માની પ્રાર્થનાસેવાને જ એ સર્વસ્વ માને છે. ભોગબુદ્ધિ જ એમાં પ્રધાન હોય છે. ત્યાગ કે વૈરાગ્ય તો એમના ચિત્તમાં લવલેશ પણ હોતો નથી.

ઉપાસના (સગુણ)ની વાત ઉપર આવી ગઈ. હવે નિર્ગુણની વાતનો વિચાર કરીએ પરલોકમાં પોતાનાથી ભિન્ન એવાં, દૃશ્ય-સ્વરૂપ કોઈ પંચભૌતિક સૂક્ષ્મ અને દિવ્ય નામરૂપવાળા જગત, જીવ કે ઈશ્વરની આશા છોડાવવા માટે, ઉપનિષદો એવી સ્પષ્ટતા કરે છે કે, સમસ્ત નામરૂપ વાણી માત્ર છે. વાણીનો જ વિકાર છે, એકમાત્ર ત્રણેનું અધિષ્ઠાન અભેદ અને સત્ય છે. નામ ને રૂપ હમેશાં એક સાથે જ હોય છે. એમાં અભેદ સ્વરૂપ આત્મજ્ઞાન મેળવવાનું છે. વ્યવહારમાં રખાતાં નામ (મનુષ્યકૃત આકાર) રૂપ અહીં સમજવાનાં નથી, પણ ધ્વનિરૂપ નામ અહીં લેવાનું છે. એટલે કે ૐકાર શબ્દનો બોલવાથી થતો જે ધ્વનિ, એના રૂપમાં સમસ્ત બ્રહ્માંડની પ્રતીકરૂપે એકતા આવી જાય છે. આ જલદી સમજી શકાય તેવું નથી. તેથી સાધારણ બુદ્ધિના સાધકોએ કેટલીએક વાતો શ્રદ્ધા રાખી માની લેવાની હોય છે. શાસ્ત્રોમાં એનું બધું સમાધાન છે. પણ તમારા જેવાને અત્યારે ક્યાંથી એ બધાના અભ્યાસ માટે અવકાશ મળે ?

નામરૂપમાં આસક્તિવાળા રજોગુણી, વિલાસમય શરીરમાં ભોગ-બુદ્ધિ. વૈભવ, વિભૂતિ કે ઐશ્વર્યમાં મુગ્ધ રહેનારા જીવાત્માઓને

ભગવાનનાં દર્શનની જ વધારે તૃષ્ણા રહ્યા કરે છે. ભોગ એટલે જ વિષયી પદાર્થોનું ઐશ્વર્ય. એવું સંપૂર્ણ ઐશ્વર્ય જે એક શરીરમાં સંપૂર્ણપણે હોય તે ભગવાન એવો અર્થ ેઓ કરે છે. ઐશ્વર્યનો મોહ છોડાવવા માટે ઉપનિષદો પહેલાં સગુણરૂપે ૐ-નાં નામરૂપ રાખે છે અને એના જ જપમાં તથા ધ્યાનમાં સાધકને પ્રવૃત્ત કરાવે છે.

એવી સગુણ સાધનાની સાથે સાથે સાધકને પ્રથમથી , આત્મસ્વરૂપ વિના અન્ય સમસ્ત પ્રપંચ, દૃશ્યમાત્ર, મિથ્યા અને અસત્ છે એમ શીખવવામાં આવે છે; આગળ વધતાં ૐકાર પણ દૃશ્ય છે, તેથી સત્ છે કે અસત્ એવી શંકા ઉત્પન્ન ાય, ત્યારે અભેદદર્શી ઋષિઓ સ્પષ્ટ કહે છે કે, એ ૐકાર ામબ્રહ્મ છે, એનો ધ્વનિ (નાદ) રૂપબ્રહ્મ છે. એ ૐકારના જપ થા ધ્યાનથી વૃત્તિજ્ઞાન ધીરે ધીરે દૃઢ થતાં ફળજ્ઞાન રૂપે જે ત્ત્વનિષ્ઠાવાળો ઉપદેશ આપ્યો છે, તેમાં નિષ્ઠા થશે. તાત્પર્ય એ ૐ આત્મસ્વરૂપ બ્રહ્મ છે, સર્વનું એકમાત્ર અદ્વિતીય ધિષ્ઠાન છે, જેની પ્રાપ્તિ માટે કોઈ પરલોકના સુખની આશા ખવાની નથી; આત્માથી એ અભિન્ન છે; આત્માના અજરઅમર ભાવ પ્રમાણે તમારે કે ૐ-ને ક્યાંય જન્મમરણનાં આવાગમન ી; પરલોકમાં સ્વર્ગ, વૈકુંઠાદિમાં સુખ મળશે એવી આશામાં વાનું નથી. સ્વરૂપજ્ઞાનના અભેદ સંસ્કારો ચિત્તમાં પડવા માંડે, રથી એવો એકડો ઘૂંટવાનો છે કે, હું જ ૐ સત્-ચિત્ ાનંદ છું. આનંદની ભાવિ આશા નહિ, પણ આનંદ છું; ્યુ નથી પણ હું નિત્ય છું (સત્); અજ્ઞાન કે જડ નથી, હું ા (ચિત્) છું, શોક, મોહ કે દુઃખ નથી કે જેથી ભવિષ્યના ખની આશા રાખું, હું સુખ (આનંદ) છું. આવી રીતે

ૐકારના સાધનવાળી આ નિર્ગુણ ઉપાસના સ્વાભાવિક રીતે જ નિષ્કામ છે, પરલોકના સુખની, અન્ય જન્મની, કોઈપણ જાતના નિરર્થક કાયાકષ્ટની એમાં જરૂર નથી; કેવળ શુદ્ધિબુદ્ધિના વિજ્ઞાનપૂર્ણ વિચાર માત્રથી સાધ્ય થાય એવી એ સરળ અને સ્પષ્ટ સાધના છે.

એને માટે ચિત્ત પૂર્ણ નિષ્કામ હોવું જોઈએ, ઇંદ્રિયોના એક પણ ભોગની અંદરના ખૂણેખૂણામાંથી ગંધ નીકળી જવી જોઈએ. માનઅપમાન, રાગદ્વેષ શોકમોહ, ઇત્યાદિ પરિતાપ નિર્મૂળ થવાં જોઈએ. કોઈપણ દૃશ્યપ્રપંચમાં આસક્તિ ન રહેવી જોઈએ. સમસ્ત દૃશ્યપ્રપંચને વિનાશી, સ્વપ્નવત્ અને મિથ્યા માનવો જોઈએ. જાગ્રત અવસ્થા અને એના શુદ્ધ વ્યવહારને પણ સ્વપ્ન સમાન માનીને મુક્ત જીવનનો બ્રહ્માનંદ મ્હાણવાનો છે. જીવનની સરળતા વિના શાંતિ પ્રાપ્ત થવાની નથી.

આ સાધનની નિષ્કામતા કે ત્યાગવૈરાગ્યથી શરૂઆત જ થાય છે. સકામ ઉપાસના કે કર્મકાંડ, કંઈક પ્રાપ્ત કરવાની આશા કે ભોગ મેળવવાની લિપ્સા જેવી અશુભ વાસનામાંથી ઊભાં થતાં માન અપમાન વગેરે દ્વંદ્વો દેહાધ્યાસને અવલંબીને રહે છે. ભોગવાસનાના સંકલ્પ સાથેનાં જપધ્યાન વગેરે કર્મકાંડને બદલે એવી ભાવના રાખવાની હોય છે, કે સમસ્ત બ્રહ્માંડ અને બ્રહ્માંડનાં પ્રાણી માત્રને પ્રાપ્ત કરવાનું તત્ત્વ સચ્ચિદાનંદ હું છું. શરીર, અવસ્થા, કોશ, પ્રાણ, જ્ઞાનેન્દ્રિયો, કર્મેન્દ્રિયો, એ બધાથી પર, બધાથી મુક્ત, એવું પરમતત્ત્વ, હું છું; શાસ્ત્ર તથા ગુરુકૃપાથી મને એ જ સમજાયું છે (અર્થાત્ પરોક્ષ જ્ઞાન થયું છે). હવે એ જ્ઞાન દૃઢ થાય (અપરોક્ષ જ્ઞાન થાય માટે શ્રવણ,

મનન તથા નિદિધ્યાસનમાં સમય વ્યતીત કરવો જોઈએ. મારે કશું મેળવવાનું નથી, મારે કશું યે અપ્રાપ્ત નથી, મારે જન્મ-મરણ નથી, એવું નિદિધ્યાસન હંમેશાં કરતા રહેવું જોઈએ; મારે તો કેવળ સ્વરૂપવિસ્મૃતિની સ્મૃતિ કરવાની છે એવી સાવધાન સાધના કરવી જોઈએ

વેદાન્તના જિજ્ઞાસુઓ અને મુમુક્ષુઓ, નિરભિમાન રહીને, સ્વતંત્ર ભાવે શ્રવણ, મનન, નિદિધ્યાસનમાં પોતાના જીવનનો અમૂલ્ય સમય વ્યતીત કરે એવા સૌને ૐ અને આશીર્વાદ !

*

# ૫

(૧)

તા. ૧-૨-૩૨

ગ્રહો અનેક છે, જુદા જુદા ધર્મોવાળા છે એ વાત સાચી, પણ એ તો બધા પ્રાણીનાં ભૂતકર્મોની છાયા જેવા છે. જેવાં કર્મભોગ ઉદય થવાના હોય, તે પ્રમાણે એ વિચારછાયા જેવા ભાવ ભજવે છે. એ કર્મભોગનું મૂળ વાસના છે. વાસના છે ત્યાં સુધી કર્તાભોક્તાપણું છે. વાસનાનું મૂળ અવિદ્યા, માયા, અજ્ઞાન, તમસ્, મૂલપ્રકૃતિ છે. અવિદ્યા, વાસના, કર્મ, કર્મભોગના ચક્રમાં જ્યાં સુધી જીવાત્મા રહે છે, ત્યાં સુધી દ્વંદ્વભર્યા ભોગપદાર્થોનાં રમકડાં વડે રમ્યા કરે છે: જીવાત્માને રમાડનારી અવિદ્યાની રમત છે. એ લીલાના બ્રહ્મ (આત્મ) સ્વરૂપે અધિપતિ, અધિષ્ઠાન તમે પોતે જ છો. ખરી રીતે જુઓ તો અધિષ્ઠાન બ્રહ્મને એ અધ્યસ્ત અવિદ્યા શું હાનિ કરી શકે? મિથ્યા, અસત્ કલ્પનાના આશ્રયથી આભાસ જેવાં ઊભાં થયેલાં સમસ્ત બ્રહ્માંડ, અને એનાં બચ્ચાંકચ્ચાં જેવા નવ ગ્રહો પણ તમને શું કરે? એ બધી જાતના ખેલ કરે, સાત્ત્વિક ખેલમાં હસાવે, રમાડે, સુખ આપે; રાજસિક ખેલમાં જરા વિક્ષેપ કરાવે, ચંચળતા તથા ઉપાધિ દેખાડે અને તામસિક ખેલમાં મહાન દુ:ખરૂપ, બોજારૂપ, ભાર-

રૂપ જણાય. પણ એ ત્રણેમાં જો તમે તમારું અવિકારીપણું, (જે તમે પોતે વિશુદ્ધભાવે, સ્વભાવે છો જ) સમજીને સાચવી રાખો તો બિચારા કર્માધીન ગ્રહો કે એના ખેલ તમને શું કરવાના હતા? અચલ, અમર, આત્મસ્વરૂપે તમે પોતે કૂટસ્થ–એરણ જેવા છો, એના ઉપર તો પોતે જ અથડાઈ પડછાઈ કે તૂટીફૂટીને ચૂરેચૂરા થઈ જાય.

આમ તમે પોતે જ લીલા, ગમ્મત, સહજ ખેલ કે આનંદ કરો છો તે સારી વાત છે; પણ ગમ્મત મિથ્યા, ખોટી, કલ્પના માત્ર છે. ગમ્મતનું અધિષ્ઠાન જે આનન્દ છે એ જ સત્ય છે. પ્રત્યેક ક્ષણે કાલનો પ્રવાહ ભવિષ્યમાંથી ભૂતમાં તણાઈ જાય છે, એટલે વર્તમાન પણ કથનમાત્ર, શબ્દમાત્ર, વાણીનો વિકાર છે. છતાં કથનમાત્ર એટલું કે ભવિષ્ય હમેશાં વર્તમાનરૂપે પ્રત્યક્ષ વિદ્યમાન છે. અને ખરી રીતે જોતાં ભૂતવર્તમાન નથી તો ભવિષ્ય કેવું? અને હમેશાં એક સ્વરૂપે નિર્વિકારી, અચલ, કૂટસ્થ હોય તેને કાલત્રયની અસર ક્યાંથી? આવી ત્રિકાલવિદ્યા ભણો કે જે સાચી બ્રહ્મવિદ્યા છે, બાકી માયાના ગર્ભમાં તો અનિર્વચનીયત્વ ૐ–મૌનમ્—.

(૨)

૨૭–૯–૩૨

યથાયોગ્ય બધું થયા કરે છે ને થયા કરશે. ત્રિકાલમાં કોઈ વ્યવસ્થિત ક્રમ ચાલ્યા કરે છે એમ માનીએ, ત્યારે જ આ સમસ્ત પ્રપંચનું અધિષ્ઠાન ચિત્ સ્વરૂપ છે એમ સિદ્ધ કરી શકાય છે. એમાં અકસ્માત્ કે chance જેવો પ્રસંગ જ નથી. પણ નામરૂપનાં પૂતળાં નિમિત્ત બનવામાં તો અહંભાવને વશ વરતીને કેટકેટલાં દ્વંદ્વોમાં

હીંચકા ખાય છે એ તો જુઓ! અને હીંચકામાં બે સ્થિતિ છે. એક જેને બરાબર સમતા–balance--સાચવીને બેસતાં ન આવડતું હોય, એ ભય, શોક અને દુઃખની પરંપરામાં પડે છે. થાકે ત્યારે એમાંથી છૂટવાની કલ્પના કરીને નિરંતર દુઃખગ્રસ્ત, સંશય-ગ્રસ્ત રહે છે; ત્યારે બીજો સમતા સાચવનાર હીંચકા ખાવામાં ખૂબ મોજ કરે છે; એને એમાં એવી મજા આવે છે કે એ હીંચકો સુખમાં જાય કે દુઃખમાં, દ્વંદ્વના ગમે તે પાસા ભણી જાય, તો પણ સમતા–balance–સાચવીને નથી મુક્ત થવાની આશા કરતો કે નથી એને બંધન માનતો. આપણે તો આવી મોજ કરવાની છે. સંસારના પ્રત્યેક નામ–રૂપ શુભમાં જ નિમિત્ત બને એની કાળજી રાખવાની છે.

સંસારવૃક્ષની શાખા પરનાં પત્રપુષ્પ જેવાં દ્વંદ્વો હીંચકાની બે બાજુ ચાલતી દિશાની પેઠે વારાફરતી હલ્યા જ કરે છે. એની ગણતરીમાં ફેર પડતો નથી. આપણી ગણતરી જ અવળી હોવાથી એના હેરફેરની ખબર નથી પડતી; જેમ ફરે તેમ ફરવા દેવી ને મોજ કરવી.

(૩)

૨૮–૯–૩૨

સ્વા. રામતીર્થનાં લેખો તથા વ્યાખ્યાનો વાંચવાથી ઉત્સાહ આવે છે એ પ્રસિદ્ધ છે. જૂના ગ્રંથો વાંચવાથી ગંભીરતા આવે છે, એ પણ એટલું જ જાણીતું છે. બંનેના વાચનમાં એવાં ભય-સ્થાનો પણ છે. રામતીર્થ વાંચતાં ખોટી બેદરકારી ને ઉન્માદ આવે છે, ત્યારે જૂના ગ્રંથ વાંચતાં પણ જડતા ભરેલી ઉદાસીનતા

અને પ્રમાદ આવે છે, એ બન્નેથી સાવધાન રહેવા જેવું છે. આવાં વાચનોમાં સર્વત્ર વિવેક વાપરતાં શીખવો જોઈએ.

(૪)

૧૭-૧૦-૩૨

લક્ષ્મીજીની કૃપા કયે કાળે કોના ઉપર થાય છે, એનું ભાન તો એ વિષ્ણુને પણ થવા દે એવી નથી. એ સ્વતંત્ર ભાવે વિચરતી હશે એમ લાગે છે. માનવબુદ્ધિએ તો માત્ર એની વાટ જોઈને તાકીને બેસી રહેવાનું છે. જ્ઞાની, મુમુક્ષુ કે જિજ્ઞાસુએ એને જ પરમ સત્તા તરીકે ન માનતાં કેવળ વિષ્ણુનું સ્મરણ રાખવાનું છે. કારણ કે વહેલામોડું લક્ષ્મીએ વિષ્ણુના શરણમાં સેવા કરવા આવવું જ પડે છે. આ રહી વ્યવહારની વાત

સાડાત્રણ હાથનું આ પૂતળું પ્રકૃતિના મહેલમાં જ્યારે અને જે ઠેકાણે ઇંટ તરીકે ગોઠવાયું છે, ત્યાં એણે યથાસ્થિતિ નિર્વાહ કરવો જોઈએ, કર્યા કરે છે, એવી આપણી દૃષ્ટિ હોવી જોઈએ, અને કરે છે કે નથી કરતું એ બંનેની વિસ્મૃતિ કરવી એ છે આત્મ-દૃષ્ટિની અદ્વૈત સ્થિતિ.

(૫)

૧૧-૧૧-૩૨

હવે તમારે બ્રહ્મચર્ય પાળવાની ખાસ અગત્ય છે. નહિ તો પ્રજા પર ખરાબ અસર થશે, ને થશે તે પ્રજા નિર્માલ્ય થશે. એવો સંયમ પાળવો કઠિન કે અસંભવિત નથી. એમાં સંધ્યા-વંદન, પાઠપૂજા વગેરે ખૂબ સહાયક થઈ પડશે, માટે એ દિશામાં નિયમિતપણે હવે કૈંક કરવા માંડો; અને કરવા માંડયું છે એમ

મને ખબર આપો. કરવા માંડ્યા પછી છોડવાનું નથી એવું પણ મારે જોઈએ છે.

( ૬ )

૨૦-૧૧-૩૨

આનું નામ જ આ સંસારનાં વાવાઝોડાં અને એ ચાલુ જ રહેવાનાં. એની બાહ્ય અશાંતિમાં શાંતિ, કલેશમાં સમતા રાખવી જોઈએ એમાં શાંતિ અને સમતા રાખવાના પ્રયત્નો અને પરિશ્રમ કરવા છતાં પણ સાંસારિક સુખની તૃષ્ણા થાય એ અજ્ઞાનનું ફળ છે. આપણી આવી પરીક્ષાઓ નિત્ય થયા કરે છે ક્ષણે ક્ષણે થાય છે. વ્યવહારથી હારે એ મનુષ્ય જ નહિ. એમાં યોગ્ય લાગે એવા ફેરફાર કરે, પણ એનાથી ડરીને, કાયર બનીને, તદ્દન કંટાળીને માથે હાથ મૂકીને રડવા બેસે, એનાથી કલ્યાણને માર્ગે એક પણ પગલું ન ભરી શકાય

# ૬

(૧)

તા. ૧૬-૮-૩૨

...સંસારની ગમે તેટલી ગડમથલ હોય તો પણ આપણી આંતરિક શાન્તિમાં ભંગ ન પડે, એટલું આપણું આત્મજ્ઞાન (વિજ્ઞાન-અપરોક્ષ જ્ઞાન) દૃઢ થવું જ જોઈએ.

હમણાં તો શરીરનું આરોગ્ય અને વ્યવહારની શાન્તિ ભણી લક્ષ્ય રાખવાનું છે; અને એમ કરતાં પણ એની કિંમત કોડીની છે એમ ન ભૂલાય એવી દૃઢતા રાખવાની છે. સંસાર નથી ખોટો કે નથી સાચો-જેવો છે તેવો છે. આપણે એમાંથી તત્ત્વજ્ઞાન રૂપી સાર ખેંચીને કૂચારૂપે ફેંકી દેવાનો છે. આમાં બધાંય પ્રાણીપદાર્થ સરખાં, કોઈ મારું-તારું નહિ, કોઈ શરીર સાચું નહિ. અંતઃકરણથી માંડીને ઈશ્વરનું ઐશ્વર્ય પણ એમાં શેરડીના કૂચા જેવું છે, એવું સમજી લેવાનું છે. રસ તો બધી શેરડીમાં એક, પણ કૂચાનો આકાર જુદો (હોય છે), તેવી માયાની રમત સમજીને કૂચાની ભાંજગડમાં બહુ ન પડવું

(૨)

૨-૯-૩૧

...પણ પૂર્વકર્મના ભોગ–અથવા જેને પ્રારબ્ધ કહીએ છીએ, એની એવી વિચિત્ર અને ગહન ગતિ છે, કે તે ભોગવ્યા વિના શું રંક કે શું રાજા, કોઈને છૂટકો જ નથી. તમે તો એ વિષયમાં એવો ખૂબ અનુભવ લીધો છે, કે પુસ્તક બિચારાં શું શીખવવાનાં હતાં! હવે મારી એટલી જ સૂચના છે કે, આત્મ-ભાવના દૃઢ થતી જાય, જગતના ખેલ જોયા કરાય, માનવપ્રકૃતિનાં પૂતળાં આપણી સન્મુખ નાચ્યા કરે, અને એમાં આપણે તટસ્થ રહીએ, આપણા સ્વરૂપની વિસ્મૃતિ ન થાય, આપણા સ્વધર્મના પાલનમાં ક્ષતિ ન આવે; તે ઉપરાંત એમ કરતાં સુખ-દુઃખ, લાભ–હાનિ, યશ–અપયશ, એ બધાં દ્વંદ્વોમાં ચિત્તની સમતા સુરક્ષિત રહે, આવી નૈષ્કર્મ્યસિદ્ધિ તમે પ્રાપ્ત કરો, એવી મને તમારે બન્ને માટે અહોનિશ ભાવના રહે છે. પરમાત્મા તમને બન્નેને આવી શાન્તિ શીઘ્ર અપાવે.

(૩)

૧૩-૯-૩૨

શું લોહીના સંબંધ કે શું મનના (પાછળથી પ્રસંગવશાત્ પ્રાપ્ત થયેલા સ્નેહીઓ) એ બધામાં આપણે તટસ્થતા કેળવી શકીએ અને એમના ત્રિગુણાત્મક પ્રહારોમાં પણ આપણી બુદ્ધિ ડોલાયમાન ન થાય તેવી રીતે બધાથી સંપૂર્ણપણે નિસ્પૃહ રહેવું જોઈએ. દ્વંદ્વોની અસર આપણા વિજ્ઞાનમય કોશ ઉપર ન ન થાય, એ આપણું લક્ષ્ય અને એનું ક્ષણે ક્ષણે ભાન રાખવા માટે બુદ્ધિગત દોષને કહાડીને સતત પુરુષાર્થ કરવો એ આપણું એકમાત્ર સાધન છે.

જપ, તપ, વ્રત, તીર્થભ્રમણ, સાધુપુરુષોનો સંગ, ગુરુનું શરણ, એ બધાનો લાભ એટલો જ કે આત્મતૃપ્તિ રહે, સમસ્ત દ્વંદ્વ-દ્વૈત પ્રપંચની વિસ્મૃતિ થાય, અને સ્વરૂપની સતત સ્મૃતિ રહે; એ જ આ ચોર્યાસી લાખ જન્મોનું સાર્થકય. એ ન થાય ત્યાં સુધી બધું સાધન-ભજન, સત્સંગ વગેરે કર્યા કરવાનું. તમે પૂર્વકૃત પુણ્યોને લીધે આ બધું સમજો છો, એ ઈશ્વરકૃપાનું ફળ છે.

(૪)

તા. ૧૩-૯-૩૨

સાચી જ્ઞાનનિષ્ઠા-સમજણની દૃઢતા-જ્ઞાનની પરિપકવ અવસ્થા તો એ છે કે, જો જ્ઞાનના તાત્કાલિક ફળરૂપ શાંતિ કરવાની અંતરમાં ઊંડી ભૂખ, ઉત્કટ જિજ્ઞાસા હોય, તો જ્યાં પ્રારબ્ધ ગોઠવાયું છે, ત્યાં જ આંતર-બાહ્ય આત્મદર્શન કરવા માંડવું. સર્વત્ર આત્મબુદ્ધિ રાખવી. માણસ પૃથ્વીપરિક્રમા કરે કે જન્મભર એક જ ઘરમાં બેસી રહે, એ એના હાથની નહિ પણ અન્નજલના પ્રારબ્ધની વાત છે, એમ હું માનું છું. અંતરમાં, બુદ્ધિમાં, જ્ઞાનવિજ્ઞાન કેળવે એ એના પુરુષાર્થની વાત છે.

(૫)

તા. ૧૬-૯-૩૨

સંસારની ઉપાધિઓ તો ચાલ્યા જ કરવાની. ઊંટ પર સવારી કરનારે બરાબર જાણવું જોઈએ કે, ઊંટને નીચે બેસાડીને ઉપર સવારી કરતી વખતે એ ખૂબ બરાડા પાડે છે. ત્યારે બીવું ન જોઈએ. એ ઊંટ જેવો આ સંસાર છે. એમાં આપણે આવ્યા તો સંયમી જીવન ગાળીને એની અસારતા (સ્વપ્નવત્) સમજવી;

વિશ્વના અધિષ્ઠાન રૂપે એક, અદ્વૈત, પરમતત્ત્વ જ છે એવું અનુભવમાં લાવીને શાંતિ સ્વરૂપ બની રહેવું. એ માર્ગે સાધન સાધીને અન્યને પણ એ પંથે પ્રયાણ કરવાની સરળતા કરી આપવી, એ જ જીવનનું સાર્થક્ય છે. આહાર, નિદ્રા, ભય અને મૈથુન–એ ચાર વાતમાં માનવ અને પશુ સમાન છે. આપણે આપણું જીવન એમાં જ ગાળી નાખીએ, અને ધર્મ તથા મોક્ષમાં ન ગાળીએ, તો માનવજીવનની કિંમત કેટલી ?

માટે ધીરે ધીરે, આપણી શક્તિ–શ્રદ્ધાનું માપ કહાડીને આપણે આગળ વધીએ છીએ એની આપણને પ્રતીતિ (જ્ઞાન) થવી જોઈએ.

( ૬ )

૧૯–૯–૩૨

જ્યાં સુધી દેહ ને દેહના વ્યવહારો પરમાત્માના આ વિવર્ત્ત સ્વરૂપ વિરાટ વિશ્વમાં પ્રતીત થાય છે, ત્યાં સુધી આ અજ્ઞાની જીવાત્માઓ આસક્તિ રાખીને કર્મ કર્યા કરે છે. જ્ઞાની તત્ત્વવિદ્ તટસ્થ ભાવે ત્રિગુણાત્મક વ્યવહારમાં વિશેષ ભાવે બ્રહ્માનંદ મ્હાણે છે. એ વિના અનિવાર્ય વ્યવહારમાં જીવનનિર્વાહ અસંભવ બને છે. જ્ઞાની અજ્ઞાનીની વ્યવહાર પરત્વેની દૃષ્ટિમાં ભેદ છે. જે કેવળ સ્વસંવેદ્ય છે. એવો જ્ઞાની–અજ્ઞાનીના આંતરિક વિજ્ઞાનનો ભેદ હોય કે નહિ એ રહસ્ય સમજવું જોઇએ. તમને એ આંતરિક વિજ્ઞાનનિષ્ઠા હોય એમ હું ઇચ્છું છું.

થવા કાળ જે હોય તે જ થાય, એ સંતોષ મેળવવાની કૂંચી છે. શાન્તિ રાખવી જોઈએ. પણ અશુભમાં નિમિત્ત બનનાર દોષમુક્ત થઈ શકતો નથી.

( ૭ )

૧૬-૧૦-૩૨

ચિત્તમાં ઉપાધિનું ભાન થાય છે. દ્વંદ્વથી મુક્ત થવાની અભિલાષા હોય, સ્વરૂપને જાણવાની જ ઉત્કંઠા હોય, તો જૂને માર્ગે, બધા સંતમહંતો જે માર્ગે ગયા છે એ માર્ગે જ આપણે ચાલ્યા જવું, કે જેથી નિર્ભયતાપૂર્વક યથેચ્છ લાભ થાય. શાસ્ત્રોમાં સર્વત્ર એજ વાત કોઈપણ જાતના વિરોધપૂર્વક લખી છે એમ મને લાગ્યું છે. હું એ માર્ગે જાઉં છું, અને જે માર્ગે મને શાન્તિ લાગી હોય એ માર્ગનાં સાધન યથાશક્તિ બીજાને હું બતાવી શકું, એ સ્પષ્ટ વાત છે.

મુખ્યત્વે સાધારણ સાધકને માંદગીની સ્થિતિમાં દુઃખગર્ભિત વૈરાગ્ય તો રહે; પરંતુ વિવેક તે વખતે નબળો પડી જાય છે. આત્મા જ નિત્ય અને અનાત્મા અનિત્ય છે, એવું ભાન રહે તો પણ વ્યાધિને વખતે વિવેક દુર્બળ બનવાથી અનાત્મપદાર્થ અનિત્ય લાગવા છતાં આત્મભાવના દૃઢ રહેતી નથી. આવી વિષમ સ્થિતિમાં એ અસંભવિત નહિ તો કઠિન તો છે જ.

વેદાંત પ્રમાણે સાધનનો વિચાર કરીએ તો આટલાં સાધનો સ્પષ્ટ રીતે પ્રત્યેક સાધક માટે અનિવાર્ય છે.

૧. કોઈ પણ એક શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ વ્યક્તિ, પછી તે ગમે તે આશ્રમ કે વર્ણમાં હોય, તેના પ્રતિ, એને સાક્ષાત્ ઈશ્વરસ્વરૂપ માનીને એમાં સદ્‌ગુરુબુદ્ધિ દૃઢ કરવી.

૨. એ કહે તે પ્રમાણે સાધનવિચાર, અને અન્ય સંતો પ્રતિ સમદર્શીપણું રાખવું.

૩. વિવેક, વૈરાગ્ય, શમાદિ ષટ્સંપત્તિ, મુમુક્ષુતા, શ્રવણ, મનન, અને નિદિધ્યાસન—આ સાધનો આપણામાં કેટલાં આવ્યાં એની પ્રતિક્ષણે કાળજી રાખવી.

૪. વાંચતાં આવડતું હોય તો, આપણી સમજણ પ્રમાણે આત્મભાવના દૃઢ થાય, અને થઈ ગઈ હોય તો સુરક્ષિત રહે, તે માટે વેદાન્તના કોઈ પણ ગ્રન્થનાં વાંચન શ્રવણ કરવાં.

૫. ઈશ્વરોપાસના કરવી; શિવ, વિષ્ણુ વગેરે પંચાયતન દેવમાંથી કોઈ એકની, અથવા કોઈ અવતાર પુરુષના સગુણસ્વરૂપ પ્રતિ ભક્તિ ભરી ઉપાસના કરવી.

૬. અને સૌથી મોટી વાત ગુરુ અને વેદાન્ત વાકયોમાં અતૂટ શ્રદ્ધા રાખવી.

શ્રદ્ધાનું વાસ્તવિક સ્વરૂપ જેવી રીતે મેં મારા જીવનમાં કેળવ્યું છે એ લખું, એટલે તમને કૈંક સમજાશે. આ જ જન્મમાં જન્મમરણાદિ દ્વંદ્વથી મુક્તિ અનુભવવી છે એવા દૃઢ નિશ્ચય સાથે ધૈર્ય રાખું છું. આ જન્મમાં ઉત્તમ વર્ણ, આશ્રમ, સંતોની કૃપા, શુભ સંસ્કાર ઇત્યાદિ બધાં ઉચ્ચ સાધનો પ્રાપ્ત થયાં છે, તો પછી કેવળ આ બદલવા યોગ્ય જૂનાં કપડાં જેવા શરીરનો ભય શા માટે રાખવો ? જે મહાપુરુષના શરણમાં હું છું એના શરણમાં જ મને લીન બનીને રહેવાનો લાભ અવશ્ય મળશે એવી શ્રદ્ધા છે. માતાપિતાની છાયામાં બાળક જેમ નિર્ભય હોય, તેવા નિર્ભય બનીને પરમાત્મસ્વરૂપ ગુરુદેવની બ્રહ્મભાવની છાયામાં નિર્ભય બની જવું જોઈએ. આમ વેદાન્તનાં સાધનોમાં શ્રદ્ધાનો બેવડો લાભ મળે છે. આવી અચળ શ્રદ્ધા રાખવાથી શોક, મોહ કે ક્ષોભ થતાં નથી; જ્યાં બેઠા છીએ ત્યાં આસપાસ

સર્વત્ર પરમાત્મા વ્યાપી રહ્યા છે, એવી અવિચલ શ્રદ્ધાની દીવાલ ચણીને નિર્ભય થવું એનું નામ શ્રદ્ધા છે.

આવી ભાંજગડ બહુ ન કરવી. બને એટલું પ્રણવ (ૐ) મંત્રનું સ્મરણ, સૂતાં-પડ્યાં પડ્યાં પણ કર્યા કરવું. એને જ લક્ષ્ય બનાવી શકાય, તો બહુ ઉત્તમ વાત છે: સદ્‌ગુરુસ્મરણ કે ઈષ્ટદેવનું સ્મરણ પણ લાભકારક છે. વિચારો આવે તો હાંકી કૂહાડવા. ક્ષુલ્લક વિચારો કરવાથી મગજ નબળું પડે છે. હમેશાં બ્રહ્મ-સરોવરમાં સ્નાન જ કર્યા કરીએ છીએ એવી ભાવના રાખવી. આત્મરૂપે આપણે દ્વંદ્વથી નિત્ય મુક્ત છીએ એવી ભાવના દૃઢ કર્યા કરવી એવો અભ્યાસ અને બીજા વિચારોને અનિત્ય સમજી કૂહાડી નાખવા એ વૈરાગ્ય કહેવાય છે. આ સાધન જાગ્રતના વ્યવહારની દશામાં થઈ શકે છે.

શાંતિ રાખજો. પરમાત્મા પ્રત્યેક અવસ્થામાં આપણું કલ્યાણ કરે છે. ત્રિતાપની તપશ્ચર્યા તો આપણને શુદ્ધ કરવા આવે છે એવી શ્રદ્ધા રાખશો.

❀

# ૭

(૧)

૧૫-૧૧-૩૨

મેં તમને પ્રવૃત્તિ સંબંધે પ્રશ્ન કર્યો હતો એ માત્ર સરળ ભાવે હતો પણ તમારા મનમાંથી હજી દંશ જતો નથી, તેથી કટાક્ષ સમજ્યા છો. આશ્રમ, મકાન કે બીજી પ્રવૃત્તિ જેમ તમે કરી છે, તેવી બીજાઓએ પણ કરી હશે. આપણી કોટિના કોઈ કશુંયે સંસારી વાસનાથી ન કરે એવી તમે જો શ્રદ્ધા રાખી હોત, તો તમારી આવી સ્થિતિ ન થાત. તમે મારા પર મિથ્યા આક્ષેપો મૂકેલા, એને લીધે હજુ પણ તમારા મનમાં દુઃખ રહ્યા કરે છે.

આવી ભાવના મનમાંથી કાઢી નાખવી જોઈએ. મેં તમને બન્ધુભાવે શરૂઆતથી જ રાખીને ગાઢ પરિચયમાં લીધા, એના બદલામાં તમે મારામાં પ્રતિષ્ઠાની વાસના, ચેલા બનાવવાની ઇચ્છા વગેરે દુર્ભાવ આરોપણ કર્યા એને લીધે તમારે કંઈપણ ભોગવવું પડતું હોય તો હું લાચાર છું. તમારા મનમાં હજીયે દંશ હોય એમ લાગે છે, નહિ તો આવો વૈરાગ્યનો દેખાવ આ પત્રમાં તમે ન કરત.

હુ તો કહું છું કે બધું ભૂલી અંતરમાં શાંતિ કેળવો જેથી આવો વિક્ષેપ ન થાય. યોગવિદ્યામાં તમે કુશળ છો એ વાત દીવા જેવી ચોખ્ખી છે. પણ એ યોગ હોવા છતાં પણ તમારામાં જોઈએ તેવી ચિત્તશુદ્ધિ ન આવી ને રાગદ્વેષ રહ્યા, તેથી જ તમારા યોગમાં વિચારવાન પુરુષોને શ્રદ્ધા થતી નથી. બાકી અધ્યાત્મવિદ્યાના સંસ્કાર વિનાના પુરુષોને તમે ક્રિયાશક્તિ આપો, પ્રાણાયામ, મુદ્રાઓ કે આસન જેવી, થોડી ક્રિયાઓ થાય તેથી એની પ્રશંસા પામો, એમાં કશી અલૌકિકતા નથી.

આશ્રમ, મઠ, મંદિર, લોકસેવા એ પ્રવૃત્તિનાં નહિ પણ નિવૃત્તિનાં પોષક સાધનો છે તમે ખૂબ પરોપકાર કર્યો છે એ હું સારી રીતે જાણું છું. જાતે દુઃખ વેઠીને પણ સાધુઓની તેમ જ દીનદુઃખીની સેવા કરી છે અત્યારે પણ ત્યાગપૂર્વક તિતિક્ષા અને વૈરાગ્યમય જીવન ગાળો છો. અનેક મહાપુરુષોનાં ચરણ સેવ્યાં છે. અત્યારે પણ ગુરુજનોની છત્રછાયા નીચે અને એમના કૃપાપાત્ર છો. પરંતુ એ બધાની પછવાડે યોગીગુરુ પાસેથી મળેલી મહાનયોગ શક્તિનુ જે થોડું અભિમાન આવ્યું છે, એનું જ આ વિપરીત પરિણામ આવ્યું છે. તમે જ્યારે આવું આચરણ કર્યું ત્યારે મન ઊતરી ગયું ને હૃષીકેશ છોડીને હું ગુજરાતમાં આવીને સ્થાયી થયો તમારી એ વાત કેવલ કલ્પના જ છે. પ્રારબ્ધના જેવા યોગ હોય તેવું જ થાય. અને પરમાત્માએ આપણું બન્નેનું કલ્યાણ ઇચ્છયું હશે, એથી જ એમ બન્યું, એવી શ્રદ્ધાથી મને તો સંતોષ છે.

હવે બધું ભૂલી જાઓ. પ્રેમપૂર્વક સંબંધ મનમાંથી શરૂ કરો.

*

# ૮

(૧)

૨૪-૧-૩૫

તારો વિચાર અહીં આવીને રહેવાનો થાય છે, એમાં મને કશી હરકત નથી. એક મુદ્દો હમેશાં લક્ષમાં રાખજે, કે ભાવિ જીવનની કોઈ પણ પ્રકારની ધારણા હમણાં બાંધવી જ નહિ. સહજાવસ્થા ભોગવવી એ જેમ લક્ષ્ય છે, તેમ સાધન પણ છે. હમેશાં વર્તમાનમાં આનંદમગ્ન રહેવાથી સદાસર્વથા આનંદમગ્ન અને ચિંતામુક્ત રહી શકાય છે...

ક્રિયામાં વેગ ન રહેવાનાં કારણો ઘણાં હોય છે. સાધકના પૂર્વાધ્યાસો એમાં મુખ્યત્વે વિઘ્ન કરે છે; શક્તિ મેળવ્યા પછી ટકાવી રાખીને વધારવાની તથા કેળવવાની છે; ગુરુશક્તિ અને ગુરુનો અભેદ હોવાથી એ બન્ને પ્રતિ સહજ પણ શંકા થાય તો હાનિ થવાનો સંભવ છે. પ્રત્યક્ષ અનુભવ થયા પછી પણ શંકાઓ થાય, એ પામરતા અને તમોગુણની નિશાની છે. મુખ્યત્વે અધિકારી થવું એ મુદ્દો જ લોકોના લક્ષ્યમાં નથી હોતો. કેવળ ઉત્સુકતાથી એ વસ્તુ મળતી નથી. કેવળ જ્ઞાનના

(વેદાન્તના) ગ્રંથો વાંચવાથી થયેલી શ્રદ્ધાની મંદતા, અન્યત્ર (સર્વ સ્થળે) પરમત ખંડનની દુરાગ્રહતા, મંદવૈરાગ્ય એવાં ઘણાં વિઘ્નો હોય છે

માટે નિયમિત ક્રિયામાં બેસીને જપ ચાલુ કરવા એ સૌથી શ્રેષ્ઠ ઉપાય છે. મંત્રચૈતન્ય ગુરુશક્તિનો જ પ્રસાદ છે. મુખથી ન થતા હોય તો માળા લઈને પણ થઈ શકે છે; જે સાધકો બેસતાં વેંત કોઈ ક્રિયા કે ધ્યાનમાં એકાગ્રતા થવા માંડે એમ માનતા હોય તે મહાન ભૂલ છે. હમેશાં શરીર તથા મનની સ્થિતિ સમાન હોતી નથી. શરૂઆતમાં ગુરુસાન્નિધ્યને લીધે વેગ ખૂબ હોય એ સ્વાભાવિક છે પણ પાછળથી સાધકને મુખ્ય અવલંબન ચિત્તની આર્ત્તતા-ખૂબ ભક્તિભાવથી, આર્દ્ર-ભાવથી, શ્રદ્ધાપૂર્વક પ્રાર્થના અને મંત્ર, જપ-છે એથી સુષુપ્ત શક્તિ પાછી કામ કરવા માંડે છે.

ઉપરાંત એક સૂક્ષ્મ વાત સમજવા જેવી છે: શક્તિ કારણ શરીરમાં કામ કરે છે ત્યારે એની ક્રિયા વિચારરૂપ હોય છે. સૂક્ષ્મ-સ્થૂળ શરીરમાં હોય ત્યારે પ્રાણાયામ, આસન કે ધ્યાનનું કામ કરે છે એટલે સ્થૂલમાંથી સૂક્ષ્મ શરીરમાં જવા માટે વિચારોને રોકવા જોઈએ. વિચારો જપદ્વારા રોકી શકાય છે.

મુખ્ય મુદ્દો તો શ્રદ્ધા-શ્રદ્ધા-શ્રદ્ધા, ભક્તિ, ભક્તિ, પ્રેમ છે.

( ૨ )

તા. ૧૦ ૨-૩૫

ક્રિયામાં વેગ રહે છે એ શુભચિહ્ન છે, અને શરીરમાં ગરમી આવે છે, એ પણ સારું થાય છે. શ્વાસ, કફ દમ, તથા

ફેફસાંની નબળાઈ દૂર કરવા માટે પ્રાણ ઉષ્મા ઉપજાવીને ફેફસાં મજબૂત બનાવે ત્યારે પ્રાણાયામની ક્રિયા શરૂ થાય છે. માટે જે થાય છે તે હિતકર જ છે એવી શ્રદ્ધા રાખીને ભક્તિપૂર્વક ક્રિયામાં અગ્રસર થવું. વિઘ્નથી ગભરાવું નહિ. અને મોટામાં મોટું વિઘ્ન મૃત્યુ એટલે તો દેહાન્તરપ્રાપ્તિ; એનો પણ ભય શા માટે હોય? એથી તો ઊલટું અન્ય જન્મમાં વિશુદ્ધ, બલવાન દેહ પ્રાપ્ત થાય, અને જ્યાંથી કાર્ય અધૂરું મૂક્યું હોય ત્યાંથી નિર્વિઘ્ન શરૂ થવા માંડે છે. તેથી નિર્ભયતા અને નિર્ભરતા (પરમાત્મા પર અચલ વિશ્વાસ) ખૂબ કેળવવાં

આપણે તો મિથ્યાત્વનો ત્યાગ કરવો છે; સ્થૂલ વસ્તુઓનો ત્યાગ એ ત્યાગ નથી; સ્થૂલ તો જડ છે; સૂક્ષ્મદ્વારા સ્થૂલ સાથેનો સંબંધ હોય છે, માટે સૂક્ષ્મ આસક્તિનો ત્યાગ, અને પરમ તત્ત્વમાં એ સૂક્ષ્મ શક્તિઓનો શુદ્ધ ભાવે અભેદ થવો એ જ્ઞાન છે. જગતના વ્યવહારમાં જેટલો ઓછો વિરોધ થાય તેટલું સારું.

(૩)

૧૩-૨-૩૬

જેમને જે બોલવું હોય, જેવું વર્તન કરવું હોય તેવું કરે. જ્ઞાનેશ્વર જેવા સંતને, અરે ભગવાન શંકરાચાર્યને પણ લોકોએ ક્યાં ઓછા સતાવ્યા છે, કે આપણને એ નિંદાદેવી બચાવે? એથી, તો તત્ત્વપ્રાપ્તિની ઉત્કટ જિજ્ઞાસાની પરીક્ષા થાય છે. માટે forbear and forgiveનો motto રાખીને છૂટવાનો પ્રયત્ન કર.

સાંસારિક સંબંધો તો હમેશાં કંઈ ને કંઈ સ્વાર્થથી જ ભરેલા હોય છે; અને એનો અનુભવ realisation થાય ત્યારે

જ તત્ત્વપ્રાપ્તિની જિજ્ઞાસ જાગે છે. વિષાદ થાય એ જિજ્ઞાસાના શ્રીગણેશ છે. માટે ગભરાવું નહિ, તેમ એ બધાં પ્રતિ દ્વેષ પણ કરવો નહિ.

આપણો આધાર તો પરમાત્મા જ છે. એની પ્રાપ્તિમાં, આત્માની અખૂટ શાન્તિ ને આનન્દમાં તો એવું દુઃખ જ નથી. પરમાત્માના અનન્ય શરણમાં રહીને ધીરજ, ઉત્સાહ અને આશાભર્યા આગળ વધવાનું છે. જેને જેમ બોલવું હોય તેમ છો બોલ્યા કરે.

( ૪ )

૧૭-૨-૩૬

ચિત્તશુદ્ધિ, ગુરુભક્તિ, નમ્રતા અને સેવાવૃત્તિ એ મુખ્ય સાધનો સાધકમાં જોઈએ. વિદ્યાર્થી નિરાશ થઈને અભ્યાસ છોડી દે એવી પામરતા પણ સાધકમાં મોટું વિઘ્ન છે.

સંસાર અને સાંસારિક વિષયોથી નિરાશ થવું એ વૈરાગ્યનું ચિહ્ન છે. પરમાત્માનાં દર્શન માટે આશાવાદી બનીને ભક્તિ અને અભ્યાસ માટે સંસારમાંથી રસ ઓછો થવા માંડે એ સારું ચિહ્ન છે.

૫

૨૬-૨-૩૬

આત્મવિચાર આવે છે, વૈરાગ્યનો રંગ રહે છે, દૃષ્ટા રહીને બધું જોઈ શકાય છે—આ બધો લાભ આટલા દોઢ વર્ષમા જ થયો, ગુરુશક્તિની એ કાંઈ ઓછી કૃપા નથી મનમાં ઉત્સાહ ધારવો અને એક જ લક્ષ્યમાં દૃઢતા રાખીને એ માર્ગે જ

આગળ વધવાનો પ્રયત્ન કર્યા કરવાનો છે. જે કાળે જે થાય છે તે બધું આત્મકલ્યાણ માટે જ થાય છે એવી પરમ શ્રદ્ધા કેળવવાની છે. દૃષ્ટિમાં વિવેક હોય તો બધા પ્રસંગોમાંથી કાંઈ ને કાંઈ શીખવાનું જ મળે છે. વાંચવાનું જે યોગ્ય લાગે તે વાંચવું, ને આત્મસ્વરૂપનો વિચાર કરી જ્ઞાનશક્તિ વધારવી.

( ૬ )

૨૯-૨-૩૬

આપણે સમજીએ કે ૧૦૦ ટકા વૈરાગ્ય કે અભ્યાસ કાંઈ એક જ જન્મમાં આવી જતા નથી; એથી કોઈ અભ્યાસીને નિરાશ ન કરાય, કે છોડી ન દેવાય. નિશાળના બાળવર્ગમાં જેટલાં છોકરાં જાય છે એ બધાં એમ. એ. કે પીએચ. ડી. થતાં નથી. એથી બીજા બધા નાલાયક કે નકામા છે એમ માનીને નિશાળમાં ન આવવા દેવા એ યોગ્ય નથી. તે જ પ્રમાણે કોઈના ચિત્તમાં ગમે તે કારણથી વૈરાગ્યનો એક ટકો પણ હોય તો એને ઉત્તેજન આપવું જોઈએ.

અભ્યાસસિદ્ધિ તો અનેક જન્મે થાય. જેને આ જ જન્મમાં થવાની છે કે થઈ છે એમ માનીએ, તેમાં પાછલા અનેક જન્મના અભ્યાસનું અધૂરું પરિણામ છે એમ સમજવું જોઈએ. એવા સાધકને આ જન્મમાં અનુકૂળતા ને સાધન સહજ થઈ પડે છે.

( ૭ )

૬-૩-૩૬

અંતરમાં સૂક્ષ્મ વિચાર ચાલે, મન અંતર્મુખી થાય, બધેથી

ફરી ફરીને પાછું આવે, એ યોગનો પ્રત્યાહાર, અને જ્ઞાનની બીજી ભૂમિકા સુવિચારનાં લક્ષણ છે. પણ આ યોગમાર્ગમાં એવી અદ્‌ભુત શક્તિ છે કે યોગ તથા જ્ઞાનનાં ઉપર-નીચેનાં બધાં અંગમાંથી કોઈ વાર એક તો કોઈ વાર બીજું, એમ અવારનવાર પ્રકટ થયાં કરે છે; એટલે એક જ સ્થિતિ હમેશાં રહે એમ કહેવાય નહિ. જે કાળે જે થાય છે તે સારું જ થાય છે એવી શ્રદ્ધા રાખવી જોઈએ.

( ૧ )

૧૫-૩-૩૫

તારો તા. ૧૧ નો વિસ્તૃત પત્ર ગઈ કાલે મળ્યો. વાંચી હકીકત જાણી. આવો જ સંવેગ જો ચાલુ રહે, અને આ જ સહનશક્તિ તથા ઉત્સાહથી જો સાધનમાં મંડ્યો રહે, તો આત્મકલ્યાણ દૂર નથી. વિઘ્નો તો આવે, અને વિઘ્નો ન આવે તો સાધનાની ભૂમિકાની પરીક્ષા નથી થતી. એ જ પ્રગતિનું લક્ષણ છે. એ આવવાનાં જ; બધી જાતનાં આવવાનાં; અને આવીને જતાં રહેવાનાં ગીતામાં આગમાપાયી કહ્યાં છે, ને તાંસ્તિતિક્ષસ્વ ભારત, એવી આજ્ઞા આપી છે. યુદ્ધમાં શત્રુ ન આવે, તો રાજા વીરતા ભર્યો રાજ્યવ્યવહાર કઈ રીતે કરે? અને જો યુદ્ધ ન હોય તો વિજેતા કોણ બને? ભરદરિયે પડ્યા છીએ, આસપાસ પ્રચંડ મોજાં અને હિંસક પ્રાણીઓ ફરી વળ્યાં છે, અને એમાંથી તરીને પાર જવું છે. સંસારસમુદ્રનાં દ્વંદ્વો એ વિઘ્નો છે; શુભ અને અશુભ બન્ને જાતનાં છે. એનાથી મુક્તિ એ જ મુક્તિ. એ વિના મુક્તિનો, આત્મસ્વરૂપનો આનંદ

ક્યાં છે? દ્વંદ્વનો ચિત્તને સ્પર્શ નહિવત્ લાગવો જોઈએ. એ બધાં આવવા માંડે, ત્યારે એની સામે વિજેતા થવા આપણે ઇન્દ્રિયસંયમ કેળવીએ, સમાધિસુખ દ્વારા સ્વરૂપનો આનંદ પામીએ, એ આનંદમાંથી મનોબળ તથા પ્રાણબળ વધારીએ, દ્વન્દ્વની ચિત્ત પર અસર ન થવા દઈએ, અને દૃષ્ટા-સાક્ષી માત્ર રહી અચ્યુતપદ ભોગવીએ ત્યારે જ કૃત-કૃતાર્થ કહેવાઈએ, એ આપણું લક્ષ્ય છે. જેટલું મેળવાય તેટલું મેળવવું; હાનિ તો છે જ નહિ. न हि कल्याणकृत कश्चित् दुर्गतिं तात गच्छति (ગીતા). આનો અર્થ એ છે કે, આમાં પગલે પગલે આનંદ અને શક્તિ વધતાં જવાનાં છે.

તમારે પોતાને માટે એક બીજી વાત વિચારવાની છે જો લગ્ન નથી જ કરવું એવી ઇચ્છા હોય, તો પ્રત્યેક નારીશરીરમાં માતૃબુદ્ધિ ધારણ કરવી; જે અદ્દભુત શક્તિના યોગથી પરમાત્મા આ સમસ્ત દૃશ્ય સૃષ્ટિનું નિર્માણ કરે છે, એ યોગમાયાનાં જ આ જીવતાં જાગતાં સ્ત્રીશરીરો છે; આપણે એમાંથી જ ઉત્પન્ન થયા છીએ; એટલે એ બધાં મહામાયા જગદંબાનાં અસંખ્ય શરીરો છે; એ બધામાં માતૃભાવના દૃઢ કરવાથી તિરસ્કારને બદલે ભક્તિ ઉત્પન્ન થશે, ભયને બદલે નિર્ભયતા આવશે કામ ભયથી જિતી શકાતો નથી, પણ વીરતાપૂર્વક પ્રેમથી જિતી શકાય છે. એટલે સ્ત્રીમાંથી ભોગ બુદ્ધિ જ કહાડી નાખવી, અને બધે પરમાત્માનાં દર્શન કરવાની મનને ટેવ પાડવી. ઈશ્વરનાં બાહ્ય સ્વરૂપોમાં એની જ લીલા, એનું સૌન્દર્ય નિહાળી, આનંદ લેતાં શીખવું. વળી એક વધારાની વાત, આપણે શુદ્ધ આનંદ સ્વરૂપ છીએ, આત્મા sexless છે. એ sexless તે વળી કઈ sex તરફ આકર્ષાય? એ તો પુરુષ અને સ્ત્રી બન્ને જાતિથી પર છે તેથી

એ દૃષ્ટિએ પણ એ જાતિભેદ વિનાનો છે. આવું આવું ઘણું વિચાર કરતાં સ્ફુરી આવશે, અને ધીરે ધીરે પોતાનો માર્ગ પોતાને જ સ્પષ્ટ દીપકવત્ દેખાશે. આ દીક્ષા જ એવી છે કે જેથી સાધકને સ્વતંત્ર જ્ઞાનવિના પ્રાપ્ત કરવાની આંતરસ્ફૂર્તિ કરાવે છે.

× × ×

આ સિદ્ધ-મહાયોગ હજી બહુ નવીન વસ્તુ છે. નવીન એટલે નવીન શોધ નહિ, પણ પ્રાચીન પરંપરાનો લોપ થયેલો, તેનો મહાપુરુષ શ્રી સદ્‌ગુરુ દ્વારા આવિષ્કાર થયો છે. એ સહજ-યોગ છે. એથી સાધકની સુષપ્ત યોગશક્તિ જાગૃત થાય છે. ગુરુશરીરથી લાખો માઈલ દૂર હોવા છતાં પણ સાધક ગુરુસ્મરણ કે મંત્રસ્મરણ દ્વારા ક્રિયાશક્તિને જાગ્રત કરી શકે છે, અને ક્રિયા-શક્તિ અથવા પ્રાણશક્તિ જ્ઞાનપૂર્વક, સાધકની પૂર્વ સંસ્કારની કમાણી પ્રમાણે એને મંત્રયોગ, લયયોગ, હઠયોગ, ભક્તિયોગ-કે રાજયોગ-જેને માટે એ અધિકારી હોય તે પ્રમાણે સાધનામાં યોગારૂઢ કરીને છેવટે અંતિમ ભૂમિકા-નિર્વિકલ્પ સમાધિમાં લઈ, આત્મસાક્ષાત્કાર કરાવી, રાજયોગ (જ્ઞાનયોગ)માં સિદ્ધ કરી મૂકે છે. એ દીક્ષા માટે તો એટલું જ લખવાનું છે. ત્રણેક વર્ષ આ સાધના સતત ચાલુ રાખો. ને પછી તમે અસંતુષ્ટ રહો તો બીજે કોઈ ઠેકાણે દીક્ષા લેવામાં મારો આગ્રહ નહિ રહે. આમતેમ ભટકવામાં સાર નથી. નિશાળો કે કોલેજો ઘડીઘડી બદલવાથી વિદ્યાર્થી અભ્યાસ કરી શકતો નથી. એનાથી તો ઊલટી અવિદ્યા (અજ્ઞાન ) વધે છે. હમણાં આ ક્રિયામાં ખૂબ ચિત્ત પરોવી, એનો જ લાભ લેતાં શીખવું. ત્રણ વર્ષ જો નિયમિત અભ્યાસ થશે,

તો તમે પોતે જ તમારું પ્રમાણ બનશો, ને કશી શંકાકુશંકા નહિ રહે.

× × ×

ઈશ્વર પર શ્રદ્ધા રાખવી; એણે ધાર્યું હશે તેમ થશે, એમ સમજી શાન્તિથી અનુકૂળતાની રાહ જોવી, એ જ આપણો સાધુઓનો ધર્મ છે. તમારા જેવા સાધકો તૈયાર થાય, એટલે આશ્રમની સાર્થકતા સિદ્ધ થઈ. લખવાનું મારાથી નહિ બને, તો બીજા કોઈ સાધકો બેપાંચ વર્ષે કરશે; તારાથી ધનસેવા ન થાય તેની કશી ચિંતા નહિ. તનસેવા પણ પ્રારબ્ધયોગ હશે તો થશે. માનસિક સેવા તો એ જ છે કે જ્યાં શરીર રહે ત્યાં યોગમાં ખૂબ પ્રવૃત્ત થાઓ એટલે બસ. કશી ચિંતા કે ગ્લાનિ થવા દઈશ નહિ. જોયા કર; પરમાત્મા બધાં વિઘ્ન ધીરે ધીરે દૂર કરશે. આપણે તો તત્પરતા, તત્પરાયણતા ચિત્તમાં રાખવી જોઈએ, અને લક્ષ્ય ન ચૂકાય એટલે બસ. માટે શાંતિ તથા ઉત્સાહ, એ બન્ને રાખીને હિંમત વધારવી. પરમાત્મા પોતાના એકનિષ્ઠ સાધકનો ત્યાગ કરતો જ નથી. અને આપણે કાંઈ વિલાસ કે દેહભોગના સાધક નથી કે દેહની અનુકૂળતા જ શોધ્યા કરીએ. પ્રતિકૂળતામાં તો ઊલટું બમણું બળ વધે છે. માટે શ્રદ્ધા-શ્રદ્ધા-શ્રદ્ધા; એ જ આપણું અમોઘ શસ્ત્ર.

(૨)

૧૭-૩-૩૬

મનનો સ્વભાવ જ ચંચલ કહેવાય. એ નિત્ય સ્થિર થાય જ નહિ. પ્રાણાયામ કરીને થોડા કલાક, દિવસ, મહિના કે વર્ષોની

જડ સમાધિથી કાંઈ નિત્ય શાંતિ મળે નહિ. આપણે આત્મરૂપે દૃષ્ટા તથા સાક્ષી રહીએ, મનની ચંચલતાને જોઈ શકીએ, એટલે એ દૃશ્ય બને છે. દૃશ્યના ધર્મ દૃશ્ટામાં ન આવે, એ સમજીએ, એટલે દૃશ્યના ભોગનો અનુભવ પણ આપણને ન લાગે. દૃષ્ટા હમેશાં સ્વરૂપે સચ્ચિદાનન્દ અને દૃશ્યઅંતઃકરણમાં વધે ત્રિગુણાત્મક દ્વંદ્વ છે. આટલી જ્ઞાનયોગની ટૂંકી વ્યાખ્યા સમજનાર અભણ પણ બ્રહ્માનંદ માણી શકે. જો શ્રદ્ધાપૂર્વક એમ માનીને નિદિધ્યાસન કરે તો બેડો પાર છે નહિ, તો ભવચક્રમાં ફરવાનું છે જ.

(૩)

૨૫-૩-૩૬

ધ્યાનમાં બેસતાં જે અનુભવ થાય છે, એ બધા સૂક્ષ્મ જગતના છે. ચકોના ધ્યાનમાં જ બધા સૂક્ષ્મ–હિરણ્યગર્ભના અનુભવ થાય છે. સ્થૂલના કરતાં સૂક્ષ્મ બ્રહ્માન્ડ અનેક ગણા વિસ્તારવાળું છે. કોઈ ભયાનક દૃશ્યો દેખાય, એનાથી બીવાનું નથી. શ્રી પરમાત્મસ્વરૂપ ગુરુદેવનું સ્મરણ કરવું, અને ચિત્તને હિમાલય જેવું નિશ્ચલ રાખવું. દૃશ્યો બદલાતાં બદલાતાં ધીરે ધીરે નિર્વિકલ્પ સુધી પહોંચાશે.

કોઈ સાથે વાદવિવાદમાં ઊતરવું જ નહિ. એથી લાભ નથી થતો, પણ ઊલટો આપણી કાચી–અભ્યાસની અવસ્થામાં વિક્ષેપ થાય છે. આપણું જ્ઞાન પુસ્તકનું નથી પણ ગુરુકૃપા, આત્મકૃપા (અનુભવ) અને શાસ્ત્રકૃપા દ્વારા પ્રાપ્ત થયેલું છે........ બધા રંગ જોતા રહેવાના છે. સંસાર આવો જ વિચિત્ર છે.

આપણે કોઈનો દ્વેષ કરવાનો નથી, તટસ્થ ભાવે આપણો ઉદ્દેશ મહાન તથા શુદ્ધ છે એ લક્ષ્યમાં રાખી આગળ વધ્યા કરવાનું છે.

(૪)

૩૧-૩-૩૬

જે અનુભવ થાય તે બધા દૃશ્યમાં છે; દૃષ્ટા એમનો એમ સદા સચ્ચિદાનંદ રહે છે, એ જ એમાંથી જ્ઞાનબોધ પ્રાપ્ત કરવાનો છે. આ ગુરુશક્તિ બધા યોગનાં ભિન્નભિન્ન સાધનો ખરા વૈરાગ્યવાન સાધકને અપાવે છે એ નિશ્ચય છે. તે પહેલાં સાધકમાં જ્ઞાનની વાસ્તવિક પિપાસા, સંતસાધુ પ્રતિ અપ્રતિમ ભક્તિ, નિરભિમાન, સેવાવૃત્તિ, વિલાસનો ત્યાગ, મનના તરંગોને શમાવવાનો સ્વભાવ, એ સદ્‌ગુણો તો ખાસ હોવા જોઈએ. એ વિના જેઓ મિથ્યા અભિમાનમાં પોતાનો જ કક્કો ખરો કરાવવા માગતા હોય, પોતાની અહંમન્યતામાં જ તણાઈ જતા હોય, પ્રાચીન શાસ્ત્રમાં જરા પણ શ્રદ્ધા ન હોય, એવા રખડ્યા જ કરે છે. તેઓ કશી પણ શાંતિ પ્રાપ્ત કરી શકતા નથી. સંત દયાળુ હોય છે એ વાત ખરી, પણ જે અધિકારી હોય તેના પ્રતિ. બીજા પ્રતિ તો તે કેવળ અપેક્ષા બુદ્ધિથી રહે છે. સર્વવ્યાપક ઈશ્વર પણ શું કરે છે? એ પણ એના પ્રતિ આવનારને જ સાધનામાં ઉપાડી લે છે. બાકી પામર અને વિષયી, અથવા સાધના ન કરતાં શાસ્ત્ર ગોખી ને ચર્ચા કે અભિમાન ધરાવનાર પ્રતિ એ પણ ઉદાસીનતા જ સેવે છે. આપણે આપણા શાસ્ત્રોક્ત સાધનમાં સાવધાનતાથી તત્પર રહેવું, ને લક્ષ્ય ચૂકવું નહિ.

(૫)

૧૩-૪-૩૫

ભવિષ્યના બહુ લાંબા વિચારો કરવા નહિ. વર્તમાનમાં આનંદમગ્ન રહેવું અને તત્ત્વચિંતનમાં, આત્મભાવનામાં દૃઢ થતા જવું સર્વત્ર આત્મદૃષ્ટિ કેળવવાથી સ્ત્રીપુરુષનો ભોગભાવ નષ્ટ થશે અને સહજ સ્વભાવે બ્રહ્મચર્ય પળાશે...જીવનનું લક્ષ્ય એક જ નક્કી કરી નાખ, કે આજ દેહમાં તત્ત્વનિષ્ઠા પ્રાપ્ત કરીને શાસ્ત્રો જે જીવન્મુક્તિનું વર્ણન કરે છે તેનો પરમકૃપાળુ પરમાત્માની કૃપા દ્વારા અનુભવ કરવો છે.

## ૧૦

(૧)

૨૮-૫-૩૫

(૧) સૌથી મહાન વાત તો એ છે કે, મૃત્યુથી ગભરાવું કે ડરવું નહિ. જન્મ તેનું મૃત્યુ તો છે જ. એ તો વસ્ત્ર બદલવા જેવી વાત છે. સારા સંસ્કારવાળાને ઉત્તમ જન્મ જ પ્રાપ્ત થાય છે. એવી દૃઢ-અચલ શ્રદ્ધા રાખવી.

(૨) યોગ, ભક્તિ, જ્ઞાન—એ કંઈ પણ આપણે શારીરિક કે મનોકામનાની સિદ્ધિ માટે નથી કરતાં; પણ કેવળ અધ્યાત્મ-વિદ્યાના લાભ માટે કરીએ છીએ.

(૩) જ્ઞાનનું પ્રથમ પગથિયું, સાધન જ, શરીરનો વિચાર ન કરતાં, એને માટે આપણી સાદી સમજણ અને પ્રાપ્તસાધન વાપરીને રક્ષણ કરવાનો છે. એમ કરતાં પણ એ આવી પડવાનું હશે તો એનો સમય આવી ગયો છે એવો નિશ્ચય રાખી, આનંદમગ્ન થવું. મૃત્યુનો ભય તો જેટલો વહેલો નીકળી જાય તેટલું સારું. જન્મમૃત્યુનું દ્વંદ્વ પ્રથમ જીતવાનું. પછી ક્ષુધાતૃષાનું; તે પછી મનનાં રાગદ્વેષ, શોકમોહ, લાભહાનિ, માનાપમાનનાં

દ્વંદ્વો જીતવાનાં છે. નિર્ભય થઈ જા. પરમાત્મા જે કરે છે તે તારા કલ્યાણ માટે કરે છે એવી અચલ શ્રદ્ધા કેળવી લે; થવાનું હશે તે થશે !

(૨)

૨-૬-૩૫

કોઈ પણ જાતના બીજા મિથ્યા નિશ્ચય બાંધવા નહિ. ઈશ્વર પર કે ગુરુ પર શ્રદ્ધા રાખવાનો એવો અર્થ નથી, કે એ શ્રદ્ધાના ફલરૂપે આપણે સંસારમાં હમેશાં અનુકૂળતા શોધ્યા કરીને એવી જ આશાના પાશમાં બંધાતા જઈએ. અનુકૂળતા કે પ્રતિકૂળતામાંથી એક સ્થિતિ તો હમેશાં ચાલુ રહેવાની જ છે. એ બન્નેનો વિચાર કર્યા વિના આપણા ધ્યેયને ચૂકવું નહિ, ને એની પ્રાપ્તિ માટે મરણિયા થવું.

(૩)

૧૫-૬-૩૫

તા. ૬ નો કાગળ મળ્યો હતો. હવે તો નીચેના મુદ્દા ધ્યાનમાં રાખીને અહીં આવવાની પહેલ કરવાની છે

૧. રામતીર્થની પેઠે જંગલમાં ફરવું છે કે કોઈ બીજાની પેઠે એકાંતમાં પડ્યા રહેવું છે, એવા પૂર્વગ્રહો બાંધવા જ નહિ. તારા પ્રારબ્ધમાં જે સંસ્કાર ઉદય થવાના હશે એ રીતે જીવનનો વિકાસ કરવાનો છે. નકલ કરવાની નથી પ્રત્યેક મનુષ્યની પ્રકૃતિ જુદી; અને પ્રથમ તો ગુરુઆજ્ઞા માનવી હોય તો પછી મનુષ્યે–સાધકે પોતાને માટે વિચાર કરવાનો અવકાશ જ ક્યાં છે?

૨. ગુરુઆજ્ઞા માનવાનો ઉદ્દેશ એ હોય છે કે, તેથી મન સત્વર શાંત થાય છે. નહિ તો ગુરુ કંઈ કહે, આપણા મનમાં

બીજો હઠ હોય, પ્રારબ્ધનો વેગ ત્રીજી દિશામાં લઈ જતો હોય, તો હમેશાં અશાન્તિ રહે છે. માટે જ શાસ્ત્રો કહે છે કે, आज्ञागुरुणाम् अविचारणीया।

૩. આપણે આપણામાં પ્રવૃત્ત રહેવું. ભૂતભાવિના વિચારો દાબી દેવા. ભાવિમાં જે પ્રકારે ઉન્નતિ થવી હશે તે પ્રકારે આ મહાયોગ દ્વારા થશે. એને માટે વિચારો કરવાના નથી. જે થાય તે માત્ર જોયા જ કરવાનું છે. ભૂતકાળની અથવા ભવિષ્યકાળની ચિંતામાં આમ વિચાર્યું હતું ને આમ કર્યું હતું, માટે આમ વિચારશું ને આમ કરશું, એવી કલ્પનાઓ કરવી એ જ અજ્ઞાન છે. એવી કોઈ અજ્ઞાનની ધારણામાં બંધાઈ જવાનું નથી.

(૪)

૧૫-૧૨-૩૫

સમાધિ બે પ્રકારની છે; જડ સમાધિ અને ચૈતન્ય (જ્ઞાન) સમાધિ. એ બધું શંકરાચાર્યના "વાક્યસુધા" ગ્રન્થમાં છે. પત્રમાં કેટલું સમજાવાય? યોગ એ ક્રમસાધન છે; જ્ઞાન એ અંતિમ સાધન છે. પણ આવી વાતોનું સમાધાન પત્રમાં થઈ શકે એમ નથી.

.......પેલા અર્જુનને યુદ્ધ કરવાનો પ્રસંગ સાંપડ્યો, ત્યાં સગાંસંબંધી સાંભર્યાં, એવી સ્થિતિમાંથી ઝટ નીકળી જા;.... બીજાના રંગમાં રંગાવા કરતાં બીજાઓને રંગવા માંડ.

ભલા આદમી! વ્યવહારમાં જ જબરદસ્ત પરમાર્થ શીખવાનો છે; અને એ કરતાં છતાં પણ જાણે કંઈ છે જ નહિ

એવી નિર્મોહી મનોદશા કેળવવી જોઈએ. હમેશાં સ્વરૂપચિંતન જ વૃત્તિમાં રહે; આનંદ-આનંદ ને આનંદનું જ ભાન રહે; એ આનંદ ઇન્દ્રિયાતીત હોય; એ મુક્તિ અને સ્વરૂપનો અનુભવ છે.

આ ટૂંકો મુદ્દો સુંદર નથી લાગતો? મને તો લાગે છે અને એ જ ધ્યેય રાખવાનું મને ગમે છે; પછી તો તારી જેવી ઇચ્છા.

(૫)

૧૬-૧૧-૩૫

બે બહેનોનાં શરીર પંચત્વને પામ્યાં; આત્મા અજરઅમર જેમનો તેમ રહ્યો. શોક કરવો નકામો છે. સંસારના ધર્મ પ્રમાણે જ બધું બન્યું છે. ઋણાનુબંધ હોય તેટલા લેવાય. અજ્ઞાની એમાં શોકમોહ-જન્મમૃત્યુ જુએ; જ્ઞાની એમાં એક અખંડ અધિષ્ઠાન સચ્ચિદાનંદની વિવર્ત લીલા જુએ............ સ્મશાન વૈરાગ્યથી સંન્યાસ ન લેવાય. બાહ્ય-બહારના ત્યાગ કે વસ્ત્રના રંગમાં પરિવર્તન કરવાથી સગાંસંબંધીનાં બંધન કદાચ છૂટે, પણ વાસ્તવિક અજ્ઞાનબંધન છૂટવા માટે તો આંતરિક વૈરાગ્ય, ભક્તિ અને જ્ઞાન જોઈએ. એ સાધના બહુ લાંબી છે, છતાં હિંમત હારવાની નથી. ભાવિ ઉજ્જવળ માનીને આનંદપૂર્વક જીવન વ્યતીત કરવાનું છે.

(૬)

૨૫-૧૨-૩૫

**શ્રદ્ધાવાન્ લભતે જ્ઞાનમ્ તત્પરઃ સંયતેન્દ્રિયઃ ।** (ગીતા), આમાં પ્રથમ વસ્તુ અને ફળ પ્રાપ્ત થશે જ એવી શ્રદ્ધા છે;

પછી તત્પર, એટલે પરમાત્મા અને ગુરુમાં તથા શાસ્ત્રવાક્યમાં તત્પરતા, મનમાં એનું જ સ્મરણ; એ બે વસ્તુ પછી ઇન્દ્રિયસંયમ મૂક્યો છે; કારણ કે આ બે વસ્તુ હોય તો ઇન્દ્રિયદમન તો સહેજે વધવા માંડે છે.

શ્રદ્ધા દ્વારા તત્પરતા, અને તત્પરતા દ્વારા ઇન્દ્રિયસંયમ આવવા માંડે છે અને એને પરિણામે અંતર્મુખવૃત્તિ દ્વારા સમાધિલાભ થતાં આત્મજ્ઞાન પ્રાપ્ત થાય છે.

......સમય ખરાબ છે એ વાત સાચી, પણ પરમાત્મા જ કર્ત્તાહર્ત્તા હોઈ એની જ એ લીલા છે, એવી સમજણ રાખીને અડગ શ્રદ્ધા તથા શાંતિ વધારવાં; લોકો સર્વસ્વ ત્યાગ કરીને અરણ્યવાસ સેવે છે; ત્યારે તને આટલી અનુકૂળતા થઈ છે. અત્યાર સુધી અવિવાહિત રહેવાનો સંકલ્પ રાખ્યો છે, તે હવે શા માટે ખાડામાં પડવું! માટે હિમ્મત રાખવી. નિશ્ચય ન ફેરવવો; અને જો ખરી જ ભૂખ–અધ્યાત્મવિદ્યાની–હોય, તો મરણિયા થઈને એ માટે કટિબદ્ધ થવું. તારું લગ્ન–મેળાપ તો પરમાત્મા સાથે થઈ ચૂક્યું કહેવાય. જીવાત્માનો પરમાત્મા સાથેનો યોગ તે લગ્ન; એ લગ્નના ઉમેદવારને આવાં સ્ત્રીપુરુષનાં દેહનાં લગ્નની શી આવશ્યકતા? ક્રિયામાં જે આનંદ આવે છે, એ સંયમનો આનંદ છે; એ શુદ્ધ છે; શક્તિ આપનાર છે; એમાં જેમ જેમ અગ્રસર થવાશે તેમ તેમ અલૌકિક આનંદ મળશે. વિષયસુખનો આનંદ તો શક્તિનો નાશ કરનાર, ખેદ ઉપજાવનાર ને આયુષ્યને અલ્પ કરનાર છે.

(૭)

૨૬–૧૨–૩૫

તને મૃત્યુની ભાવના જેટલી ડરાવે છે એટલું મૃત્યુ ભયંકર

તો કેવળ પાપીનું હોય, કારણ કે વિષયીનું મન મૃત્યુકાલે ચિત્ત-પ્રાણ સાથે સંબંધ રાખીને ઇંદ્રિયોમાં ગૂંથાઈ રહેલું હોય છે, તેથી ઉદાન પ્રાણને મન તથા પ્રાણના સૂક્ષ્મ શરીરને એકત્ર રીતે દેહાન્તર કરવાનું હોય છે; જીવાત્માઓ મલિન અંતઃકરણનાં મન, પ્રાણ, તથા શરીર છોડવા માગતા નથી, અને કાલભગવાન એને એ ઘર છોડાવવા માંગે છે. તે વખતે એમાં પ્રાણ, મન તથા ઇંદ્રિયોનું યુદ્ધ થાય છે; આપણે જબરદસ્તીથી કોઈ પાસે ચીજો લઈ લઈએ ત્યારે લેનારને જેવો ત્રાસ થાય, તેવો દેહાસક્ત જીવાત્માને ત્રાસ થાય છે. પુણ્યશાળી જીવ આત્માભિમુખ (ઈશ્વરાભિમુખ) હોવાથી દેહભાન વિસરી જાય છે. તેઓને એવું સુંદર દેહાંતર થાય છે કે આનંદ આનંદ. તું ધ્યાનમાં બેસે છે ત્યારે ક્યાં સ્થૂલ–મન–પ્રાણનું તને ભાન હોય છે ? આવી સુખદ સ્થિતિ જેની હોય, વૈરાગ્ય અંતઃકરણમાં ભર્યો હોય ત્યારે તો દેહાંતર કરવામાં પણ આનંદ જ રહે છે. મૃત્યુ તો ઘણી વાર એક પ્રકારની સુષુપ્તિ જેવી દશા છે. તેથી બધાને મૃત્યુનો સમાન ભય કે દુઃખ હોતાં નથી. જેવી જેની મનોદશા અને કર્મભોગ તે પ્રમાણે અંતસમય હોય છે. માટે એ ભય તો મનમાંથી કાઢી જ નાખજે.

ખરી રીતે જોઈએ તો જન્મ જ નથી, તો મૃત્યુ ક્યાં છે? આવી પામરતાને તો આત્માના અજરઅમરપણાની શ્રેષ્ઠ ભાવનાથી નિર્મૂળ કરવી જોઈએ.

...સંસારનાં બંધન તો પુરુષાર્થ કરીને ઈશ્વરભક્તિ તથા આત્મજ્ઞાનથી તોડીએ ત્યારે તૂટે નહિ તો એ મથલાળ લંબાયા જ કરવાની. માટે બધો વ્યવહાર પતાવતો જા; હવે મનને નબળું પાડવાનું કે ઢચુપચુ કરવાનું નથી. વીરતા લાવવી જોઈએ. દુનિયાના

ાડા તો દુનિયાના વિષયવ્યવહારની જ સલાહ આપવાના. એમને બિચારાને પોતાની પામરતાનું કયાં ભાન છે? એમનામાં યાગ હોય તો લોકસેવા જેવાં પુણ્ય કર્મો વડે પોતાનું કલ્યાણ ન રે? છોકરાંછૈયાં વિષયવાસનાથી ઉત્પન્ન કરવાં અને પછી એનું ર્મ કે કર્તવ્યને બહાને પોષણ કરવાનો પોતાનો ફાંકો રાખવો —એ નથી ધર્મ કે નથી મોક્ષનું સાધન. પણ એવા સંસાર-ુબ્ધોની સાથે ન દલીલો કરવી કે ન એમને જવાબ આપવો આપણો માર્ગ સરલતાથી કાઢી લેવો.

*

# ૧૧

(૧)

૨-૮-૧૯૪૨

પત્ર મળ્યો. તમે તો પત્રમાં ગુરુ શબ્દથી સંબોધન કરી દીધું સાહસિક ખરાં. પરમાત્મા જ આપણા બધાના સાચા ગુરુ છે. "અખેગીતા"માં ગુજરાતનો સર્વશ્રેષ્ઠ જ્ઞાનીકવિ અખો કહે છે કે :

"ગુરુ ગોવિંદ, ગોવિંદ ગુરુ, તેનું નામ યુગલ રૂપ એક;
તેને સ્તવું નીચો નમી, કરું બુદ્ધિમાન વિવેક;
પરાત્પર પરબ્રહ્મ જે તે મન વાણીને અગમ્ય,
તેનો તે લક્ષ્ય આપી શકે તે માટે ગુરુ તે બ્રહ્મ."

× × ×

"જેમ શશી દેખાડે રવિધામને તેમ ગુરુ દેખાડે (આત્મ)રામ
તે માટે હરિ તે ગુરુ, ગુરુ ગોવિંદ એક નામ"—

સંતો અને જ્ઞાનીઓની વાણીમાં આવું ભારોભાર ભર્યું છે પણ અત્યારનો સમય વધારે પડતો અટપટો છે. ઉપર કહ્યું છે તેમ ગુરુ તો એક માત્ર અંતરાત્મા જ છે. એનું અભેદભાવે સ્વરૂપ સમજાય તો પ્રત્યક્ષ ગુરુમૂર્તિની, બીજા બાહ્ય આલંબનની,

કશી આવશ્યકતા નથી. બધી સાધના અંતઃકરણમાં કરવાની છે. સ્થૂલ અને જાગ્રત અવસ્થાનાં અવલંબન પણ મન ઉપર આધાર રાખે છે. મારે ગુરુ બનવું નથી. હું ગુરુદેવનો સામાન્યમાં પણ સામાન્ય શિષ્ય થવા મથનાર અભ્યાસી છું. અલબત્ત શુદ્ધ તત્ત્વ છું; એમાં લેશમાત્ર પણ સંશય નથી; કહેવાનું તાત્પર્ય એ છે કે, અત્યારે જે ગુરુપદ્ધતિ ચાલે છે તેને અને વાસ્તવિક સિદ્ધાંતને લાખો યોજનનું છેટું છે. અસ્તુ !

-

યોગવાસિષ્ઠ મહારામાયણ વાંચશો. બહુ સરસ ગ્રંથ છે. સમજાય તો ઉપનિષદો વાંચશો. પંચદશી પુસ્તક શરૂઆતમાં જરા અઘરું લાગશે પણ ગુજરાતી પ્રેસ-મુંબઈનું મળે તો એ ધીરે ધીરે વાંચવાથી સમજાય એવું છે.

તમે લખો છો કે મગજમાં નથી ઊતરતું પણ ધીરે ધીરે ઊતરશે એવી શ્રદ્ધા રાખવી. વ્યવહારને ખોટો માનીને કરશો. છોકરાંને રમાડીએ ત્યારે રમકડાંને આપણે સાચા હાથીઘોડા કે મોર નથી માનતા; તેવા જ અજ્ઞાની સમજી લેવા. એવી દૃષ્ટિથી બધો વ્યવહાર અજ્ઞાનીઓ સાથે કરવો. ધ્યાનમાં બેસવું; ૐનો જપ ચાલુ રાખવો. માનસિક રીતે ગુરુમૂર્તિને બ્રહ્મસ્વરૂપ માનીને નમસ્કાર (શારીરિક તેમ જ માનસિક) કરીને બેસી જવું; નેત્રો બંધ કરવાં અને ગુરુભક્તિ તથા આત્માનો આનંદ રોમરોમમાં ઊતરવા માંડે ત્યારે ભાવાવેશ ઉપર માનસિક અંકુશ રાખીને શાંતિ સ્થિર કરવાનો યત્ન કરવો. એ વિશુદ્ધ આનંદ વિષયાતીત સ્વરૂપનો જ છે. એનાથી મન તથા ઇંદ્રિયો તૃપ્ત થાય તો વિષયોના ક્ષુલ્લક આનંદ ભણી સ્વાભાવિક રીતે જ નથી જતાં.

ઉત્સાહ તો રાખ્યો રહે. શ્રદ્ધાનું પણ એવું છે. ભક્તિ પણ એવી જ રીતે વધે. બાહ્ય ધમાલ કે દેખાવ ન કરતાં સાધન ગુપ્ત રાખવું. આપણા આધ્યાત્મિક જીવનને લોકો સમજી શકતા નથી માટે અજ્ઞાનીઓની પાસે સાધન પ્રગટ કરવાથી ઘણી વાર હાનિ થાય છે. માટે શાંત અને ગંભીર ભાવે એવું બાહ્યદર્શન કે પ્રચારકાર્ય બંધ કરીને સાધન કરવું.

( ૨ )

૧૨-૧૦-૧૯૪૨

તા ૮-૧૦-૧૯૪૨નો પત્ર મળ્યો...બધી સંસારની માયા એવી જ વિચિત્ર છે. બાહ્ય અનાત્મ દૃષ્ટિમાં ક્યાંય પણ સુખ કે શાંતિ નથી. સુખ જ્ઞાનમાં-સાચી સમજણમાં છે. જેવું આપણું મન તેવી આપણી આસપાસના સંસારની અસર આપણા ઉપર થાય છે. કારણ કે જો મન ન હોય તો એકલા અખંડ સ્વરૂપમાં સંસાર કે દ્વૈત રહે જ નહિ.

માટે વ્યવહારનાં કામકાજ કરતાં કરતાં પણ આત્માની સત્યતા અને વ્યવહારનું મિથ્યાત્વ, એ બન્નેનો દૃઢ નિશ્ચય રાખીને જીવન ગાળતાં શીખવું.

( ૩ )

૨૬-૧૦-૧૯૪૨

....ગં. સ્વ. ચિ.... માટેની પણ હકીકત એમણે કહી. મેં ધાર્યું હતું તે પ્રમાણે જ નીકળી; હવે તો દરદ છેલ્લે પાટલે બેઠું છે. માનસિક ઇલાજ કરવાના હતા તે ન થયા; દવાઓ

તેમ જ બીજી કેટલીક ગડબડ એના મનમાં થઈ છે, એનું આ પરિણામ છે.

હવે એ ચર્ચા કરવાનો કશો અર્થ નથી. એ ઈશ્વરનું નામ લે છે એ જ મોટી વાત છે. પરમાત્મા એને સદ્‌બુદ્ધિ આપે.

મનને નિરાસક્ત રાખવું; જરાય દુઃખ ન થવા દેવું; બધા સંબંધ મનના માનેલા છે; જીવમાત્ર વિચાર કરવામાં સ્વતંત્ર છે. જન્મ જન્માંતરમાં કોણ જાણે ક્યાં જઈને ઊભો રહે છે ને નવા જ સંબંધ બાંધે છે! કોઈ કોઈનું નથી, છે તો સૌ સૌના છે. એવી જ રીતે સર્વવ્યાપક પરમાત્માનાં બધાં છે, એમ સમજી સેવા કર્યા કરવી. આવું જ્ઞાન દૃઢ રાખજો.

*

# ૧૨

(૧)

૨-૯-૧૯૪૨

ધ્યાનમાં વધારે વખત નથી બેસાતું એમ તમે લખો છો. એવું બને એ સ્વાભાવિક છે. વિઘ્નો ત્રણ પ્રકારનાં હોય છે. પુસ્તકોમાં એના ઘણા ખુલાસા હોય છે છતાં લખું છું :

એક-સ્થૂલ શરીરનાં : વ્યાધિ : ભૂખ, તરસ, કામકાજનો પરિશ્રમ, ઉજાગરો, અત્યાહાર, અલ્પાહાર, કે અતિનિદ્રા વગેરે.

બીજું-સૂક્ષ્મ શરીરનાં : ઉપાધિ, મનના ઉચ્ચાટ, જ્યાંત્યાં મમતા, રાગદ્વેષ, હર્ષશોકના પ્રસંગો, કામકાજની ચિંતા હોય- એવાં કારણો મનને શાંતિ આપી શકતાં નથી. મનને અદ્ધર જ રાખે છે.

ત્રીજું-કારણ શરીરનું વિઘ્ન : આધિ, અવિદ્યા, અજ્ઞાન, હું જીવ છું. વૃદ્ધ કે યુવાન છું સંતતિવાન છું. અમુક જ્ઞાતિ કે અમુકતમુક છું-એવી ભાવના. આ ભાવનાને શાસ્ત્રમાં વિપરીત ભાવના કહે છે. વિપરીત ભાવનાનો અર્થ દેહભાવ થાય છે; હું વિશુદ્ધ, સચ્ચિદાનંદ, નિરાકાર, અખંડ આત્મસ્વરૂપ છું. મારામાં

કશું દ્વૈત નથી એ ભાવનાને બદલે એના કરતાં વિરુદ્ધ દેહપોષક જીવસ્વભાવના મોટામાં મોટું વિઘ્ન છે. આ બધું સમજવા માટે પરમામૃત અને લઘુવાસુદેવમનનમાંથી આત્માનું સ્વરૂપ અને શરીરોના ધર્મો સમજી લેવા. સંસાર બહાર નથી પણ મન જ સંસાર છે એમ સમજીને આત્મભાવનાના અભ્યાસ દ્વારા એને નિર્મૂળ કરવા જોઈએ.

બીજી રીતે સમજીએ તો એ બધાંય આત્માના જ ફણગા જેવાં છે એટલે આત્મસ્વરૂપ છે, ભગવાનનાં સ્વરૂપ કે મારાં સ્વરૂપ છે, એવી ભાવના દ્વારા એમાંથી રાગદ્વેષ કાઢી નાખીએ, તો પણ આત્માકારવૃત્તિ થવાથી ચિત્ત એકાગ્ર થાય છે.

સાચી વાત છે આપણા જ્ઞાનપૂર્વક વૈરાગ્યનો હોય તેટલો જ ભક્તિનો વેગ હોવો જોઈએ. સંસારમાં કોઈ પણ પદાર્થ તરફ મન આકર્ષાય ત્યારે એમાં આસક્તિ ભરી પ્રીતિ કે મમતા હોય છે; જે જેનું અહોનિશ ચિંતન કરે એ એના સ્મરણપટ ઉપર હંમેશ રમ્યાં કરે છે ધ્યેયમાં ભક્તિ જ એકાગ્રતા કરવાનું મૂળ છે.

ગભરાવું, અકળાવું, કે મૂઝાવું નહિ. જેટલો જાગ્રતના વ્યવહારમાંથી સમય મળે તે બધો ઈશ્વરસ્મરણમાં ગાળવો જોઈએ.

વ્યવહારમાં સંસારને સત્ય માનીને રચ્યાપચ્યા રહીએ એટલે ધ્યાનમાં અમુકને કાઢી નાખવું છે પણ જતું નથી એમ કર્યા કરીએ, તો કશું સિદ્ધ થતું નથી. વ્યવહારમાં તો જગતને સાચું માનીને મનમાં સંઘરી રાખીએ, અને ધ્યાન વખતે એને ખોટું માનીને કાઢવા મથીએ, તો ચોવીસ કલાકના

વ્યવહારની સત્યતા, ધ્યાનના અર્ધા કલાકની મિથ્યા માનવાની મહેનતથી નીકળી જતી નથી. માટે મુખ્ય વસ્તુ વ્યવહારની શુદ્ધિ છે. વ્યવહારમાં જ પરમાત્માનું સ્મરણ રાખતાં શીખવું જોઈએ. પરમાત્મા સમસ્ત નામરૂપના વસ્ત્રમાં સૂતરના તાંતણાંની પેઠે ઓતપ્રોત છે નામરૂપને બાદ કરતાં વસ્તુ સ્વરૂપે પોતેજ છે, એમ વિચાર કર્યા કરીએ ત્યારે એ ભાવના દૃઢ થાય અને ધ્યાન વખતે ઉપયોગી થઈ પડે છે.

પરમાત્મા કે આત્મા એનું સ્વરૂપ નિત્ય (સત્ય) છે. એ જ જ્ઞાનપ્રકાશ ચૈતન્યસ્વરૂપ છે; એ જ આનંદ છે. અને એ સિવાય નામરૂપ તરીકે દેખાતું બધું બદલાતું ને નકામું છે. એ પરમાત્મા જ સૌનું આદ્યમન છે. દાગીનામાં સુવર્ણ હોય તેમ; સુવર્ણ પ્રતિ પ્રીતિ હોય છે કે દાગીનાના નામરૂપ ઉપર? ઘાટ ખોવાઈ જાય ત્યારે સુવર્ણ પડયું રહે છે? અને તે વખતે ઘાટ ગયો પણ સુવર્ણ રહ્યું ખરું એમ કોઈ કહે છે ખરું? દૃષ્ટિ તો સુવર્ણ ભણી જ હોય છે. ભલે ગમે તેવા ઘાટ ફેરવાયા કરે પણ સુવર્ણ તો રહે છે, એવી દૃષ્ટિ વ્યવહારમાં રાખવી. એક જ સત્-ચિત્- આનંદ ભિન્ન ભિન્ન નામરૂપ ધારણ કરે છે, નામરૂપ બદલાતાં એ પોતે તો એમનું એમ જ છે, અને તે જ મારું કે સૌનું સ્વરૂપ છે એવો નિશ્ચય કરતાં જવો. આ જ વેદાન્તનું મનન છે.

ભૂતકાળમાં કે અત્યારે જે જે જ્ઞાનીઓ કે ભકતો થઈ ગયા છે તેમણે ભગવદ્‌સ્મરણ, ભગવદ્‌દર્શન, અને ભગવદ્‌મનન દ્વારા આસકિત કાઢી નાખી મનને એમાં જ નિશ્ચયભાવે રાખ્યું હોય છે. અને તેથી વ્યવહારમાં, એકાન્તમાં કે ધ્યાનમાં ચિત્ત તરત જ એકાગ્ર કરી લીધું હોય છે.

ધ્યાન વખતે એકાન્ત રાખવું; વહેલા ઊઠીને ધ્યાનમાં બેસી જવું, પરમાત્માને જેમ રાખવું હોય તેમ શરીરને રાખે એવી શ્રદ્ધાથી વિસારી મૂકવું. ભકિતના ભાવ આવે તો આવવા દેવા. શરીર જુદી જુદી ચેષ્ટા કરે (આસન) કે દીર્ઘ કે ઉતાવળા શ્વાસોચ્છ્વાસ ચાલે (પ્રાણાયામ) તો ચાલવા દેવા. મનમાં શ્રીઈષ્ટસ્મરણ–ૐ સ્મરણ કે એવું કાંઈ અવલંબન રાખવું અને એના પર પૂર્ણ ભક્તિભાવ વધારવો. આમ કરવાથી સંસારની વિસ્મૃતિ થશે અને નિજાનંદનો અનુભવ થશે.

એકાન્તમાં પણ સાધન ગુપ્ત રાખવું. હર્ષના ઉન્માદમાં ઊભરાઈ જઈને મેં કંઈક મેળવી લીધું એમ માની એની જાહેર-ખબર પીટાવવી નહિ. લોકો જેમ ઓછું જાણશે તેમ આત્મ-સિદ્ધિ વિશેષ થશે. આપણે જગતને બતાવવા માટે મહેનત કરતા નથી એ ભૂલવું નહીં.

ઉત્સાહ અને ધૈર્ય બન્ને રાખવાં. પત્ર લખ્યા કરવો, અહીંની ચિન્તા ન કરવી. કશી ચિન્તા ન કરવી; એક માત્ર લક્ષ્ય સચ્ચિ-દાનંદ છે. એ મારું સ્વરૂપ છે એવો નિશ્ચય રાખવો.

અને પ્રારબ્ધ પ્રમાણે—પૂર્વકર્મ પ્રમાણે વ્યવહાર આવી મળ્યો છે, તે શાંતિ અને આસક્તિ વગર નિભાવવો. કામકાજ માટે વિચારો કરવા પણ એ માટે સતત સ્મરણનો મગજ પર ભાર કે ચિત્તમાં દાહ કે ક્લેશ રાખવાં નહીં. આનંદ જ આપણું સ્વરૂપ છે. એ આનંદસ્વરૂપે જીવવા માંડવું એ જ આત્મદર્શનના શ્રીગણેશ છે.

( ૨ )

૩૦-૯-૧૯૪૨

જે થાય તે પૂરા વૈરાગ્ય અને ભક્તિપૂર્વક થવું જોઈએ. સાધનમાં પણ શિર ઉપર રક્ષક અને દિગ્દર્શક હોવાં જોઈએ, જે અનુભવી સંતો મારફત બની શકે છે

બાકી દ્વૈત સમસ્ત દૃશ્ય છે, સૌની પોતપોતાના મનની કલ્પના છે. સંસારની અસત્કલ્પનાનો ઈશ્વરગુરુ. શાસ્ત્રમાં રાખેલી સત્રૂપી શ્રદ્ધાથી નાશ કરી શકાય છે એટલા પૂરતો એનો ઉપાસનામાં ઉપયોગ છે.

( ૩ )

૨૩-૯-૧૯૪૨

હમણાં તમારાથી ધ્યાનમાં નહિ બેસાતું હોય એ સ્વાભાવિક છે. ધ્યાનનું અને મનનું એક જ ફળ કૈવલ્ય જ્ઞાન છે. જેમ જમ્યા હોઈએ તો જ કામકાજ કરી શકીએ, કારણ કે આહારની પરીક્ષા શરીરની ક્રિયામાં થાય છે. તેમ ધ્યાન તથા મનની પરીક્ષા વ્યવહારકાર્યમાં આત્મભાન કેટલું રહ્યું એનાથી થાય છે. ચિત્તમાં સતત્ આત્મભાન રહે અને એમ છતાં વ્યવહાર ભાનપૂર્વક થાય એ જ્ઞાનની કસોટી છે અસ્તુ:

—બહેનની વાત તમારા તથા અ. સૌ. × × × ના પત્રથી જાણી. વિષય ચિન્તાનો ખરો. ઉંમર નાની છે એમ લખો છો પણ ૩૦-૩૫ કરતાં તો નાની નહિ હોય એમ માની લઉં છું.

આ ચિત્તભ્રમનાં નીચે પ્રમાણે કારણો હોઈ શકે.

(૧) ઈશ્વરની ઉપાસનામાં, ભક્તિમાં કે ધ્યાનની એકાગ્રતામાં ભાવાવેશના સંયમ વગરનું મન એક જ વિષયમાં કયારેક ઉન્મત્ત બની જાય છે, ત્યારે મન એકની એક જ વાત કર્યા કરે, એનું એ જ બોલ્યા કરે; જગતની ક્રિયાનું ભાન ન રહે ત્યારે એવી ઉન્મત્ત ભક્તિની સ્થિતિને સામાન્ય લોકસમૂહ અવધૂત, કે મસ્ત ભક્ત તરીકે ઓળખે છે. શુદ્ધ વાસનાના ઉન્માદને ઈશ્વરની મસ્તીનું નામ આવા શાણા લોકો આપે છે.

(૨) તેવી જ રીતે મનમાં દબાઈ રહેલી ભોગની અશુદ્ધ અને અતૃપ્ત વાસના ઉપર જ વારંવાર મન જાય, ત્યારે એક જાતનું ગાંડપણ આવે છે. એક બીજો ભય આમાં હોય છે. લોકલાજને લીધે વાસના પ્રકટ કરી શકાતી નથી, ને ભોગ ભોગવી શકાતા નથી, તેથી આવી અતૃપ્ત મનોવૃત્તિ અંદર અટવાઈને ચિત્ત તથા પ્રાણમાં જબરું મન્થન કરે છે તેનાથી મનની બીજી વ્યવહારની વૃત્તિઓ ઉપર અંકુશ રહેતો નથી, જેને આપણે ગાંડપણ કહીએ છીએ. આ રોગ દવાથી સુધરવો મુશ્કેલ છે.

(૩) ત્રીજી વાત ભૂતપ્રેતાદિની છે. એનો પ્રવેશ પણ નબળા મનનાં માનવીઓમાં થાય છે. એ ભૂતપ્રેત જેટલાં બળવાન હોય તેના કરતાં એની સામે વધારે પ્રબળ વ્યકિતની તપશ્ચર્યા કે સંકલ્પ હોય તો તે દૂર થાય છે.

(૪) ચોથો પ્રકાર વ્યાધિનો છે. આમાં દવા કામ કરે છે; અતૃપ્ત વાસના, નિરંકુશ આવેશનું ગાંડપણ અને ભૂતપ્રેતાદિના પ્રવેશના જેટલા આવા કેસ મેં જોયા છે તેમાં દવાઓ ફાયદો ન કરતાં ઊલટું નુકસાન વધારે છે એવો અનુભવ છે.

તેથી આ બહેન માટે હવે શું કરવું, એ કઠિન પ્રશ્ન છે. હું અહીં અને તે ત્યાં; કેવળ તમારા વર્ણન પરથી મારે જે સમજવું હોય તે સમજી લેવાનું છે એક બીજી વાત ઠીક નથી થઈ. અ. સૌ. × × × લખે છે કે એને દમનો વ્યાધિ હતો અને તેથી મોર્ફીયાના ઈન્જેકશન પણ અપાતાં હતાં. આવા કેફી પદાર્થના સેવનથી જ્ઞાનતંતુઓ જડ થઈ જાય છે અને એવાં માદક દ્રવ્યોથો આવા માણસનો હઠ—તમોગુણ વધતો જાય છે.

એને ખબર ન પડે તેમ 'ૐ નારાયણ' મંત્રની પાંચ માળા તમારે એકાન્તમાં જપવી અને એ બહેનનું જ સ્વરૂપ દૃષ્ટિ સામે રાખવું. ઉપરાંત જ્યારે જ્યારે એ નજરે પડે ત્યારે એની પીઠના ભાગમાં–ડોકની પાછળના ભાગમાં દૃષ્ટિથી સંકલ્પ ફેંકવો. સ્પર્શ થઈ શકતો હોય ત્યારે શ્રીઇષ્ટનું સ્મરણ કરીને એની પીઠ ઉપર, ડોકથી ઠેઠ મૂળ સુધી પહોંચે તેમ-ઉપરથી નીચે જાય તેમ હાથ ફેરવવો. અને એને શાંતિ ઈચ્છવી. બને તો મસ્તક ઉપર પણ હાથ ફેરવવો. આવું દિવસમાં જ્યારે જ્યારે બને ત્યારે કરવું. રાત્રિએ ખાસ.

તમારે પોતે સંકલ્પબળ વધારવું. અત્યારે જાણે એ જ ઈશ્વર છે, અને આપણી ભકિતનું બળ અજમાવવા અને વધારવા બહેનના ભ્રાન્તિવાળા સ્વરૂપે તમારી પાસે આવ્યાં છે, એમ માની એનું જ સ્મરણ-મનન અને બધું ઇચ્છાનું બળ એના ઉપર જ અજમાવવું. એમ કરતાં કશો ભય ન રાખશો. તમારું બળ ઓછું નહિ થાય, તમને કશું નહિ થાય એવી શ્રદ્ધા રાખજો. પરમાત્મા હમેશાં તમારી નિકટમાં છે-તમારા અંગેઅંગમાં, રોમેરોમમાં. સંકલ્પમાં, વાણીમાં છે, અને એ દ્વારા તમારી મારફત કામ કરાવે છે, એવી

અટલ શ્રદ્ધાભક્તિથી એ બહેન ઉપર એની શાંતિ માટે સંકલ્પ મૂકયા કરજો. જેટલી તમારી શ્રદ્ધા વિશેષ, એટલું ફળ જલદી મળવાનો સંભવ.

હમણાં આટલું કંટાળ્યા વગર કરો...... શ્રદ્ધા અને ભક્તિ, સંકલ્પ અને શક્તિ તમારામાં અખૂટ છે એમ માની–વિશ્વાસ રાખી કામ કરો. અર્ધવિશ્વાસથી કે શંકાશીલ હૃદયથી કશું ન કરશો.

( ૪ )

તા. ૫-૪-૧૯૪૩

ધ્યાનમાં તો ગુરુભક્તિ જ કામ લાગે છે. ભક્તિમાં ચિત્તને તરબોળ કરી દેવું. એકાન્ત અને નિરાંતે બેસી શકાય એવો વખત શોધી કાઢવો. શરીરને જે સ્થિતિમાં ઠીક લાગે તે સ્થિતિમાં પડવા દેવું; મનમાં ભક્તિનો વેગ, અને ૐ નો માનસિકમાં જપ રાખવો. આનંદમાં મસ્ત બની જવું. બીજું બધું ગુરુદેવ કરી લે છે.

*

# ૧૩

(૧)

૧૨-૧-૧૯૪૩

ઘણા વખતથી તમારાં જેવાં ઘણાંને વિસ્તારથી કાગળ નથી લખી શક્યો. કારણો તો ઘણાં છે. મુખ્ય કારણ વખત નથી મળતો.

વાચન કંઈ ને કંઈ ચાલુ રાખજો. વેદાંતનાં પુસ્તકો શરૂઆતમાં અઘરાં લાગે છે. પણ શ્રદ્ધા અને ધીરજથી વાંચવાનું ચાલુ રાખીએ તો પાછળથી એ પુસ્તકો પ્રાણ જેવાં પ્રિય લાગે છે. આત્મકલ્યાણનો માર્ગ એમાંથી જ નીકળી આવે છે.

મારું આવવાનું તો ત્યાં બને એમ નથી અહીંથી નીકળવાની વૃત્તિ જ નથી. બેઠા છીએ, આવનારને આવવું હોય તો આવે, અને એટલેય જે ભોગ ન આપી શકતા હોય તેને આત્મજ્ઞાન કેવું? સમય પ્રમાણે વાચન રાખવું. એ પણ એક જાતનો સત્સંગ જ છે.

મુખ્ય વાત તો જે ઉત્સાહ શરૂઆતમાં રાખ્યો હોય તેવો જ ઉત્સાહ કાયમ નિભાવી રાખવો જોઈએ; આપણાં જ્ઞાન, વૈરાગ્ય,

ભક્તિ તથા શ્રદ્ધા, વગેરે સંયોગો બદલાય તેની સાથે ન બદલાતાં વિપરીત સંયોગોમાં તો ઊલટો વધારો થાય એવું મનોબળ કેળવવું જોઈએ.

પંચદશી વિચારપૂર્વક સમજીને વાંચવાનુ રાખજો ને યોગવાશિષ્ઠ મહારામાયણ મંગાવીને વાંચ્યા કરજો.

ખરી વાત અંદરથી હૈયાઊકલતની છે. વ્યવહારમાં પણ આત્મભાન રહે, વૈરાગ્ય-અનાસક્તિ રહે, અને સ્મરણ ચાલુ રહે એવો અભ્યાસ કરવો જોઈએ.

ધ્યાનમાં બેસતી વખતે મનને વૈરાગ્યના ઉપદેશથી સમજાવીને ઇષ્ટમાં પ્રેમપૂર્વક જોડવું. આ સંસારમાં અનેક જન્મ લીધા, અનેક સુખ ભોગવ્યાં, છતાં પરિણામે દુ:ખ જ આવે છે એમ સમજી ઇષ્ટના આપણા પ્રતિના વાત્સલ્યનું સ્મરણ કરીને ભક્તિ વધારવી. જેમના સ્મરણથી નિર્વિષયી આનંદ મળે, દુ:ખમય ભવરણમાંથી છૂટાય અને જન્મોજન્મની વિદ્યા સાર્થક થાય એવી ઈશ્વરની ભક્તિભરી ભાવના કેળવવી જોઈએ.

સમય વિપરીત લાગે એ સ્વાભાવિક છે. મોંઘવારી વધી પડી છે. ચીજોની અછત પણ ખૂબ છે. વ્યવહાર નિભાવવાની ખૂબ જ મુસીબત પડે છે; છતાં ચિત્તમાં શાંતિ રાખવી. ગભરાવું નહિ કાલના પ્રભાવને લીધે લોકોનાં હૃદયમાંથી પ્રેમ સૂકાઈ ગયો છે. બધે સ્વાર્થની દુર્ગંધ વધી પડી છે, તેવા સમયમા આપણે શ્રી ઇષ્ટસ્મરણથી સ્વભાવ સુધારવો અને આત્માની-સ્વરૂપની સર્વોદય સુગંધ લીધા કરવી.

( ૨ )

૧૬-૬-૧૯૪૩

યોગવાસિષ્ઠ પુસ્તક, જો સાચો વૈરાગ્ય અને આત્મજ્ઞાનની ખરી જિજ્ઞાસાની સાથે અચલ શ્રદ્ધાભક્તિ હશે તો બહુ જ ગમશે અને સમજાશે પણ ખરું. ધીરે ધીરે વાંચવું. ન સમજાય એટલું બાકી રાખી એક વાર આખો ગ્રંથ વાંચી જવો, પછી બીજી વાર, ત્રીજી વાર, એમ વાંચવાનાં આવર્ત્તન કરવાથી બધું સમજાશે.

ધ્યાન માટે કરો છો તે બરોબર છે. શાંત થઈને બંધ નેત્રે પડ્યાં રહેવું. ઊંઘ આવે તો પણ તેથી લાભ જ છે. શરૂઆતમાં થોડી આવે પણ તેથી શરીર સારું થશે શરીરની કાળજી રાખવી જોઈએ. સ્વસ્થ શરીર હોય તો જ ઈશ્વરચિંતન થાય છે.

સાધના વિષે જે સમજવા જેવું હોય તે વિના સંકોચે લખવું; ધ્યાનમાં સૂઈ જવાય તો જાણે પ્રેમાળ માતાના ખોળામાં માથું રાખીને સૂતાં હોઈએ એવા પ્રેમથી સૂઈ જવું. બેસાય ત્યાં સુધી પરમાત્મા આસપાસ સર્વત્ર આનંદરૂપે વિરાજમાન છે એવી શ્રદ્ધા, અને ભાવના રાખવી. પરમાત્માનું-આત્માનું સ્વરૂપ સત્-ચિત્-આનંદ છે એનો અનુભવ ધ્યાનમાં થાય એ જ જ્ઞાનસમાધિ. આખો દિવસ વ્યવહારમાં પણ એ જ આનંદ ટકાવી રાખવો. ભવિષ્યની ચિન્તા ન કરશો. ગ્લાનિ, ખેદ, નથી ગમતું, ઉદ્વેગ, એ બધાંને તો હૃદયમાંથી વાળી કાઢવાં.

( ૩ )

તા. ૨૬-૭-૧૯૪૩

(૧) ધ્યાનમાં ઊંડા ઊતરી જવાય છે, એમાં બ્હીવા જેવું

કશું નથી આત્માનું સ્વરૂપ સત્-ચિત્-આનંદ છે, એમાં બુદ્ધિ, અહંકાર, કશું નથી. ધ્યાનમાં ૐના ભક્તિપૂર્વક જપ કરવા માંડીએ ત્યારે બહારના જગતનું ભાન ધીરે ધીરે લુપ્ત થતું જાય છે. પછી દૃશ્ય પ્રપંચનો લય, છેવટે ૐનું નાદશ્રવણ પણ ન રહે, ત્યારે કલ્પના કે દૃશ્ય વિનાની કેવળ આનન્દમય અવસ્થા રહે છે.

(૨) તમને જે સ્થિતિ આવી પડતાં ગભરાટ થાય છે એનું કારણ શાસ્ત્રનું અજ્ઞાન છે. ધ્યાન વખતે તો નિરાંતે ફુરસદ મેળવીને બેસવું જોઈએ, પાંચછ કલાક નીકળી જાય તો પણ ચિન્તા નહિ, એવું ધારીને બેસીએ તો પછી ઊંડા ઊતરી જવાય એની ચિન્તા શી ? મૃત્યુ તો નહિ જ આવે એવી શ્રદ્ધા રાખવી. બ્હીક શાની લાગે છે ? લોકલાજનો ભય રહે છે ? વ્યવહારના કામની ચિન્તા રહે છે ?-આવી આવી મૂંઝવણો હોય ત્યારે આવું બને છે. આપણી જ સુષુપ્ત કલ્પનાઓનાં દૃશ્યોથી જ ભય લાગે છે તેમ આનંદ પણ આવે છે. બધો માનસિક શુભાશુભ સંસાર મનની જ કલ્પના છે એમ સમજીને ભય ત્યાગવો.

(૩) ધ્યાનનો માર્ગ તો સમાધિ સુધી પહોંચવાનો છે. એમાં ગભરાટ શા કામનો ?—પણ એ ન ફાવતું હોય તો પૂજા કરવી, જપ કરવા અને વેદાન્તનાં-જ્ઞાનમાર્ગનાં પુસ્તકો વાંચવાં; આત્માનું સ્વરૂપ શાસ્ત્રમાંથી જાણી લેવું; એનો જ નિર્ણય કરવો; વ્યવહાર કરતાં કરતાં પણ એનો અનુભવ કરવો; મનમાં હમેશાં આનંદ—આત્માનો આનંદ રાખવો; વ્યવહારને-જગતને -સ્વપ્નના જેવો સમજવો; એમાં દુઃખી થવું નહિ. આવું જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિભર્યું હૃદય રાખવું. ધ્યાન માટે આગળ ઉપર જોઈ લેવાશે.

(૪) ભકિત એટલે અનન્ય પ્રેમ, બીજા કશામાં ન હોય એવો પ્રેમ. એમાં ભય શાનો? એ પ્રેમ કોઈ વિષયનો પ્રેમ નથી. માટે ભક્તિમાં નિર્ભયતા કેળવવી, પુસ્તક વાંચવું એ જ વખતે એવો ભાવ આપણા મનમાં ભરવો.

(૫) સંસારસાગરમાં લાકડું તરી શકે. પથ્થર ડૂબી જાય. પથ્થર નૌકા ઉપર બેસે તો તરે. નૌકાથી છૂટો પડે તો ન તરે. તેમ ગુરુ સાથે એક (-ભક્તિથી-) થઈએ-શરીરથી નહિ-તો સહેજે તરીએ. એ માર્ગ શીખવા-જાણવા જેવો છે, સંતોનાં જીવનચરિત્રો વાચો. સંસારથી નિર્મોહી થઈએ એટલે એવું હૃદય આપોઆપ ભક્તિભર્યું બને છે એવી ભક્તિના સંસ્કાર તો સ્વાભાવિક થઈ જવા જોઈએ.

(૬) છોકરાને માબાપની ભક્તિ શિખવી શિખાતી નથી. પતિપત્નીને પરસ્પર પ્રેમ કરતાં શિખવવું પડે એ પ્રેમ ન કહેવાય; પ્રેમ શિખાડ્યો શિખાય નહિ. તેવી જ રીતે ઈશ્વરભક્તિ કે ગુરુભક્તિ શિખવી શકાય એવી નહિ, પણ સંસાર અને સંસારી વિષયો કે પદાર્થોના વૈરાગ્ય વિનાની એવી ભકિતની કલ્પના પણ અશકય છે

(૭) પણ આમ શિખાય:-માબાપને છોકરાંનો મોહ સ્વાભાવિક હોય; લોભીને ધનનો લોભ સ્વાભાવિક હોય-વિષયીને કામ સ્વાભાવિક હોય, કીતિની વાસનાવાળાને કર્તિની વાસના સ્વાભાવિક હોય—આ બધું જેમ સૌના મનમાં સ્વાભાવિક હોય છે. એ ખેંચાણ જેમ સ્વાભાવિક થાય છે, તેમ સાધકના ચિત્તમાં સ્વાભાવિક ભક્તિ હોય તો એ ઇષ્ટફલ આપે. બાકી તો બધું નકલ કહેવાય.

(૮) માટે સ્વાભાવિક ભક્તિ હૃદયમાં થાય એવું શીખવું. પછી પૂજા, પાઠ, ધ્યાન, જ્ઞાન, બધું સહજ સ્વભાવે થશે. વ્યવહાર પણ વ્યવહારની ખાતર કરવો. એના સંસ્કાર મનમાં ન પડવા દેવા. સંસારમાં બધાં, નજદીકમાં નજદીકનાં સગાં પણ સ્વાર્થી જ છે, એ તપાસતાં અને અનુભવતાં શીખવું જોઈએ. ને પછી કેવળ તટસ્થ, અને નિર્લેપ રહીને એમની સાથે નિર્લેપભાવે વ્યવહાર કરવો. તટસ્થ બન્યા વિના નિર્લેપ નહિ રહેવાય. સંસારના બીજા માણસોની સામે જેવો વ્યવહાર તેવો વ્યવહાર કરીએ તેવો વ્યવહાર અંગના માણસોની સાથે પણ કરવા માંડવો. ખપ પૂરતો જ વ્યવહાર કરવો. સૌને સૌનું ફોડી લેવા દેવું, ન છૂટકે જ વ્યવહારમાં માથું મારવું. આપણા વિના પણ જગત તો ચાલ્યાં જ કરે છે એમ સમજવું. આમ જરા સંસાર તરફ કઠોર થવું જોઈએ. કોમળતા ઈશ્વર અને ઈશ્વરીજન તરફ રાખવી. કઠોરતા વિષયી અને લોલુપ જીવાત્માઓ માટે વાપરવી. આમ થશે તો ગાડું સરલ થવા માંડશે.

ભવિષ્યની કશી ચિંતા ન કરવી પરમાત્મા બધા જીવોનાં કર્મ પ્રમાણે ફળ આપે છે. અજાણતાં અજ્ઞાનમાંથી આ સંસારમાં આવી ચઢ્યા છીએ, અને આસપાસનાં માણસોને મારાં માનીને એમના વિષયભોગને દુઃખે દુઃખી અને સુખે સુખી બનીને નકામાં હાયવોય કરીએ છીએ શા માટે એમ કરવું? ક્યાં સુધી? કેટલા જન્મ આવા કહાડવા છે? પહેલું પગથિયું વૈરાગ્યનું છે; વૈરાગ્ય હશે તેટલી ભક્તિ આવશે.

શાંતિ રાખવી, ધીરજ અને ઉત્સાહ રાખવાં; આનન્દ તો આપણું સ્વરૂપ જ છે. આમાં અંગત કશું નથી લખ્યું. માઠું ન લગાડતાં શુદ્ધ વિચાર કરીને મનમાં ઉત્સાહ વધારવો.

(૪)

૧૬-૯-૧૯૪૩

શરીરના ધર્મ જ એવા છે કે જન્મે, વધે, ઘટે, અને મરે, અને એનું મુખ્ય વિઘ્ન વ્યાધિ છે; વ્યાધિ એટલે વિશેષ આધિ; આધિ એટલે આપણા પૂર્વસંસ્કાર અને પૂર્વક્રમ પ્રમાણે મનમાં જે સુખદુઃખાદિ રાગદ્વેષ ઊભાં થાય તે વિકાર રૂપે સ્થૂલ શરીર સુધી પહોંચી વાત-પિત્ત-કફમાં ફેરફાર કરી નાખે. એમાં કશો ફેરફાર આપણો ધાર્યો થાય નહિ. ખાનપાનમાં નિયમ પાળવા, એ તો બહારના ઈલાજો છે. ચિત્તની શાંતિ માટેનો ઉપાય તો "સર્વશાસ્ત્રસિદ્ધ હું આત્મા-સચ્ચિદાનંદ-ઘન છું, અને શરીર નથી" એ છે. એ જ્ઞાન હંમેશાં અંતઃકરણમાં જાગ્રત રહે તો બહુ ફેર પડે છે; મનમાંથી શાંતિ અને આનંદ જતાં નથી. ધીરે ધીરે પ્રયત્નને પરિણામે સ્થિર અને નિત્ય રહેવા માંડે છે. હરતાં ફરતાં, સૂતાં પણ ૐ આત્માનું નામ છે એનો મનમાં જપ ચાલુ રાખવો

સો વાતની એક વાત :-દેહ અને દેહના સંબંધો મનના માનેલા છે. તેનો વિચાર અને ચિંતા છોડી દેવાં, મનમાંથી તો કુહાડી જ નાખવા; વ્યવહારમાં થાય તેટલું કામ કરવું, બીજું એની મેળે થયા કરશે-તે જોયા કરવું

(૫)

૨૦-૧૦-૪૩

તમારા જેવા શાળા-કૉલેજના વિદ્યાર્થીઓએ તો અત્યારે કેળવણીની સિદ્ધિસાં જ મનને રાખવું જોઈએ, સાથે સાથે ઘરમાં સવાર-સાંજ થોડો વખત મેળવી સંધ્યાવંદન તથા ગાયત્રીજપ

કરવાં જોઈએ. એથી વિશેષ આ તરફ હમણાં મનને વાળવાની જરૂર નથી. અભ્યાસમાં વિઘ્ન ન આવે એ દૃષ્ટિએ આટલું લખ્યું છે.

બીજુ એ ધ્યાનમાં રાખવાનું હોય છે કે, સકામ ભક્તિ ન રાખવી પરીક્ષામાં પાસ થવાય, કે શરીર ઠીક રહે—એવી આશાવાળી ભક્તિથી પામરતા વધે છે; કર્મનું ફળ તો આપણા અત્યારના અને પાછલા જન્મના પુરુષયત્ન ઉપર આધાર રાખે છે. સકામ ભાવમાં ઊતરીને ભક્તિ કરીએ તો શંકાશીલ, વહેમી બની જવાનો સંભવ છે, કે જે આગળ ઉપર આ આત્મજ્ઞાનના માર્ગમાં વિવિધ અને અસંખ્ય વિઘ્નો ઊભાં કરે છે અત્યારે તો ચિત્તમાં પ્રસન્નતા રાખવી, વિલાસી વૃત્તિઓ પર અંકુશ રાખવો, વડીલાની આજ્ઞા પાળવી અને સાધારણ ઉપર કહ્યું તેમ સંધ્યાવંદન સાથે ગાયત્રી, જપ, શિવપંચાક્ષરમંત્ર (ૐ નમઃશિવાય) કે કેવળ ૐ (એકાક્ષર મંત્ર)નો થોરો જપ કરીને એનો વિશુદ્ધ આનંદ મનમાં લેવો એથી આગળ ઉપર માર્ગ સરળ થશે

વિદ્યાર્થીઅવસ્થા તો સફેદ કપડા-જેવી છે. એના રંગ વખતે વખતે બદલાય એવા કાચા હોય છે. ત્યાં વગર વિચારે આપણે કોઈ સામાન્ય વાતમાં ઊતરી પડીએ, અને ભૂલેચૂકે એ રંગ નકામો છતાં પાકો હોય, તો પછી એને કાઢતાં કપડું જ ફાટી જાય છે. માટે સાવધાની રાખવી

હમેશાં આનંદમગ્ન રહેવું. અભ્યાસમાં એકનિષ્ઠ પ્રેમ રાખવો અને પુરુષાર્થમાં જ બધી સિદ્ધિ છે, એવી આત્મશ્રદ્ધા કેળવવી.

( ૬ )

૨૨-૧૦-૪૩

ધ્યાન કાંઈ ધ્યાનની ઓરડીમાં બેસીને જ થાય એવું નથી. શરીર સારું કે શુદ્ધ ન હોય તો પથારીમાં, પલંગ ઉપર, ખુરશીમાં, હીંચકામાં પડ્યાં પડ્યાં કે બેઠાં બેઠાં પણ આંખો બંધ કરીએ એટલે ૐકારરૂપ પરમતત્ત્વ હાજર જ છે, માટે એવો અભ્યાસ કરવો.

શરીર ઠીક હોય તો જ સવારે વહેલા ઊઠવું, તે ઉપરાંત જ્યારે મનમાં પરમાત્માની ભક્તિનો ભાવ આવ્યો ત્યારે જ સવાર પડી એમ માનવું. આપણે તો છોકરાંને મનાવીએ તેમ, જેમતેમ કરીને મનને સમજાવવાનું છે. મનથી જ આ સંસારને સાચો માન્યો છે. માતાપિતા, પુત્રપરિવાર, માલમિલકત એ બધાં મનથી સાચાં માન્યાં છે, ને મમતા મોહ વધારીને મન એની ગડમથલ કે ભાંજગડમાં ગૂંથાઈ રહે છે. બધાં નામરૂપનો વિચારથી બાધ કરીએ, ત્યારે બધાનું સત્-ચિત-આનંદ સ્વરૂપ જ નિત્ય છે, એ જ મનનું પણ પોતાનું સ્વરૂપ છે. એવું જ્ઞાન રાખીને એને માટે ધ્યાન, જપ, પાઠ, પૂજા, સેવા, દાન, પુણ્ય, ભક્તિ, વૈરાગ્ય, વગેરે બધું કરવાનું છે.

લક્ષ્ય ચૂકવું નહિ શરીર હોય ત્યાં સુધી વ્યાધિ પણ આવે, દુકાળ અને રોગચાળો પણ આવે, લડાઈઓ ચાલે... પણ ગીતાજીમાં કહ્યું છે તેમ આત્મા તો બધાંનો, અજરઅમર અને નિત્ય છે. ભગવદ્‌ગીતા-જ્ઞાનેશ્વરી ટીકાની વાંચવી. ગીતામાં પણ જ્યાં આત્મતત્ત્વનું વર્ણન કર્યું હોય તે વખતે ઉપર પ્રમાણે યાદ રાખવું.

યોગવાસિષ્ઠમાં પણ બધે એ જ જ્ઞાન ભર્યુ઼ં છે. કોઈને સમજાવી ન શકીએ તેની ચિન્તા નહિ. આપણે પોતે સમજીને શાંત થઈએ એટલે બસ.

જેને જ્યારે સમજવાનું હશે ત્યારે જખ મારીને કોઈ જ્ઞાની પાસે પૂછતા પૂછતા જશે. ત્યાં સુધી માયાના પ્રદેશમાં, જન્મમરણના ચક્રમાં ભમ્યા કરવાના. કોઈને ન જોઈતું હોય તેને જ્ઞાન અપાતું નથી. પ્રથમ તો આત્મતત્ત્વ—પરમાત્મા પ્રતિ ભક્તિ જોઈએ. સંસારનો અંતરમાં થોડો વૈરાગ્ય જોઈએ. પછી સંતસાધુના સમાગમમાં રુચિ થાય; આપણા સ્વભાવને અનુકૂળ આવે એને આપણા ગુરુ માનીએ; પછી ભક્તિ અને સેવા, તથા શ્રદ્ધા અને વિચાર દ્વારા જ્ઞાન મેળવાય છે. આવા ક્રમે આપણે આગળ વધીએ છીએ કે નહિ એ તપાસતા રહેવું.

વ્યવહારમાં કંટાળો ન રાખવો, પણ બધાં પરમાત્માનાં સ્વરૂપ છે, માટે એ બધાંની સેવા કરીને દેવું-ઋણ ચૂકવવા આવ્યા છીએ એમ માનીને પ્રસન્ન ચિત્તે સેવા કર્યા કરવી. મનમાં આનંદ તો પરમાત્માના સ્વરૂપનો, પરમાત્માના સ્મરણ વડે રાખવો.

વ્યવહારથી વિક્ષેપ ન થવા દેવો. બધો સંસાર આપણે બનાવ્યો નથી, આપણી મમતાનો આપણે માન્યો છે; તેમાં ભગવાનનાં દર્શન કરીએ, સૌની સેવા કરીએ એમાં આપણને ભગવાનનાં દર્શન થવાં જોઈએ.

મંદવાડમાં ૐનું ચિંતન રહ્યું; વ્યાધિની સતામણી બહુ ન થઈ અને પરમાત્મામાં જ મન રહ્યું, એ તમારા પુણ્યનો જ ઉદય થયો એમ સમજવું. પરમાત્મા પાસે એવું જ માગવું કે હે પ્રભુ! તું મને તારા સ્વરૂપના આનંદમાં જ રહેવા દેજે.

.......છોકરાનાં હૃદય બહુ જ કોમળ હોય છે. અત્યારથી જેવા સંસ્કાર પડે છે, તેવાં પછી થાય છે. પરમાત્મા એ સૌને સન્માર્ગે રાખીને સુખી કરે.

*

# ૧૪

(૧)

તા. ૧૯-૧૧-૩૧

હમેશાં પુરુષાર્થ પરાયણ રહેશો. જ્યારે જ્યારે બની શકે ત્યારે કામકાજ કરતાં પણ ૐકાર તમારું સ્વરૂપ છે; આત્માનું એ વાસ્તવિક નામ છે, એટલું ધ્યાનમાં રાખી એનો માનસિક જપ ચાલુ રાખશો. કામક્રોધાદિક અજ્ઞાનની વૃત્તિઓનાં આક્રમણ (હુમલા) થાય ત્યારે પરમકૃપાળુ પરમાત્માની પૂરા સદ્ભાવપૂર્વક પ્રાર્થના કરવાથી એની અવિરત કૃપાના પ્રવાહમાં આપણા બધાં પાપ ધોવાઈ જાય છે, ધીરે ધીરે ચિત્તની મલિનતાનો નાશ થાય છે અને અન્તઃકરણમાં શુદ્ધ સ્વરૂપનો આનંદ પ્રકટી નીકળે છે.

જેટલો વખત મળે એટલો સાધુસંતો કે અન્ય જિજ્ઞાસુ વર્ગના સત્સંગમાં, શુભગ્રંથોના વાંચનમાં કે આત્મવિચારમાં ગાળવાની ટેવ પાડશો. પત્રમાં મારી પાસે કેવળ રોદડાં રોવાથી કશું વળવાનું નથી. હું આત્મા છું, શુદ્ધ છું, આનંદસ્વરૂપ છું, એવી વીરત્વભરી ભાવનાથી સમસ્ત અજ્ઞાન અને અશુદ્ધ વિચારોને ભસ્મ કરવાની તત્પરતા અને હિમ્મત રાખવાં જોઈએ.

ક્ષત્રિયત્વ કેળવવું જોઈએ. ચિત્તની અશાંતિનાં કારણ જો વ્યવહારમાં હોય તો તે પણ નિર્મૂલ કરવા માટે સાધન શોધી કૂઢાડવાં જોઈએ. ઘણી વાર તો વ્યવહારની મિથ્યા આશાઓ જ આપણા ચિત્તમાં અશાંતિ ઉત્પન્ન કરે છે. તેવે વખતે આ સમસ્ત બાહ્ય વ્યવહારને સ્વપ્નસમાન અનિત્ય અને નાશવાન માનીને ચિત્ત શાંત કરવું. એમાંથી સુખની આશા ખેંચી લેવી; આવી ભાવનાથી વૈરાગ્યનાં બીજ અંતઃકરણમાં રોપવાં જોઈએ. જેમ જેમ વૈરાગ્ય અંતઃકરણમાં પરિપક્વ થતો જશે, અને પ્રારબ્ધ પ્રમાણે નિર્વાહનાં જેવાં સાધનો મળી આવે તેને સહનશક્તિ-પૂર્વક નિભાવશો, તેમ તેમ આનંદ વધતો જશે. બાહ્ય વ્યવહારમાં જે ખાસ આવશ્યક હોય, તે તો પ્રત્યેક સ્થિતિમાં નિભાવવાનો જ છે, માટે એનાથી કંટાળવું નહિ. પરમાત્મા ધીરે ધીરે આપણને આ જ જન્મમાં સંપૂર્ણ શાંતિ, એનાં સાધન તથા તથા અનુકૂળ પરિસ્થિતિ આપશે એવી શ્રદ્ધા રાખવી. શ્રદ્ધા તથા ઉત્સાહમાં એક બાજુ જીવનના વ્યવહારમાં ઉમંગ તથા નીતિપરાયણતા, તેમ જ બાહ્ય વિષયોમાંથી આસક્તિ ખેંચી લેવા રૂપી આંતરિક વૈરાગ્ય મુખ્ય હોવાં જોઈએ.

શ્રદ્ધાનો મુખ્ય અર્થ એવો થાય છે કે, જે વસ્તુ પ્રાપ્ત કરવાની હોય તેની પ્રાપ્તિની અમર આશા હૃદયમાં વિરાજમાન રહે ઉત્સાહપૂર્વક શાસ્ત્ર, ગુરુ અને આત્મા (પોતાના)માં સંપૂર્ણ સત્યપણાની માન્યતાની સાથે એમના ઉપદેશ તથા પ્રેરણામાં યથાર્થતાનો નિશ્ચય હોવો જોઈએ.

કોઈ દિવસ નિરાશ થવું નહિ: હમેશાં આત્મભાવના રાખવી. હું નિત્ય, અજર, અમર, પૂર્ણ, તૃપ્ત, આનંદસ્વરૂપ છું એવી

ભાવનાથી સમસ્ત દેહધર્મોનો ચિત્તથી અનાદર કરીને, એમાંથી અહં-મમત્વ કાઢી લેવું. શાંતિ કોઈ પણ બાહ્ય સ્થળેથી નથી આવવાની; ગુરુ તથા શાસ્ત્રો તો એમાં નિમિત્ત માત્ર છે. માર્ગ બતાવી તટસ્થ ઊભા રહે છે. આપણે પોતે જ પુરુષાર્થ માટે કટિબદ્ધ થવું જોઈએ.

બાર મહિને એકાદબે માસ ચઢતે પગારે રજા મળે તેમ હોય તો રોજના સામાન્ય વ્યવહારથી બહાર નીકળી તીર્થોમાં કે સંતસાધુઓ પાસે જઈ એમના સત્સંગમાં રહેવું એકાન્તમાં ચિત્તને શાંત તથા સ્થિર કરતાં શીખવું. જો રજા મળે ને નાણાંની સગવડ થાય તો ખુશીથી અહીં આવવું: પણ શુદ્ધ વ્યવહારમાં ખલેલ પહોંચાડીને-વ્યવહાર બગાડીને નહિ.

( ૨ )

૨૦ ૧૦-૩૧

જીવનના રોજના કામકાજમાં બને તેટલી નિયમિતતા લાવશો. પ્રાર્થનામાં વિશેષ સમય ગાળશો. ધ્યાનમાં હમણાં ચિત્ત શીઘ્ર સ્થિર થવાનો સંભવ ઓછો છે. એક નિષ્ઠાવાળા ચિત્તથી, પોતાની ચિત્તશુદ્ધિ માટે, બહુ જ આર્ત્તભાવે પ્રાર્થના કરવી; એમાં જરાયે દંભ ન જોઈએ. આપણે અંતઃકરણની પવિત્રતા થાય એટલા માટે પરમાત્મસ્વરૂપ શિવ, વિષ્ણુ, દેવી કે દેવ, રામ કે કૃષ્ણ, ગમે તે હોય, તેમની પ્રતિમા, સંતસાધુનું સ્વરૂપ, સદ્દગુરુની છબી કે એવું જે કંઈ આપણા ચિત્તને ઠીક લાગે, જેના ઉપર આપણને સ્વાભાવિક પ્રેમ ઊભરાતો હોય, તેની પાસે રડીને આપણે શુદ્ધ પ્રાર્થના કરીએ, તે બધી પરમાત્માને જ પહોંચે છે, અને એનું પ્રત્યક્ષ ફળ મળે છે.

ઉપવાસ ન થાય તો હરકત નહિ. ખાનપાનમાં સાદાઈ હોવી જોઈએ એ ધ્યાનમાં રાખશો.

(૩)

૯-૩-૩૨

શરીરમાંથી પ્રમાદ દૂર કરવો જોઈએ. કોઈ પણ સાધકને જપની શરૂઆતથી જ કાંઈ ચિત્ત એકાગ્ર થતું નથી એ કાંઈ એક દિવસનું, એક મહિનાનું કે એક વર્ષનું કામ નથી. એમાં તો અનેક જન્મના સંસ્કારનું ફળ ભોગવવાનું છે. અનેક જન્મો સુધી, ભિન્નભિન્ન સંસ્કારવાળાં શરીરો ધારણ કરીને અનેક શુભાશુભ કર્મો કર્યાં હોય, એના સંસ્કારો ચિત્તમાં વાસનારૂપે પડેલા હોય છે. એ સંસ્કારવનમાં ભટકવાની ચિત્તને ટેવ પડી હોય છે. એમાંથી થોડા જ સમયમાં મહાન યોગીના જેવી તરત જ એકાગ્રતા ઇચ્છીએ, તે અશકય છે. એટલા માટે ખૂબ ધૈર્ય રાખવું, ઉત્સાહપૂર્વક પુરુષાર્થ કરવો, આળસ છોડી દેવું; નિયમિત જપ કર્યા જ કરવા. એમ કરતાં કરતાં મન ઠેકાણે આવશે. જપ કરતી વખતે મન ભટકે છે તેથી જપ છોડી દેવા નહિ. જપ કરતાં કરતાં જ ધીરે ધીરે બીજા વિષયોમાંથી મનને ઉપદેશપૂર્વક સમજાવી સમજાવીને હઠાવતા રહેવું અને મંત્રોચ્ચારના નાદમાં એને સમાવતા જવું. શ્રદ્ધા રાખવી, કે જેથી એ કાર્ય અધવચ મૂકી ન દેવાય. કંટાળવાથી પાર આવે એમ નથી. વ્યવહારના કાર્યમાં પણ કમાવા વગેરેમાં કેટલી મહેનત કરવી પડે છે, એનો વિચાર કરીએ ત્યારે સમજાય છે કે ચિત્તને ઇષ્ટ ધ્યેયમાં એકાગ્ર કરવા કામક્રોધાદિ ષડ્‌રિપુથી દૂર રાખવાનું અને આત્મભાવના કરવાનું કામ કાંઈ સહેલું નથી. ઉત્સાહ અને

ધૈર્ય, એ બંને ચાલુ રાખવાં જોઈએ. પ્રત્યેક કર્મનું ફળ એનો સમય આવે ત્યારે જ મળે છે. ચાર વર્ષનો બાળક ઇચ્છે કે, મારું શરીર ૨૫ વર્ષના યુવાન જેવડું અત્યારે જ થઈ જાય, તો એ જેમ એનું અજ્ઞાન કહેવાય, તેમ સાધક પણ ચિત્તનો નિરોધ તત્કાળ ઇચ્છે, તો એ પણ એનું અજ્ઞાન છે માટે ધીરજ રાખો, ને આળસ છોડી નિયમિત જપ, વાચન, પૂજા, પાઠ વગેરે કર્યે જાઓ. પરમાત્મા કલ્યાણ કરશે.

(૪)

૩૦-૮-૩૨

મોળું ખાવાનો મહિનો કદાચ હવે પૂરો થયો હશે, અથવા થશે એટલા દિવસમાં શરીર અને મનમાં શું ફેરફારો થયા, એ લખશો. તપશ્ચર્યા કરવાથી ચિત્તનાં રજસ્, તમસ્ કે સત્ત્વની પરીક્ષા થાય છે. મરજી વિરુદ્ધનો સાદો ખોરાક ખાતાં ચિત્તમાં ખેદ થતો હોય, તો સમજવું કે આપણામાં તમસ્ વિશેષ છે. પ્રવૃત્તિમય જીવન ગાળીએ છીએ, તેથી ગમે તેવો સાદો ખોરાક ખાઈને નથી રહી શકતાં, એવાં બહાનાં પણ પોતાની દુર્બલતાને લીધે મન કરે છે. કેવળ દૂધ કે શાકાહાર ખાઈને રહેનારા પણ આખો દિવસ નોકરી કરનારા જોયા છે. પણ હમણાં આપણે આ મહિનામાં પ્રયોગ નિર્વિઘ્ને પૂરો થયો હોય તો પણ બસ છે.

ખરું કામ તો આપણા વિચારમાં પરિવર્તન થવું જોઈએ એ છે. ખોરાકની અસર મન પર થાય છે, એ વાત બાર આના તમારે માટે સાચી માનવી, અને બાકીનો મન પરનો સંયમ વિચાર દ્વારા પ્રાપ્ત કરવો જોઈએ.

એકાંતમાં શુદ્ધ ભાવથી પરમાત્માને કરેલી પ્રાર્થના પણ અદ્ભુત બળ આપે છે. આપણા જીવનનું ધ્યેય આપણે નક્કી કરી રાખ્યું હોય તો પછી જીવન માટેના અનુકૂળ નિયમો બનાવવામાં અડચણ આવતી નથી. પણ જીવનનું ધ્યેય નક્કી ન હોય, તો એ અવ્યવસ્થિત અને અસંયમી બની જાય છે. ખાનપાન, લોકો સાથેના સંબંધ, વાચનવિચાર, પાઠપૂજા અને સત્સંગથી જીવન કેવી રીતનું ઘડવાનું છે, એ બુદ્ધિ દ્વારા નક્કી કરીને એ પ્રમાણે આચરણમાં મૂકવું કે જેથી તરત કે ધીરે ધીરે સફળતા પ્રાપ્ત થતી જાય.

કશુંય કામ આપણે ધારીએ તેવી રીતે જલદી થતું નથી. ભગવદ્ગીતાના બીજા અધ્યાયમાં ૪૭મા શ્લોકમાં અર્જુનને ભગવાન શ્રીકૃષ્ણ કહે છે કે, તારો અધિકાર કર્મ કરવામાં છે પણ ફળમાં નથી; એનો અર્થ એવો થાય છે કે, જીવન વિતાવવામાં સંયમપૂર્વક આચરણરૂપી કર્મ કર્યા જવું, અને ચિત્તમાં એના ફળ વિષે આશંકા લાવવી નહિ. ફળની જ કલ્પના ગોઠવ્યા કરીએ તો પછી એમાં અનેક તર્કવિતર્ક આવે છે, બુદ્ધિમાં ભ્રમણા ઊપજે છે, અને વર્તમાન દશાના કર્મમાં પણ અવ્યવસ્થા થાય છે. ભાવિ માટે હમેશાં આશાવાદી રહેવું. ખાનપાનમાં સાદાઈ અને ઉચ્ચ પ્રકારના વિચાર ગાળતાં જે કાંઈ વેઠવું પડે એને તપશ્ચર્યા માનીને વેઠવું.

(૫)

૧૦-૯-૩૨

મનની પવિત્રતાનો મુખ્ય આધાર આહાર ઉપર છે. ચોખ્ખું અન્ન હોય, શુદ્ધ વિચારવાળાએ રાંધ્યું હોય, નીતિની કમાણી

કરીને મેળવ્યું હોય, સાત્ત્વિક હોય, તો એની મેળે જ મન શુદ્ધ થવા માંડે છે. આત્મવિચાર કરવા એટલા સરળ થઈ પડે છે કે, ઋષિમુનિઓનાં શાસ્ત્રોના અનુભવો સ્પષ્ટ રીતે સમજાય છે, આત્મકલ્યાણનો માર્ગ સરળ થાય છે, અને અત્યારે જે અસંભવિત લાગે છે, તે બધું હાથવેંતમાં હોય એવું જણાય છે.

( ૬ )

૧૯-૧૦-૩૨

મુખ્ય કામ તો એ કરવાનું છે કે, ચિત્તમાં શાંતિ તથા સાત્ત્વિક આનંદ પ્રાપ્ત થાય તેવા ભાવ કેળવવાનું.

મોળું ખાવાની બાબતમાં આગ્રહ કે હઠ કરવાનો નથી. શરીર સ્ફૂર્તિવાળું તથા મન પ્રસન્ન રહેતાં હોય, અને વ્યવહારમાં કોઈ જાતનો વાંધો ન આવતો હોય તો જ પાછું ચાલુ કરવું.

આળસ ન આવવા દેવું જોઈએ. એનાથી આપણો વ્યવહાર અને પરમાર્થ બન્ને બગડે છે. એની અસર અંતઃકરણ પર બહુ જ ખરાબ થાય છે. મલિનતાનો જો થર વધવા માંડે તો અત્યારે જે આટલી શુભવૃત્તિઓ છે એ પણ કાલે કરીને નાશ પામે. જેમ જેમ વય વધતી જાય તેમ તેમ અજ્ઞાન અને મોહ વધતાં જાય.

( ૭ )

૫-૧૧-૩૨

આ નોકરીમાં પહેલાંની પેઠે વધારે સમય ન જતો હોય, સવારે વધારે વખત મળતો હોય, તો જપ તથા પાઠમાં વિશેષ ધ્યાન રાખશો, ને વાચન પણ ધીરે ધીરે વધારશો.

ૐની કેટલી માળા ફેરવવાનું મેં કહ્યું છે, તે મને યાદ નથી, પણ વખત મળે તો ૨૧ માળા કે તેથી વધારે ફેરવવી. જ્ઞાનેશ્વરી ગીતામાંથી પાંચ પાનાં તે જ વખતે વાંચવાં. ધ્યાન વખતે શરૂઆતમાં ૐમાં એકાગ્રતા ન થાય તેની ચિંતા નહિ. એ ધીરે ધીરે થશે. એકાગ્રતા કરતાં પણ શુભ વિચાર દ્વારા ચિત્તમાં શાન્તિ અનુભવાય એ રીતે મનને કેળવવું.

રામતીર્થના ચારે ગ્રંથ વાંચી જવાના છે. ત્યાર પછી રામકૃષ્ણ કથામૃત, દાસબોધ, વિવેકાનંદનાં વ્યાખ્યાનો-એ પણ અવકાશે વાંચી જવાનાં છે.

ઇશ્વર પર એવી શ્રદ્ધા કેળવવી કે એ હંમેશાં કલ્યાણ જ કરવાનો છે. આપણા દુ:ખમાં એ આપણને તપશ્ચર્યા કરાવી વિશુદ્ધ બનાવે છે. જીવનમાં સંયમ શીખવી, ભાવી સાત્ત્વિક સુખના અધિકારી બનાવે છે. બહારના વૈભવથી આપણે મુગ્ધ થવાનું નથી. એટલા માટે ખાનપાન તથા વસ્ત્રોમાં જેટલી વધે તેટલી સાદાઈ વધારવી.

(૮)

૧-૯-૩૩

તમારા મુખ્ય મુદ્દાઓ આ પ્રમાણે જણાય છે:

(૧) વ્યવહારની પ્રવૃત્તિમાં રહેવાનો તમારો વિચાર નથી.

(૨) કોઈ પણ સદ્‌ગુરુની છત્રછાયા સ્વીકારવાનો વિચાર છે.

(૩) અને એકાંતસેવનની આવશ્યકતા છે.

—હવે આપણે ત્રણે મુદ્દાનો પદ્ધતિસર વિચાર કરીએ.

(૧) વ્યવહારમાં નીતિનું પાલન કરીને, સંયમપૂર્વક જીવન ગાળી શકાય, વેદોક્ત કર્મકાંડ તથા કોઈ ઇષ્ટદેવની ભક્તિપૂર્વક

ઉપાસના થાય, અને પ્રસંગે સંતસમાગમ દ્વારા વેદાન્તવાચન તથા સેવાભક્તિ થાય તો એ માર્ગ આજકાલના બાહ્ય વેષધારી, ત્યાગી કે મનોમુખી ભટકતા સાધનાહીન વર્ગની સ્થિતિ કરતાં સર્વોત્તમ છે. વૈરાગ્યહીન ત્યાગીઓને એકાંતમાં પણ અનેક ઉપાધિઓ આવી પડે છે. નિર્વાહનું સાધન કોઈ વાર મહાન ઉપાધિ ઉત્પન્ન કરે છે. માટે પ્રથમ માર્ગ જો સાધી શકાય તો ઉત્તમ છે.

( ૨ ) સદ્ગુરુનું શરણ પ્રાપ્ત કરવું એ બહુ કઠિન છે અને એક વાર શરણ ગ્રહણ કર્યા પછી વળગી રહેવું એ સતીના જીવન જેવું દુષ્કર છે. સદ્ગુરુમાં શ્રદ્ધા, એમનાં નિષ્કામભાવે સેવા, એમની આજ્ઞાનું વિનાવિચારે પાલન એ બધાં એટલાં બધાં અઘરાં છે કે, એમાં મનની સ્થિરતા રાખવી, શ્રદ્ધા પૂર્વક જીવન વીતાવવું, અને સંશય વિના એ નિભાવવું બહુ કઠિન છે. એમાંથી ચલાયમાન થતાં બધો ખેલ બગડે છે ને છેવટે ચારિત્ર્યભ્રષ્ટ થઈ અતોભ્રષ્ટ-તતોભ્રષ્ટ-ધોબીનો કૂતરો નહિ ઘાટનો ને નહિ ઘરનો, એવી વિકટ મનોદશા ઊભી થાય છે.

( ૩ ) એકાન્તસેવન વિક્ષિપ્ત અને મલિન અંતઃકરણવાળા સાધારણ સાધક માટે ભયંકર છે. કોઈપણ મહાપુરુષની છાયા વિના કેવલ એકાંતમાં રહેવાથી ઊલટું મનરૂપી મર્કટ વધારે તોફાન કરે છે. ખોટા, અશાસ્ત્રીય, મનોમુખી તપમાં ચડી કોઈ વાર અભિમાની તો કોઈ વાર શરીરને રોગી બનાવી દે છે. માટે તમારે માટે આ ત્રણેમાંથી સરલ માર્ગ પ્રથમ છે એમ મારું માનવું છે.

હવે સીધા પ્રશ્ન પર આવીએ. તમારે વ્યવહારમાં ન જ રહેવું હોય તો શું કરવું એ આપણે જોઈએ.

તમારા પ્રશ્નમાં એક મોટો વિરોધ છે. તમે લખો છો કે :

"હવે આપની સેવામાં આવવાનું ઘણું જ મન છે."

બીજી વાર લખો છો કે :

"સાચા સદ્‌ગુરુ વિના આગળ વધી શકાતું નથી. હવે આપ મારો હાથ ઝાલીને આ બંધનમાંથી મુક્ત થાઉં એવી યુક્તિ સમજાવો એવી પ્રાર્થના કરી અત્રે વિરમું છું"

"આપ લખો કે હરિદ્વારમાં કયાં રહેવાથી અને કોની પાસે રહેવાથી જ્ઞાન સંપાદન કરી શકાશે."

"આપ મને શિષ્ય તરીકે ગ્રહણ કરશો અથવા મને આપ કોઈ એવું સ્થળ બતાવી શકશો કે જ્યાં હું પવિત્ર જીવન ગાળી શકું."

આ બધા પર આપણે હવે વિચાર કરીએ.

(૧) પ્રથમ વાતમાં તમે મને ગુરુ સ્વીકારી સેવામાં રહેવાની વાત કરો છો—એ વિષયમાં નીચેના મુદ્દાઓનો તમારે વિચાર કરવાનો છે.

શાસ્ત્રનું વાકય છે કે आज्ञा गुरुणामविचारणीया એટલે ગુરુ-આજ્ઞાનું પાલન કરવામાં કોઈપણ જાતનો વિચાર કરવાનો નથી. એનો અર્થ એ થાય છે કે, એ આજ્ઞા પાલન કરવાનું આપણી મરજીથી વિરુદ્ધ હોય તો પણ પાલન શ્રદ્ધાથી કરવું જોઈએ.

દૃષ્ટાંત તરીકે શિવાજી મહારાજે સન્ત તુકારામ અને રામદાસ સ્વામી પાસે જઇને કહ્યું કે, મહારાજ! મને સંન્યાસ

આપો, આ રાજ્ય મારે નથી કરવું. એ સદ્‌ગુરુઓએ એ રાજ્યનો સ્વીકાર કરી એને જ એનું શિષ્ય તરીકે પાલન કરવાની આજ્ઞા કરી અને એણે એ માન્ય રાખી.

(૧) અહીં પણ કદાચ હું તમને વ્યવહારમાં જ રહેવાની આજ્ઞા કરું તો તમે કબૂલ કરશો?

(૨) આજ્ઞા મારી પાસે જ અહીં આશ્રમમાં તમારી આવડત પ્રમાણે જે કામકાજ કરવાનું કહેવાય તે નિરભિમાનભાવે કરશો?

(૩) જીવનપર્યન્ત આજ્ઞા નિભાવી શકાશે?

(૪) સાધન હું કહું તે જ સાચું એમ માનીને શ્રદ્ધાપૂર્વક થઈ શકશે? ધારો કે હું તમને જપ કરવાનું કહું પણ તમે કહો કે મારે પ્રાણાયામ કરવા છે, એવો સાધનામાં વિરોધ કર્યા વિના મારી આજ્ઞા પ્રમાણે જ સાધના કરશો ને શ્રદ્ધા રાખશો?

આ તો થોડા જ મુદ્દા ચર્ચ્યા, પણ ઉપસ્થિત થાય ત્યારે શાસ્ત્રને આધારે હું કહું તે પ્રમાણે કરશો?

સદ્‌ગુરુશરણ ગ્રહણ કરવું, એટલે પતિવ્રતાના વ્રત જેવું મહાકઠિન છે.

હવે

(૨) હરદ્વાર કે કોઈ એકાંત જગ્યાએ રહો ત્યારે સાધન મારે બતાવવાનું છે? એકલા રહેતાં કે વિચરતાં અનેક સંપ્રદાય અને સ્વભાવના, ભિન્ન ભિન્ન શાસ્ત્રના અભ્યાસી સાધકો કે સંતસાધુઓ મળશે. એ બધાની સાથે હળોમળો અને સાધનની ચર્ચા થાય ત્યારે તમારા મનમાં કયું સાધન સાચું એ વિષે ભ્રમણા

થશે; કોઈવાર વાદવિવાદમાં ઊતરશો ને ઊલટા નકામી ચર્ચા કરતાં શીખશો : આ બધામાંથી બચવા માટે તમે કાંઈ વિચાર કર્યો છે?

( ૩ ) તમે મને લખો છો કે, તમે મને શિષ્ય તરીકે સ્વીકારો અથવા બીજા કોઈને બતાવો; આ પ્રશ્ન તો કોઈ કન્યા કોઈ યુવકને કહે કે મને તમે પત્ની તરીકે સ્વીકારો અથવા કોઈ બીજો શોધી આપો એના જેવું છે. તમને હજુ એકેય વ્યક્તિમાં શ્રદ્ધા નથી. તમારી ગુરુશરણની, સંતોની કૃપાની કે શિષ્ય થવાની સાચી સમજણ નથી તમારે માટે એ જ શ્રેયસ્કર છે કે, વ્યવહારમાં ન રહેવું હોય તો હરદ્વાર, હૃષીકેશ, કાશી, વૃન્દાવન, અયોધ્યા-વગેરે તીર્થોમાં ફરવું, સંતસાધુઓનાં દર્શન-સત્સંગ કરવાં અને પછી કન્યા સ્વયંવરમાં કોઈને વરમાળ પહેરાવે, તેમ એ બધામાં તમને પસંદ પડે એવા સદ્‌ગુરુનું શરણ લઈ સાધનભજનમાં લાગી જવું.

તમને જરા વધારે સ્પષ્ટ લખ્યું છે, પણ આ જ સાચો ઉપાય છે આમાં પણ કોઈ જાતની શંકા થાય હોય તો લખશો.

( ૯ )

૨૪-૯-૩૪

તમારા ગયા પત્રમાં મંદ વૈરાગ્યની છાયા હતી. એ વૈરાગ્ય અંતરમાં અધ્યાત્મજ્ઞાનની તીવ્ર જિજ્ઞાસાનું પરિણામ છે, કે કોઈ સાધારણ વ્યાવહારિક ઉપાધિ કે વ્યાધિના દબાણનું, એનો તમારે ખૂબ વિચાર કરવો પડશે.

કેવળ બાહ્ય સ્થિતિમાં પરિવર્તન કરવાથી, એકાંતમાં રહેવાથી જ તત્ત્વજ્ઞાન પ્રાપ્ત થતું નથી. વ્યવહારમાં તો મનુષ્યને

પ્રત્યેક દશામાં કંઈ ને કંઈ અગવડ કે વિઘ્ન હોય છે. સંસારમાં પિતૃઋણ ચૂકવવાનું છે, તો ત્યાગની પછીની અવસ્થામાં ઋષિઋણ પણ ઓછું મહત્ત્વનું નથી. પિતૃઋણ ચૂકવ્યા વિના પણ ઋષિઋણ ચૂકવી શકાય છે, પિતૃઋણ ન ચૂકવાય, ને પછી ઋષિઋણ પણ ચૂકવાય, તો અતોભ્રષ્ટ તતોભ્રષ્ટ જેવી સ્થિતિ કદાચ થાય. એવી ત્રિશંકુના જેવી સ્થિતિ ન થાય માટે ખૂબ જોઈ વિચારીને પગલું ભરવું જોઈએ. અંતઃકરણની ખૂબ બારીકીથી તપાસ કરવી જોઈએ. એનું ખરેખરું શોધન થવું જોઈએ. રામતીર્થ આદિ અનેક મહાત્માઓએ સંસારનો ત્યાગ કરતી વખતે પરિવારત્યાગ કર્યો છે, પણ એમનું ઋષિઋણ અધૂરું નથી રહ્યું એ ઋષિઋણ એટલે શાસ્ત્રનો અભ્યાસ, અને ગુરુઆજ્ઞાની મર્યાદામાં રહી પાલન કરવાની પ્રાણાન્તશક્તિ છે. એ ન હોય તો ત્યાગ કરી શકાય જ નહિ. નોકરી કરવી, નાણાં કમાવાં, સગાંસંબંધીને પોષવાં વગેરે જેટલું અઘરું છે, તેના કરતાં પણ ત્યાગ સ્વીકારીને નિભાવી રાખવો, શાસ્ત્રની આજ્ઞા પ્રમાણે સાધન અને સદ્‌ગુરુ-શરણ ધારણ કરી એમની આજ્ઞાનું પ્રસન્ન ચિત્તે પાલન કરવું એ બધાં હજારગણાં અઘરાં છે. એનું પાલન ન થાય, તો ધારેલું ફળ આવતું નથી. શાંતિને બદલે અશાંતિ જ પ્રાપ્ત થાય છે.

માટે પહેલાં જીવનની દિશા અને માર્ગ નક્કી કરવાં જોઈએ. પછી એ માટેનાં સાધનનો નિશ્ચય થવો જોઈએ. આપણી બુદ્ધિને શાસ્ત્ર તથા ગુરુને અધીન બનાવવી જોઈએ. પ્રાણ જાય તો પણ એ નિશ્ચય અને સ્થિતિને નિભાવી રાખવાની ટેવ પાડવી જોઈએ. ગમે તેવા પ્રસંગો ઉપસ્થિત થાય તો પણ શ્રદ્ધા અચલ રહેવી જોઈએ. પરમાત્મા પ્રત્યેક કાર્યમાં આપણું કલ્યાણ કરે છે એવી અતૂટ શ્રદ્ધા કેળવવી જોઈએ.

૨૬-૨-૩૫

તમારો રોદણાં રડતો પત્ર મળ્યો. શાસ્ત્રમાં મુમુક્ષુતા ચાર પ્રકારની કહી છે :

(૧) તીવ્ર, (૨) મધ્યમ, (૩) મંદ, અને (૪) અતિમંદ. લક્ષણો નીચે પ્રમાણે છે :

(૧) અનેક પ્રકારના ત્રિતાપથી દગ્ધ થયેલો મનુષ્ય પરમાત્માથી અન્ય સર્વ અનર્થકારી છે એમ સમજીને બધાનો ત્યાગ કરે એ તીવ્ર મુમુક્ષુતા.

(૨) ત્રિતાપનું ભાન અને ત્યાગની ઇચ્છા હોવા છતાં પણ જે મનુષ્ય ત્યાગ સારો કે સંસાર એવા સંદેહના હીંચકા પર ઝોલાં ખાધા કરે અને કોઈ પણ પ્રકારનો નિશ્ચય ન કરી શકે એ મધ્યમ મુમુક્ષુતા.

(૩) મોક્ષ મેળવવાનો વૃદ્ધાવસ્થા વગેરે હજુ ઘણો સમય બાકી છે; હમણાં શી ઉતાવળ છે? બધા ભોગો ભોગવીને અને બીજાં કામ પૂરાં કરીને પછી મોક્ષને માટે યત્ન કરીશ, એવી બુદ્ધિને મંદ મુમુક્ષુતા કહે છે.

(૪) રસ્તે ચાલનારને અકસ્માત્ કૈં મણિ-રત્ન મળી જાય એમ મને પણ આ સંસારનો બધો વ્યવહાર કરતાં કરતાં મોક્ષ મળે તો ઠીક, આપણે તો આ સંસારના ભોગ અને મોક્ષ બન્ને જોઈએ અને એ અકસ્માત્ આવી જાય તો ઠીક, નહિ તો કૈં પરવા નથી, એવી બુદ્ધિને મંદતમ-અતિમંદ મુમુક્ષુતા કહે છે.

એમાં (૧) તીવ્રને આ જન્મમાં, (૨) મધ્યમને બીજા

જન્મમાં, (૩) મંદને યુગને અંતે, (૪) અને અતિમંદને કલ્પને અંતે મુક્તિ મળે, એવું શાસ્ત્રવાક્ય છે.

એક જ વાતનો નિશ્ચય કરી લેવો. પરમાત્માએ અત્યાર સુધી સંસારથી મુક્ત રહેવાની અનુકૂળતા તમને કરી આપી છે. હવે જે થોડી દુર્બલતા છે એ ઈશ્વરકૃપાથી નષ્ટ પામશે એવી શ્રદ્ધા રાખવી જોઈએ.

પ્રારંભમાંથી કોઈ પૂરો સંયમી હોતો નથી. સર્વ ઉપાધિઓને ફેંકી દઈ, કેવળ ઈશ્વરશરણુ લેનારનાં બધાં વિઘ્નો ધીરે ધીરે દૂર થઈ જાય છે. તમને તો એક એવું ઉત્તમ સાધન–સહજસાધન–મળ્યું છે કે જો સ્વીકારશો તો અવશ્ય ઉન્નતિ જ કરાવશે.

માટે હૃદયમાંથી બ્હીક કાઢી નાંખવી, કમર કસવી; ભય શાનો છે? પ્રારબ્ધ રખડાવે ત્યાં સુધી રખડવું, એવું તો પશુ પણ કરે છે; આપણે તો પુરુષાર્થવાદી થવાનું છે. નિશ્ચય કરી નાંખવો. શાસ્ત્ર અને ગુરુ, તથા ઈશ્વર પર શ્રદ્ધા રાખવી. મારી ઉન્નતિ હું સાધી શકીશ, ઈશ્વરકૃપાથી સાધન દ્વારા અલૌકિક આનંદ મેળવી શકીશ, તથા વિઘ્નોને છૂંદી ભૂંસી નાખીશ, એવી ઉત્કટ ઇચ્છા કરવી જોઈએ.

અકળાવાનું કશું કારણુ નથી. શરીરસંપત્તિ સારી છે, આપણે બ્રાહ્મણ તો તપસ્વી થવા જ જન્મેલા; સંસારના રગડા-ઝગડામાં શું લાડવો છે?

નિર્વાહની બાબત તો એવી છે કે, બધાં પ્રાણીમાત્ર પરમાત્મા પર નિર્ભર છે. પરમાત્મા સૌનું પૂરું કરશે..........લોકલાજથી

ડરવું નહીં. લોકો તો નિંદાસ્તુતિ કર્યા જ કરવાના. શરૂઆતમાં સાંસારિક પામર લોકો તરફથી નિંદાની વૃષ્ટિ પણ થાય. બધાને એમ થતું આવ્યું છે. રામતીર્થે ત્યાગ કર્યો ત્યારે બધાએ ખૂબ નિંદા કરેલી. શંકરાચાર્ય વિધવા માતાને એકલી નિરાધાર-ભગવાનને ભરોસે મૂકીને ચાલી નીકળેલા..............

માટે ગભરાઓ નહીં. નિશ્ચય કરી નાંખો. મારે તો આ જન્મમાં જ બધા જન્મનો હિસાબ પતાવી નાંખવો છે, એવું સમજીને સાધનમાં તૈયાર થઈ જાઓ. ત્યાં એકલા પડ્યા છો તેથી ગભરાઓ છો. અહીં આવ્યા પછી કશો ગભરાટ નહીં રહે. સાધન, ભજન, વાચન, અભ્યાસ બધું ચાલુ રહેશે, એટલે ધીરે ધીરે આત્મશ્રદ્ધા વધવા માંડશે ને બુદ્ધિ પણ તીવ્ર થશે.

આ આજ્ઞા નહીં પણ કેવળ સૂચના છે. તમારી બુદ્ધિનો પણ તમારે ઉપયોગ કરવો જોઈએ, અને જે કરો તે સમજીને કરવું જોઈએ કે પાછળથી કોઈને દોષ દેવાનો વખત ન આવે.

......ને ત્યાગનો આગ્રહ નથી કરી શકાતો કારણ કે એ વિવાહિત છે. તમે અવિવાહિત છો, છતાં સંસારની વિષ્ટામાં ખરડાઓ એ કેવું અનુચિત! બલવાન બનો, બ્રાહ્મણમાં તો ક્ષત્રિયની વીરતા અને સ્વવર્ણનો ત્યાગ, એવાં બન્ને બલ હોવાં જોઈએ. માટે અત્યાર સુધી જે જિજ્ઞાસા તથા વૈરાગ્ય બતાવતા હતા તે દૃઢતાથી પકડી રાખો. હવે જ્યારે ખરેખરું યુદ્ધમાં લડવાનું આવ્યું છે ત્યારે કાયર થવું ઠીક નહિ. બધાં વિઘ્નોની સામે યુદ્ધ કરવા તૈયાર થાઓ. પરમાત્મા પર વિશ્વાસ રાખો, એટલે એની કૃપા દ્વારા વિજય મળશે.

યોગની ક્રિયામાં વેગ નથી આવતો એનાં કારણ બુદ્ધિની મંદતા તથા સ્થૂલ શરીરની જડતા છે. શરીર તો એક કાળે પડવાનું જ છે. શરીર ભલે દૂબળું પડે, પણ યોગની નિર્વિકલ્પ સમાધિ પ્રાપ્ત કરવી છે એવો પૂર્ણ સંકલ્પ હોવો જોઈએ. ચિત્તમાં ખૂબ ઉત્સાહ તથા આનંદ હોવાં જોઈએ. ખાવું, પીવું, ઊંઘવું, ખાલી ગપ્પાં મારવાં, પાન ચાવવાં, ઊજળાકૂટડા થઈને ફરવું એ આધ્યાત્મિક જીવનનાં લક્ષણ નથી. એવા જ રહેવું હોય તો પછી મિથ્યા ત્યાગનાં વચનો ન બોલવાં જોઈએ.

જિજ્ઞાસુ તો એવો વીર હોય કે જે એક વાર બોલેલું કે મનમાં આવેલું પ્રાણાન્તે પણ પાર પાડવાનું છોડે નહિ. તમે તો શરૂઆતથી જ રડવાનું મંગલાચરણ કર્યું. કેટલી પામરતા કહેવાય! એ પામરતા ફગાવી નાંખો, સાચા બ્રાહ્મણ બની જાઓ અને હું કહું છું તેમ બધું ફગાવી નાંખીને એકમાત્ર પરમાત્માની પ્રાપ્તિ માટે, પરમાત્માનું જ શરણ ગ્રહણ કરી એના પર જ વિશ્વાસ રાખી, સાધનમાં સિંહની પેઠે કટિબદ્ધ થાઓ. કશી ચિંતા નથી. કશો ભય નથી. કશી દુર્બલતા નથી, પુરુષાર્થને અંતે વિજય જ છે. અમે પણ શ્રી ગુરુકૃપાથી એમ જ પાર પડ્યા છીએ અને અત્યારે બીજાને સહાયતારૂપી સેવા કરવા તત્પર થયા છીએ

*

# ૧૫

( ૧ )

૧૦–૩–૩૫

તારા ચિત્તની સ્થિતિ અવ્યવસ્થિત, ડામાડોળ, તથા કશા નિર્ણય વગરની છે એ વાત મારી જાણ બહાર નથી. હવે આપણે એને સુધારવી છે; એમાંથી બહાર નીકળી આવી, જીવન સુધારવું છે. બધા સાધકોની એ જ દશા હોય છે. વૈરાગ્યની મંદ ભૂમિકા એવી જ હોય છે. જો બધાને પોતાનો માર્ગ સૂઝતો હોત, અથવા પોતાની મેળે જ નિશ્ચયનું બળ મેળવી શકાતું હોય તો ઈશ્વર તથા શાસ્ત્રને કોઈ પૂછત જ નહીં. સંકટસમયે અંતર્યામી ઈશ્વરની પ્રાર્થના દ્વારા એનું સાન્નિધ્ય પ્રાપ્ત કરી, એમાંથી શક્તિ તથા શાંતિ મેળવીને પરાપૂર્વના અનુભવી પુરુષોના અનુભવની નોંધપોથીઓ જેવા શાસ્ત્રોમાં શ્રદ્ધા હોવી જોઈએ.

× × ×

મૂઝાવાથી કે ગભરાવાથી કાંઈ પણ વળે એમ નથી. આ સાચું કે પેલું સાચું એવી ભ્રાંતિ શા માટે? સાચું–સત્ય તો એક જ છે, પણ આપણો અધિકાર એ સત્યના સાક્ષાત્કાર માટે

એટલો બધો ઉચ્ચ નહિ તેથી આપણે ધીરે ધીરે આગળ જઈએ એટલો જ ભેદ. બાકી સત્ય તો પરમાત્મપ્રાપ્તિ. બાહ્ય પરિવર્તન તો સાધન માત્ર છે. સર્વસ્વનો ત્યાગ કરનારને સત્યનું શીઘ્ર દર્શન થાય છે, ત્યારે ધીરે ધીરે જનારને ક્રમશઃ મુક્તિ મળે છે. મૂંઝાવા-ગભરાવાનું લેશ પણ કારણ નથી.

કામધંધામાં હમણાં અનુકૂળતા નથી એમ લખો છો એ છે પ્રારબ્ધભોગનો દોષ. જેટલું મળે તેનાથી નિભાવી લેતાં આવડવું જોઈએ. અને બીજા કેમ નિભાવતા હશે એનો વિચાર કરીને શાંતિ રાખવી. પરમાત્માએ જો ત્યાગમાર્ગને પંથે ચડાવવાના સંયોગો ઊભા કરવાની યોજના કરી હશે તો પણ આપણી તો તૈયારી છે એટલે એમાં દુઃખ શાનું? જે કાળે જે થવાનું થાય તેમાં શાંતિ રાખવી. પરમાત્મા જે સ્થિતિમાં લાવી મૂકે છે, એ આપણાં જ પૂર્વકર્મના પરિપાકરૂપે, આપણા કલ્યાણ માટે જ લાવી મૂકે છે એવી શ્રદ્ધા-નિષ્ઠા રાખવી-કેળવવી જોઈએ.

નિરાશ થવું નહીં હજુ ક્યાં ઉંમર વીતી ગઈ છે? અને યુદ્ધક્ષેત્રમાં પડેલો યોદ્ધો કાયર બને, શરૂઆતથી જ એના પગ ઢીલા પડે તો આગળ ઉપર શું થાય? માટે સાવધાનતાથી ધંધામાં ધ્યાન આપી જુઓ. સાથે સાથે અંતરમાં માનસિક તૈયારી કરી રાખવી, અને ચિત્તમાં પરમાત્મા પરની પરમ શ્રદ્ધા જાગ્રત રાખવી.

ક્રિયામાં વેગ આવે તો આવવા દેવો. બધી નસનાડીઓ શુદ્ધિ પામશે ત્યારે સ્થિરતાપૂર્વક પ્રાણાયામ થવા માંડશે. પછી ધ્યાનધારણામાં પ્રવેશ થશે. કોઈ પણ જાતનો ભય રાખ્યા વિના જે થાય તે જોયા કરો.

(૨)

તા. ૬-૪-૩૫

તારો પત્ર મળ્યો.

× × ×

ઉપાધિઓથી ડરવું જ નહિ. એનાથી ખૂબ સહનશક્તિ વધે છે. એમાં માનસિક તિતિક્ષા કેળવાય છે. નકામો ખર્ચ ઓછો કરી ખૂબ કરકસરથી રહેતાં શિખાય છે. લોકોનાં મેણાં સાંભળીને લોકનિન્દા એ મિથ્યા વસ્તુ છે એમ સમજી શકાય છે. જગતનાં સ્તુતિનિંદા, માનઅપમાન, રાગદ્વેષ, તેમ જ શરીરમાં આવી પડતાં વ્યાધિ, ઇંદ્રિયોની વિષયો પ્રતિની આસક્તિ, એ બધું કેવળ સ્વપ્નવત્ છે એનો દુઃખમાં અનુભવ થાય છે, સુખમાં નહિ. કહેવાતા સંસારી મિત્રોની મિત્રતા પણ ઘણે ભાગે સ્વાર્થી હોય છે. તન, મન, ધનનો ભોગ આપે એવા મિત્રો વિરલ હોય છે; એની એ વખતે ઓળખાણ થાય છે. આપણા સાચા સંબંધીઓ અને નિઃસ્વાર્થ મિત્રો કોણ કોણ છે એની કસોટી દ્વારા પરીક્ષા થાય છે અને આવી રીતે આપણાં અંતઃકરણની વિશુદ્ધિ થાય છે. છતાં પણ આપણે આપણાં અંતઃકરણને દૂષિત કરવાનું નથી. મનમાં કોઈને માટે જરા પણ અભાવ, દ્વેષ કે ખરાબ વિચાર ન આવવા દેવા જોઈએ. વાણીમાં પણ કઠોરતા ન આવે એની સાવચેતી રાખવી જોઈએ. આપણાં તન, મન, વાણી શુદ્ધ રહે, આપણો સદ્‌ભાવ બધા માટે વધતો જાય, જેનું જેટલું ઋણ હોય તે ચૂકવવામાં બેદરકારી ન આવે, એ બધાં દૈવી સંપદ્‌નાં લક્ષણો કેળવવાનો આવો કટોકટીનો પ્રસંગ તો આપણે માટે પરમાત્માએ કૃપાપૂર્વક યોજી કાઢેલો છે, એવી સીધી સમજણ રાખવી જોઈએ.

ક્રિયા માટે જે થાય તે થવા દેવું; જ્ઞાની, વિરક્ત, ભક્તિવાળા, તપસ્વી મહાત્માઓનાં જીવનચરિત વાંચવાથી અંતરમાં ઉત્સાહ આવે છે અને તપશ્ચર્યાની સાચી કિંમત સૂઝે છે. તપ વિના કશું પ્રાપ્ત થતું નથી અને એ તપ એટલે પ્રાણાન્તે પણ નિશ્ચય પાર પાડવા માટે ધૈર્યપૂર્વક સહન કરવાની શક્તિ. એ સહન કરવાથી અંતઃકરણની શુદ્ધિ સાચવી રાખવાની સાવધાનતા આવે છે. એ સિવાય જેટલી ભક્તિ અને શ્રદ્ધા વિશેષ એટલો એમાં વેગ વધારે થાય છે. પણ અંતઃકરણમાં સાંસારિક વાસનાઓ અને વિક્ષેપોની ભરતી ભરી હોય તો બિચારી યોગમાયા પણ શું કરે ? જો કે આવી રીતે વૈરાગ્યને પોષણ મળે એવા પ્રસંગો પણ એ જ ઊભા કરે છે અને એ દ્વારા સંસાર દુઃખમય છે એનો અનુભવ કરાવે છે. છતાં સાધક ઘણી વાર એમ જ સમજે કે મને બાહ્ય અનુકૂળતા અને આંતરશાંતિ એક સાથે પ્રાપ્ત થાય, (અને તે પણ તરત જ) આવું અજ્ઞાન એનામાં શરૂઆતમાં હોય છે; તેથી એનામાં ધીરજ રહેતી નથી. આ બધાનું કારણ એ છે કે, એનામાં સાધનસંપત્તિ હોતી નથી. સાધનસંપત્તિ એટલે યોગશાસ્ત્ર પ્રમાણે યમ તથા નિયમ અને જ્ઞાન (વેદાન્ત) યોગ પ્રમાણે વિવેક, વૈરાગ્ય, શમાદિષટ્ક અને મુમુક્ષુતા એ ન હોય તો પછી મનુષ્ય જિજ્ઞાસુ અથવા અથવા મુમુક્ષુ છે જ નહિ; પણ કેવળ અશક્તિવાળો પામર છે અને સંસારમાં સુખ મેળવવાની શક્તિ નથી તેથી વૈરાગ્યની વાતો કરનારો છે એમ સમજવું જોઈએ. આવા સાધકને નથી સંસારમાં સુખ મળતું, તેમ નથી એનાથી આત્મસુખ મેળવી શકાતું. વીરનું બધે કામ છે. બાયલો શું કરવાનો હતો ?

માટે ખૂબ ઉત્સાહ અને ઉમંગ કેળવો. ગભરાયા વિના બધી દિશામાં તનતોડ મહેનત કરો.

......ક્રિયામાં બેસો છો કે નહિ...ને કહેજો કે દીક્ષા લીધા પછી એ પ્રમાણે સાધન ન કરવું, એ તો જેમ માતા પાસેથી જન્મ ધારણ કર્યા પછી માતાનો ત્યાગ કરવા જેવું છે. સન્તો પાસેથી શક્તિરૂપી અમૂલ્ય ધન મેળવી એનો પરમાત્મા પ્રતિ ઉન્નતિ કરવામાં ઉપયોગ ન કરવો એ કૃતઘ્નતા છે. માટે સાધન નિયમિત રીતે કરે. જ્યાં મુસીબત આવે કે ન સમજાય એવું હોય ત્યાં પૂછે, ને ધીરે ધીરે અવશ્ય આગળ વધે.

(૩)

૧૫-૪-૩૫

તારું કાર્ડ મળ્યું.

કશો એક દિશાનો આગ્રહ ન રાખવો ને સંયોગોને પ્રાધાન્ય આપી, જેમ ઈશ્વર નિભાવે તેમ રહેતાં શીખવું જોઈએ; નહિ તો દુઃખી થવાય. ધીરજ, શાંતિ અને વિચારપૂર્વક કામ કરજે.

આશ્રમ માટે કશી ચિંતા કરીશ નહિ, તેમ નિરાશ પણ થઈશ નહિ. ઉપરાંત કોઈનાથી કશું ન બને તો ચિત્તમાં કોઈ માટે જરા પણ દુર્ભાવ લાવીશ નહિ.......ને સહજ આશા બંધાઈ હશે, અને તને કે બીજા કોઈને પ્રયત્ન કરવાનું કહ્યું હશે, એ પ્રમાણે પ્રયત્ન કરવો એ તમારો ધર્મ છે. ફળ પરમાત્માના હાથમાં છે અને મારે મન તો બધા તમે સમાન છો. જેના ચિત્તમાં પરમાત્મા પ્રેરણા કરશે, અને જે નિમિત્ત થવાનું હશે એ તન, મન, ધનની સેવા દ્વારા આશ્રમના સેવક,

સહાયક થશે. એ વિષયમાં ઉદ્વેગ કરવો નકામો છે. આશ્રમને જો કે ધનની આવશ્યકતા છે; પણ એનો અર્થ એવો નહિ કે આપણે—મારે કે તમારે ત્યાંના કોઈને એ માટે પામરતા કે દીનતા બતાવવાની છે. સહજ સ્વભાવે ઉત્સાહ અને ઉલ્લાસપૂર્વક થાય, એમાં જ એમની અને આશ્રમની શોભા છે. વિશેષ સ્ફોટ મેં ......ના પત્રમાં કર્યો છે; તેમાંથી સમજી લેજે.

(૪)

૧૮–૫–૩૫

તમારો પત્ર મળ્યો.

* * *

અધ્યાત્મજ્ઞાનને પંથે જતાં બધાં—અસંખ્ય વિઘ્નો આવવાનાં જ. જીવનમાં વિઘ્નો આવે, એ બધાં હિંમત તથા નીતિનું પાલન કરતાં પ્રસન્ન ચિત્તે પાર કરીએ ત્યારે આત્મજ્ઞાન રૂપી શાંતિ મેળવી શકાય છે. નિર્ભયતા અને શૌર્ય એ બે તો પ્રથમ સાધન છે. ત્યાર પછી ધૈર્ય અને ઉત્સાહ જોઈએ. અને ત્યાગ તો પ્રથમ જ આવશ્યક વસ્તુ છે. ગમે તેવા વિકટ સંયોગો આવે તો પણ મરણિયાને ભય શાનો? અને સાચા બ્રાહ્મણને અથવા બ્રાહ્મણ બનનારને આર્થિક સંકડામણ શા માટે મૂંઝવે? મૂઠી ચણા ફાકીને કે એક વસ્ત્ર પહેરીને તપશ્ચર્યા કરનારને જ પરમાત્માની અસીમ દયાનો લાભ મળે છે, અને એ જ આત્મ-પ્રાપ્તિને પગથીએ ચડી શકે છે. માટે મરણતોલ મુસીબતોથી પણ ડરવું તો નહીં જ.

(૫)

૧૧–૬–૩૫

ઉનાળામાં ગરમીને લીધે ક્રિયા ઓછી થાય છે. બેસવાની

અનુકૂળતા હોય તો પાછલી રાતની ઠંડક વખતે બેસી શકાય. સ્વપ્ન પણ સૂક્ષ્મ શરીરની ક્રિયા જ છે. થોડા વખત પછી શાંત થઈ જશે. કફ માટે સાધારણ દવા લેવી.

મુખ્ય ઉદ્દેશ ત્યાંથી નિવૃત્તિ શોધવાનો છે એ તમે જાણો છો. તમારે એ લક્ષ્યમાં રાખીને જ કામકાજ કરવાનું છે. ગમે તે રીતે એક વાર અહીં આવીને ચાર છ માસ રહી જવાનું છે. શિયાળો એને માટે બહુ ઠીક છે. નિશ્ચય એક જ રાખીને જે ધ્યેય હોય તે તરફ આગળ વધવા માટે પ્રયત્ન ચાલુ રાખવા જોઈએ.

જીવન વેડફી નાંખવા માટે નથી. વિઘ્નો આવવાનાં; એમાંથી પરાજિત ન થતાં વિજયી બનીને પાર ઊતરવામાં જ આનંદ છે. નિરાશ કે હતાશ ન થવું.

ધ્યાન વગેરેમાં વિકાસ કરવો તે તારી પોતાની શક્તિની વાત છે જેટલાં શ્રદ્ધાભક્તિ વિશેષ એટલો એનો લાભ સ.વર.

માનસિક વાતાવરણ શુદ્ધ રાખવું. બાહ્ય વાતાવરણ તો શુદ્ધ રાખવા માટે સાવધાન રહીને પ્રયત્નો કરવા. પારકાની આશા ઉપર શા માટે બેસી રહેવું ? આપણે બીજા સ્વાર્થીઓ માટે અવતર્યા નથી. આત્મકલ્યાણ જાતે જ કરી લેવાનું છે. નિરાશા તો આવવી જ ન જોઈએ અને ઉપાધિ છે શી ?......

શરીર કૃશ થશે, પણ અશક્તિ નહિ જણાય. અશક્તિ લાગે તો પાંચસાત બદામ, વરીઆળી ને ચારપાંચ દાણા મરી વાટી સાકર સાથે સવારમાં પી જવું. એથી મગજની ઠંડક રહેશે.

( ૬ )

૨૭-૬-૩૫

પત્ર મળ્યો. જેટલું ઝૂઝવાનું હોય એટલું ઝૂઝી લ્યો.

સંસારથી કંટાળીને જ્યારે સાચો વૈરાગ્ય આવશે ત્યારે એ છૂટશે. છૂટવું એટલે વ્યવહાર છૂટશે એમ નહીં, પણ માનસિક ચિંતા અને ઉદ્વેગમાંથી નીકળી ઉત્સાહ અને આનંદના માર્ગમાં પ્રવેશ થશે. એનો આરંભ થતાં જ શક્તિ પોતાનું ઇષ્ટ કાર્ય જલદી કરી બતાવશે. યોગક્ષેમનાં સાધનો અવશ્ય આવી મળશે. શ્રદ્ધા રાખો.

દુર્બળતા કાઢીને વીર-શૂર બનો.

( ૭ )

૨૩-૭-૩૫

એક ભા.......ના પત્ર સાથે તથા બીજો હમણાં એમ બે પત્રો મળ્યા. વાસ્તવિક તારા બધા પત્રોનો એક જ સાર છે કે, ત્યાં પડ્યા રહેવામાં હિત નથી, સાધનમાં સગવડ નથી, વૈરાગ્ય છે કે નહિ, એનું ભાન નથી.........

આ બધાનો નિર્ણય આકાશમાંથી કોઈ ઊતરી આવીને કરનાર નથી. જાતે જ કરી લેવાનો છે. રડ્યા કરવાથી કાંઈ વળવાનું નથી. જરા હિંમત રાખવી જોઈએ. મનુષ્ય જન્મ્યા છીએ અને ઇન્દ્રિયોના વિષયો પર વિજય મેળવવાની વીરતા કેળવવાની છે.

૧. કમાણીમાં સાર નથી, તો ઓછામાં ઓછું ખર્ચ કરવું, પાન છોડવાં, વિલાસ છોડવા, સાદાં કપડાં પહેરવાં, વગેરે બધું ઓછામાં ઓછા ખર્ચમાં જીવી શકાય તેમ કરવું.

૨. સાધનમાં સગવડ નાની જગ્યાને લીધે નથી એ વાત સાવ સાચી; જ્યાં સુધી બીજી સગવડ ન થાય ત્યાં સુધી વાચનમાં

વખત ગાળવો. યોગશક્તિ તો એવી દિવ્ય છે કે, શુદ્ધ વ્યવહારમાં પણ અદ્ભુત કાર્ય કરશે. માત્ર એમાં નિરભિમાનભાવ, નિઃસ્વાર્થ કુટુંબસેવા કે લોકહિતની દૃષ્ટિ રાખવી જોઈએ, વિષય વાસનાની નહિ.

૩. વૈરાગ્ય કેટલો છે એ વિષયમાં પોતાનું અંતર તપાસવું. ખૂબ વિચાર કરવો. ઈશ્વર તો સાધક-ભક્તની રક્ષા કરે છે જ. એની શરણાગતિ લેનારને જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ આપે છે. મનમાં એનાં બીજ હશે તો વૃક્ષ થશે.

૪. અધકચરી મનોદશામાંથી એક નિર્ણય પર જલદી આવી જા. તે વિના કાંઈ તને નહિ સૂઝે. કામધંધો પણ વખત અને પ્રારબ્ધ પ્રમાણે જ મળે છે. મહેનત કરતાં પણ જો ઈચ્છિત સાધન સગવડ ન મળે તો સમજવું કે પૂર્વકૃતનું પરિણામ પ્રતિકૂળતા ઉપજાવે છે. ભવિષ્ય માટે શુભ પ્રયત્ન, ઈશ્વરભક્તિ, સત્કર્મમાં નિષ્ઠા તથા શાંતિ રાખી ઉત્સાહપૂર્વક પુરુષપ્રયત્ન છોડવો નહિ. બાકી ગભરાઈને અથવા સફળતામાં વિઘ્ન કરનાર વ્યક્તિ કે સંયોગોને દોષ દેવો નહિ એ તો બિચારાં નિમિત્ત માત્ર છે. એનું કાંઈ એમાં ચાલી શકે એમ નથી. એ નિમિત્ત બનવાનાં હતાં તેથી બન્યાં છે. એમને ભૂલીને ઈશ્વરને યાદ કરવાનો છે.

કંટાળો કશી વાતનો ન હોવો જોઈએ; કંટાળો અને વૈરાગ્ય એક વસ્તુ નથી. વૈરાગ્યમાં પ્રસન્નતા હોય છે. છોકરી સાસરે પતિસુખ માણવા જાય ત્યારે માબાપથી કંટાળીને જતી નથી. ઊલટી થોડા પ્રેમમાંથી અવર્ણનીય પ્રેમમાં ચડવા જાય છે. વૈરાગ્યમાં ચિત્તની અવસ્થા આવી હોય છે. છોકરીને જેમ માતા પિતાનો દ્વેષ હોતો નથી તેમ આપણે પણ વર્તમાન અવસ્થાનો

દૂષ નથી કરતા, પણ વિષયોમાં દોષ જોઈએ છીએ. એમાં આત્મસુખ મળતું નથી. આત્મસંતોષ અને ઉત્સાહથી આગળ વધવાનું છે.

ગભરાવાનું શું છે? માત્ર થોડુંક જ બંધન કાપવાનું છે. ગીતાના પંદરમા અધ્યાયમાં કહ્યું છે: **असंगशस्त्रेण दृढेन छित्वा**-એ વિના બીજો માર્ગ નથી.

(૮)

૭-૮-૩૫

આ તો ત્યાગનો વિષય છે. ધાર કે હમણાં જ તારો દેહાંત થાય તો શું થાય? આવો જ વિચાર ત્યાગ સમયે કરવાનો હોય છે.

સગાંસંબંધી કે ધનવૈભવ વગેરેનો વિચાર કરી બેસી રહેનારા તો એ જ ઘટમાળમાં સડ્યા કરે છે. જેને સાધના માટેના સંયોગો અનુકૂળ હોય એને માટે જુદી વાત છે, પણ બધી વાતે વિરોધી વાતાવરણમાં જન્મ ધારણ થયો હોય ત્યાં એક ઘાએ જ બધા સંબંધો તોડીને સર્વસ્વભાવે ઈશ્વર સાથે સંબંધ જોડવાનો છે. અપૂર્વ સાહસ-હિંમત જોઈએ અને તે અંત સુધી નભી રહે તેવી.

સાધનામાં જ અગવડો છે ત્યાં મન ક્યાંથી સ્થિર થાય? હિંમત લાવીને જલદી રસ્તો લાવી નાખ.

(૯)

તા. ૧-૯-૩૫

ઋતુની અસરથી બધાને તાવ આવી ગયો. એની અસર હજુ છે એવું તું લખે છે પણ એની મનમાં ચિંતા શા માટે?

મનની દુર્બળતા શા માટે? વાસ્તવિક શક્તિ તો મનમાં સ્થાયી રહેવી જોઈએ.

આર્થિક મૂંઝવણ દૂર કરવાના પ્રયત્નો કરવા છતાં પણ એ દૂર ન થાય ત્યારે પ્રારબ્ધનો જ દોષ માનીને મનમાં સંતોષ માનવો જોઈએ. પરંતુ પ્રારબ્ધમાં દોષ માનવો એટલે કામરતા ધારણ કરવી એમ નહિ. સાચી તિતિક્ષા હોય તો દુઃખ સમયે મન ઊલટું પરમાત્મામાં વિશેષ નિમગ્ન રહે છે. વ્યાધિ આવે ત્યારે વૈરાગ્ય ઊલટો દૃઢ થાય છે; શરીરમાં તો હમેશાં આધિ, વ્યાધિ, ઉપાધિના ત્રિતાપ ભરેલા જ છે, એવો પરમાત્મા આપણને બોધપાઠ શીખવે છે, એમ સમજીને શાંતિ રાખવી. માનસિક તિતિક્ષા વધારવી.

સાંસારિક દુઃખથી ગભરાય એ અધ્યાત્મજ્ઞાનનો સાધક કહેવાય જ નહિ. દુઃખથી ડરે એ સાધન શી રીતે કરે? જેને રોટલાની ચિંતા સતાવ્યા કરતી હોય, શરીર જરા માંદું પડે ત્યાં મન ડોલાયમાન થતું હોય, એવો સાધક અધ્યાત્મસાધન શી રીતે કરી શકવાનો હતો? એ ત્યાગનો અધિકારી જ કેમ કહેવાય? પરમાત્મા પ્રતિ ઉન્નતિ કરનાર માટે એવી શરતો નથી કે, એને સંસારમાં બધાં સુખ અને એ સાથે ઈશ્વરનું શરણ અને સ્મરણ રહે. પરમાત્માની ભક્તિ કોઈ પણ જાતના સાંસારિક સુખને અધીન નથી.

ધૈર્ય કેળવો. ઈશ્વર પાસે આર્ત્તહૃદયે પ્રાર્થના કરો કે, તમને એ સહન કરવાનું બળ આપે! આ અનિત્ય-નાશવાન શરીરનાં કષ્ટ માટે ચિત્તમાં બળતરા શી? વેદાન્તનું-ગીતાનું વાચન કર્યું એનો ઉપયોગ શો? તમે આત્મા છો, અજર,

અમર, સુખદુ:ખાદિથી પર છે, એ વાંચ્યું તે બધું ક્યાં ગયું? પુસ્તકોનું જ્ઞાન પુસ્તકોમાં જ રાખવાનું નથી પણ અનુભવ કરવાનું છે. જીવનના પ્રત્યેક પ્રસંગોમાં એ ઉતારવાનું છે.

યોગ કે જ્ઞાનની સાધના, ધ્યાનમાં બેસીએ કે વિચારમાં હોઈએ ત્યારે જ અનુભવ કરવાની નથી; આપણી સમસ્ત રહેણીકરણી પરમાત્માની ઉપાસના છે. પ્રત્યેક પ્રસંગે ઈશ્વરનું આનંદરૂપે જ સ્મરણ કરવું એનું નામ ધાર્મિક જીવન છે.

માટે તિતિક્ષા કેળવો; ગીતાનો શાંત ગંભીર ચિત્તે વિચાર કરો ને જો સાધના કરવી હોય તો સાચા અર્થમાં અધિકારી સાધક બનો.

(૧૦)

૮-૧૦-૩૫

(૧) જપમાં બધા બેસો છો એ સારી વાત છે પરિણામ સુંદર આવશે.

(૨) ૐ........નમ: એ મંત્ર અનુષ્ઠાનનો છે, પણ આખો દિવસ એ જપવાનો નથી. સ્નાન કરીને સ્થિર આસને બેસીને રોજની ત્રણ માળા થાય તો પણ કામધંધાવાળા માટે ઘણી છે.

(૩) તું તારો સંકલ્પ વાપરે છે એમ કહે છે, પણ અમને આભાસ થતો નથી એ અમારી દૃષ્ટિમાં ન્યૂનતા હશે. તું વાપરે છે અને હજુ ખૂબ વાપર એટલો અમારો બધાનો આગ્રહ.

(૪) આવતા જેઠ મહિનાથી ગમે તે પરિણામ આવે તો પણ બધું સ્વાહા કરવાનું જ છે. એવું ન બને એ ક્યાંની

વાત ? પતી જ જશે જરા શ્રદ્ધા કેળવો ભાઈ! એનું જ નામ સંકલ્પબળ.

શ્રદ્ધાથી બુદ્ધિ વધશે. બુદ્ધિથી ચૈતન્ય સ્ફુરશે અને શરીરની જાડાઈના પ્રમાણમાં બુદ્ધિ જાડી નહિ પણ પાતળી, હલકી ફૂલ જેવી અને પ્રકાશવાળી થશે.

જરા આનંદમાં રહેતાં શીખ; મસ્તીમાં તો રહેવા માંડ; ગભરાય છે શા માટે ? બધું સુંદર પરિણામ આવશે.

(૧૧)

તા. ૨૫-૧૧-૩૫

ક્રિયામાં ન બેસાય તેની ચિંતા નહિ. અત્યારે હાલ તુર્ત વેપારમાં બહિર્મુખ વૃત્તિ રાખી કામકાજ કરવાનું છે. ત્યાં શક્તિ વાપરવાની છે; હું મનથી તો ત્યાં જ છું. ક્રિયામાં કશું ન થાય તેની ચિંતા નહિ; પણ વ્યવહારમાંથી કમાઈને છૂટા થવાની જે વૃત્તિ છે એમાં જ સંપૂર્ણ સંકલ્પબળ વાપરતો જા. ગભરાય છે શા માટે ? બધું ઠીક થઈ જશે.

ત્યાગ તો આપણા હાથની વાત છે અને શાંતિ પણ દૂર નથી. વ્યવહારને પહેલાં સંકેલી લે, પછી વાર નહીં લાગે. હિંમત હારવી જ નહિ. સિંહ થવું; શિયાળ નહિ. શું ઉપાધિ છે! કમાવાની શક્તિ છે, આવડત છે, માત્ર નિવૃત્તિની દિશામાં સંકલ્પ કેળવવાનો છે; એ કેળવાશે એટલે ગાડું સરળ ચાલવા માંડશે.

શરીરમાં સ્પંદન થાય ત્યાં થવા દે, અને સહજાવસ્થામાં આવીને જાણે ક્રિયા છે જ નહિ એમ કામ ધંધો કરતી વખતે એ વાત ભૂલી જા. પછી જો કે કેવી મજા આવે છે! નિર્ભય

થઈને વ્યવહાર કરવા માંડ. લેપાયમાન નહિ જ થવાય એટલી શ્રદ્ધા રાખ.

(૧૨)

૨૫-૧-'૩૬

દૈવી કર્મમાં હમેશાં સત્ત્વગુણ પ્રધાન હોય છે; ધ્યાનપૂજા બધાં ઉપાસનાનાં અંગ છે; સત્ત્વગુણ એટલે જ ચિત્તશાંતિ; ચિત્ત શાંત થાય ત્યારે રજોગુણ હેઠો પડે છે એ જોતાં શીખવું જોઈએ. ધ્યાનમાં પ્રણામ કરીને બેસવું એ માનસિકપૂજા તથા ધ્યાનનો વિધિ છે. અદબ વાળી બેસવું એ રાજસિક વૃત્તિ છે, સાત્વિક નહિ. તારી જૂની ટેવ પ્રમાણે કસરતબાજ તરીકે એમ થતું હશે; એ યોગ્ય ન કહેવાય.

ભગવા રંગનાં વસ્ત્ર પહેરવાને હજુ વાર છે. તે પહેલાં થોડી બીજી તાલીમ લેવાની છે; તું ત્યાંથી છૂટે પછી આપણે એ રસ્તો ક્‌હાડશું. બીજાઓ કાષાય (ભગવાં) વસ્ત્રનો ગમે તેમ ઉપયોગ કરતા હોય તો આપણે એવી ભૂલ અજાણતાં કરી લેશું એવો ફલિતાર્થ નથી નીકળતો. તેં જાણી કરીને એકાદ ભગવું વસ્ત્ર નહોતું લીધું એ વાત સાચી, પણ ભૂલ તો અજ્ઞાનમાં જ થાય ને? હવે વાપર્યા કરીને એ અજ્ઞાન તથા ભૂલને બેવડી કરવી એ ઠીક નહિ. એ વસ્ત્ર ફરતા સાધુને આપી દેજે.

વય વધતું જાય છે. સમય ચાલ્યો જાય છે અને આમ ને આમ તડફડાટ સેવી અશાંતિ વધારવી, એ બધું ક્યાં સુધી? ધીરજથી ઉપાસના કર્યે જા; અને વ્યવહાર ભણી શાંતિથી લક્ષ્ય આપતો જા.

(૧૩)

૧૩-૨-૩૬

પત્ર મળ્યો. ત્યાં જવાનું થયું એ પણ સારું જ થયું છે. એક વાત સમજી રાખ.

એક જ લક્ષ્ય! પરમાત્મા જે અવસ્થામાં, જ્યાં રાખે ત્યાં એ તારા કલ્યાણ માટે જ તારી પાસે બધાં કર્મ કરાવે છે, એમાંથી શુભ પરિણામ આવવાનું છે એવી આશાભરી શ્રદ્ધા કેળવતાં શીખ.

યોગશકિતને તો આપણે એ જ પ્રાર્થના કરવાની કે મારે માટે જેવી યોગ્યતા લાગે તેવાં સાધન અને સંયોગો ગોઠવી આપે. સંયોગોનો હિસાબ અને ગોઠવણ એને કરવા દેવી; આપણે એ બધા સંયોગોને સાધન માનીને અંતરમાં આનંદ રાખવો.

યોગશકિત એક જ પ્રકારના સાધનથી પરમાત્માના સચ્ચિદાનંદ સ્વરૂપ સાથે અભેદ નથી કરાવતી; એક જ સાધન દ્વારા જો એ એમ કરાવતી હોય તો તે મહાયોગની શકિત નહિ, પણ બીજા યોગની પેઠે કૃત્રિમ ઉપાયો દ્વારા ખંડયોગનાં જ સાધન મેળવી આપે છે એવી કહેવાય.

એકાંતમાં ધ્યાન ધરવું, શરીરને સ્થિર કરવું, એ જ કાંઈ ધ્યાન નથી. હરતાં ફરતાં, કામ કરતાં, મન પણ એમાં જ લાગી રહે એ પણ ધ્યાન છે.

કશી પામરતા નથી. સિંહત્વનું પણ ભાન થશે. જરા સબૂરી પકડ. બધું વખત આવતાં ઠીક થઈ જશે. દુઃખ જેવી વસ્તુ શી છે? લક્ષ્ય નક્કી થઈ ગયું છે. માત્ર વગર સમજ્યે સાધનમાં

ગભરાટ તું રાખે છે, તે પણ નીકળી જશે.

જે કાળે જે બને છે તેમાં તું મરણીઓ થઈને નિરાંતે આનંદ રાખતાં શીખ મનમાં શ્રીગુરુનું સ્મરણ કર્યા કર એટલે સંતોષ રહેશે.

(૧૪)

૨૩-૨-'૩૬

વિક્ષેપ ન થતો હોય તો શાંતિની કિંમત જ ક્યાં છે? વિક્ષેપ છે ત્યારે જ સાધનની આવશ્યકતા છે. જગત અને જગતના ભોગ તરફ મન ઘડી ક્ષણ જાય, પણ યોગશક્તિ એવી અલૌકિક પ્રભાવવાળી છે કે, તમને પડતાં પડતાં પણ અવશ્ય બચાવી લેશે. શ્રદ્ધા નહિ જ હોય તો પણ પરિણામે શ્રદ્ધા કરાવશે. કાળે કરીને પણ ધનનો અભાવ લાગતો હશે તો યોગક્ષેમ જેટલો મટશે. જરા ધીરજ રાખ. પરમાત્મા આ જન્મમાં જ બધા સંયોગો આત્મજ્ઞાન માટે અનુકૂળ કરી આપશે. કામ કરવામાં પણ ઈશ્વરને જરા વાર લાગે; કારણ કે આપણ જૂના પાપસંસ્કાર ધોવાય અને પુણ્યસંસ્કારનો ઉદય થાય ત્યારે સફળતા થાય છે. માટે જ ધીરજ રાખવી જોઈએ.

ઈશ્વર Personal-સગુણ વ્યક્તિરૂપે છે એ વાત પણ સાચી; એ Impersonal & Universal-નિર્ગુણ, નિરાકાર અને સર્વવ્યાપક છે એ વાત પણ એટલી જ સાચી. અસ્તિ, ભાતિ, પ્રિયરૂપે વિચાર કરવામાં જરા વિશેષ ઝીણવટની જરૂર છે. અસ્તિ, ભાતિ છે ત્યાં પ્રિય પણ છે જ. એ ત્રણે અભિન્ન છે. પ્રિયતા વિના અસ્તિભાતિનો ભાસ જ નથી અને અસ્તિ, ભાતિ જોઈએ—

અનુભવીએ, એટલે પછી જડચેતન દશ્યોમાં પદાર્થજ્ઞાન ન રાખતાં (તત્ત્વ) અર્થજ્ઞાન જ રાખવાનું છે. પદ એટલે નામરૂપમય વસ્તુ; અને પદનો અર્થ એટલે અસ્તિ, ભાતિ, પ્રિયરૂપે દૃષ્ટિ એટલે અસ્તિભાતિ જ વિરાજે છે એમ લાગવું જોઈએ. અને જ્યાં એ સ્થિરતા થઈ એટલે ચિત્તની સમતા તથા સ્થિરતા, અને તત્ત્વની એકાકાર નિરાકારતા થતાં આનન્દની અવસ્થા આવવા માંડે છે. દ્વૈતભાન રહે ત્યાં સુધી અસ્તિભાતિ પ્રિય નથી જોવાતું. આમ જ્ઞાનદૃષ્ટિમાં પણ કશી લાંબી ભાંજગડ નથી.

ધીરે ધીરે બધું ઠીક થઈ જશે. સંબંધીઓના પ્રશ્નોનો પણ સમય આવતાં નિકાલ થઈ જશે.

૧૧-૬-'૩૬

(૧૫)

તારા પત્રની દલીલોમાં કાંઈ વજુદ નથી. તારા સંબંધે વિગતે ખૂબ ચર્ચા—સમાધાન થયાં છે પણ એ બધામાંથી તું ઊંચો જ નીકળી શકતો નથી. બધા સંયોગોનો ફોડ પાડીને વિગતે વાતો ખૂબ થઈ છે. તેં એમ પણ કહેલું કે જૂનમાં કાંઈ નહીં તો છેવટ એ માસ માટે તો નીકળી જ આવું છું પણ છેવટે પાછું શૂન્ય.

મારી સૂચના, આજ્ઞા કે આગ્રહ કોઈ એક દિશામાં નથી. પણ ગૂંચવણમાં પડેલા તમે છો, ત્યાં તમને જે દિશા સૂઝતી હોય, અને અધ્યાત્મહિત માટે જે મને અનુકૂળ લાગતી હોય, તે દિશામાં તમને મારે માત્ર વલણ—ઝોક દેખાડવાનો રહ્યો.

× × ×

આ બન્ને પ્રશ્નનાં સમાધાન થઈ ગયાં હતાં એમ મને યાદ છે. છતાં બીજી વાર વિસ્તારથી લખું છું, તે આંખ, કાનના ગોખલા ઉઘાડા ને પહોળા કરીને, મનમાં ખાડો ખોદીને ભરી રાખતાં શીખજે.

× × ×

હવે મુખ્ય મુદ્દો : કશા પણ તત્ત્વજ્ઞાનના ગ્રન્થોનો તમને અભ્યાસ નહીં; કર્મ, ઉપાસના કે જ્ઞાનની ઝીણવટની કશી વિવેકબુદ્ધિ નહીં, કેમ આત્મોન્નતિ સધાય એનું કશું પણ ભાન નહીં ગુરુભક્તિ અને ગુરુસેવા એ ઈશ્વરસેવા અને ઈશ્વરભક્તિ છે; ગુરુની આજ્ઞાનું પાલન અને એમ કરતાં મનને દુઃખ થાય તે ભોગવી લેવું એ માનસિક તપશ્ચર્યા છે; એમાં તર્ક થાય તે નાસ્તિકતા, એ તર્ક શમાવવા માટે શ્રદ્ધા, ભકિત અને ગુરુનિર્દિષ્ટ કર્મ કરવાં તે ગુરુસેવા—આવી કશી પણ અક્કલ વગરના તમે, ત્યાં કાદવમાં જ રહી, મિથ્યા ચર્ચાનાં બણગાં ફૂંકો ને કશા પણ નિર્ણય પર ન આવી શકો એમાં તમારી જિજ્ઞાસા કે મુમુક્ષુત્વનાં મારે દર્શન કયાં કરવાં ?

ખરી વાત એવી છે કે તમારે આત્મસાક્ષાત્કાર તથા આત્મશાંતિ નહીં, પણ વર્તમાન સ્થિતિમાં પરિવર્તન જોઈએ છીએ. તમારે આ પ્રમાણે જોઈએ છીએ:

(૧) સુન્દર વનપ્રદેશમાં એકાન્ત નિર્જન સ્થાને તમારે માટે સુંદર કુટિ હોય.

(૨) ભોજન માટે રીતસર દાળભાત, રોટલી, શાક, ઘી, દૂધ, કોઈ વાર મિષ્ટાન્ન કે ફરસાણની સારી સગવડ હોય.

(૩) નોકરચાકરની બધી મનમાનતી સગવડ હોય.

(૪) સુન્દર ઋતુઋતુને અનુકૂળ આવે એવાં વસ્ત્ર હોય.

(૫ મિત્રો સાથે ગપ્પાં મારવાની મંડળી હોય.

(૬) પાન, ચા, સુપારી, સુગંધી તેલ, સાબુ, વગેરે વસ્તુઓની વિપુલતા હોય.

(૭) અને આ બધું પૂરું પાડતાં છતાં પણ તમને કોઈ એક પણ શબ્દ ન કહે, કે જ્યાં તમારું માનભંગ ન થાય એવી માનપૂર્વકની સ્થિતિ હોય.

આવું આવું તમને હોય તે તમે ઈશ્વરભજન, ધ્યાન કે કંઈ કરો એમ ને ? આ તમારા ત્યાગની ભાવના; આમ હોય તો ઈશ્વર કે તમારા આત્મસ્વરૂપ પર ઉપકાર કરવાનો અહંકાર પોષીને તમે એ માર્ગે જાઓ.

આવી સ્થિતિએ કયા સન્તે અનુભાવ કર્યો એમ કહેશો જરા ? માટે :—

તમારા સ્વભાવ-પ્રકૃતિનો અભ્યાસ કરો; જેટલી યોગ્યતા અધ્યાત્મક્ષેત્રમાં આત્મપ્રાપ્તિની હોય તેટલું જ લક્ષ્ય ગોઠવો. જેમ પાંચસોની મૂડીથી લાખનો વેપાર થાય નહિ અને લાખોની આશા રાખીએ તો હાનિ જ થાય, તેમ અધ્યાત્મજ્ઞાનમાં—સંપૂર્ણ આત્મસાક્ષાત્કારની વાતો કરીએ, એટલું લક્ષ્ય બાંધીએ અને યોગ્યતા હોય, કેવળ સાંસારિક દશામાં રહી, ભજન કરવાની જ. તો પછી સ્થિતિ જેવી ભોગવો છો તેવી જ હોય તો આવું જ બને; કશીય શાન્તિ ન મળે, ત્યારે દોષ દેવો ગુરુઓ, સન્તો અને

શાસ્ત્રોને ! ગુરુ, સન્તોનાં આચરણ જોઈ એમાં તર્કો કરવા, દોષ જોવા, અને શાસ્ત્રોમાં તર્કકુતર્ક કરવા.

મુખ્ય વસ્તુ છે ભવિષ્યના તર્ક છોડી દેવાની; વર્તમાનમાં જેઓ પોતાની સ્થિતિનું સમાધાન નથી કરી શકતા, તેઓ ભાવીમાં વિકટ સ્થિતિ આવે ત્યારે તે વખતે વર્તમાન બનેલી એ સ્થિતિનું સમાધાન ક્યાંથી કરી શકે ? ન જ કરી શકે.

ઘણે ભાગે એમ બનેલું હોય છે કે રામતીર્થ, રામકૃષ્ણ કે બીજા સંતોનાં જીવન કે વ્યાખ્યાન વાંચીને અથવા વેદાન્તનાં સંન્યાસ આશ્રમને લગતાં પુસ્તકો ડોળીને સાધારણ માણસ પોતાની એક એવી માનસિક સ્થિતિ ઊભી કરે છે કે જે ઉપરના સાત સુધી ગણાવી છે તેવી. આ કલ્પના ભૂલ ભરેલી છે. આવી અનુકૂળતા શોધનારને તત્ત્વનો જિજ્ઞાસુ નહિ, પણ રજોગુણનો ભવ્ય, ભયંકર ઉપાસક સમજવો જોઈએ. તેથી જ શાસ્ત્રોએ ગુરુશરણવિધાન અને એમની આજ્ઞાનું (પોતાની મરજી કે મનવિરુદ્ધ એ આજ્ઞા હોય તો પણ) પ્રાણાન્તે પાલન લખ્યું છે. જેઓ આમ પ્રાચીન પદ્ધતિથી નથી ચાલનારા તેઓ અતોભ્રષ્ટ તતોભ્રષ્ટ થઈ, મિથ્યા આડંબર—દંભમાં જીવન વીતાવે છે અને નિત્યને માટે પોતાના ચિત્તમાં અશાન્તિ ભોગવે છે.

ધારો કે તમે બધું છોડી અહીં આવ્યા ! તમને શી ખાતરી કે હું શી આજ્ઞા કરીશ ? અહીં હલકામાં હલકું કામ બતાવું તો કરશો ?—માન-અપમાન છૂટશે ? જે ટંકે સૂકો રોટલો મળે તો ખાઈ શકશો ? તન તોડીને મહેનત થશે ?—ના; તમારાથી આગળ કશું નહિ થાય. તમે તો મહેમાનની પેઠે તૈયાર

રસોઈ જમશો, મનમાન્યાં પુસ્તકો વાંચશો, હરશો, ફરશો; બીજા સાધકોને હું સાધન કરતો કરાવતો હોઈશ તેની ટીકા કરશો; અહીં આશ્રમવ્યવહાર હશે એટલે મને માયામાં ફસેલો માનશો; વગેરે વગેરેથી તમારા ચિત્તને કલુષિત (કદાચ?) કરશો.

હવે બીજી વાત: હું તમને સીધો હુકમ આપું કે બેટમજી, બધો સરસામાન અહીં મૂકીને પગપાળા બદરિનારાયણની મુસાફરી કરી આવો ને હૃષીકેશમાં કે બીજી જગ્યાએ ભિક્ષાન્ન માગી ત્રણ વર્ષ ગાળી આવો. એ તમારાથી બને તમે નથી, ખરું ને?

૧. નથી તમારાથી જ્યાં છો ત્યાં સંતોષથી રહેવાતું;

૨. નથી અહીં આવીને સ્વાર્પણ બનતું;

–તો પછી જિજ્ઞાસુ અને મુમુક્ષુ હોવાની બડાઈ શા માટે હાંકો છો? માટે:

૧. ગમે તે એક દિશામાં હિંમત લાવો; સાવધાન! હિંમત મનમાં લાવવાની છે.

૨. જીવનમાં સાદાઈ કેળવો. શરીરરક્ષા માટે માત્ર ખાઓ, પીઓ અને પહેરો છો એનો ખૂબ વિચાર કરો. સ્વાદ માટે ખાતા નથી ને ચામડીની સુંવાળપ માટે વસ્ત્ર પહેરતા નથી એ યાદ રાખો.

૩ પામરતા છોડો અથવા મારો પીછો છોડો.

૪. તમારા કરતાં તો બીજા નિરભિમાન સાધકો કે ભક્તો પોતાનો ગૃહસ્થાશ્રમ નિભાવી આનંદ તથા સંતોષથી

રહે છે તે લાખ દરજ્જે સારા નહિ! તમે આવા રડતા – મરતા – જીવો તે મારે શું કામના ? વીર બનો, ત્યાગ જો લક્ષ્યમાં હોય તો ત્યાગનું સ્વરૂપ સમજી જીવનમાં ઉતારો, સામાન્ય સ્થિતિ ગાળવી યોગ્ય લાગે તો કામધંધામાં ઉત્સાહ રાખો, હુશિયારી કેળવો ને બધે મરદ બનો.

(૧૬)

૯–૩–૩૬

બ્રહ્મા–વિષ્ણુ–મહેશની ત્રિપુટિ–રજસ્, સત્ત્વ અને તમસ્‌ના અધિષ્ઠાતા, નિયામક મનાય છે. સૃષ્ટિની ઉત્પત્તિના વિષયમાં વાત એવી છે કે એક, કેવલ, પરિપૂર્ણ બ્રહ્મને આશ્રયે રહેલી એક માયાશક્તિ છે. એમાં પાછાં બે સ્વરૂપ છે. એક માયા ને બીજી અવિદ્યા. માયા શુદ્ધ સત્ત્વગુણપ્રધાન છે. માયામાં પડેલું પ્રતિબિંબ તે ઈશ્વર; અવિદ્યામાં પડેલું પ્રતિબિંબ તે જીવ એટલે અવિદ્યા જીવની છે, ઈશ્વરની નથી.

ઈશ્વર કેવલ દૃષ્ટા છે અવિદ્યા જીવની છે, એટલે પ્રત્યેક જીવ પોતપોતાના અજ્ઞાનને લીધે તમસ્, રજસ્, સત્ત્વમાં ક્રમ વિકાસ પામતાં આગળ વધીને ગુણભોગમાંથી છૂટવા પ્રયત્ન કરે છે. જીવની અવિદ્યા છે ત્યાં સુધી એને જન્મમરણ અને કર્મભોગ રહે. જીવ ન હોય, એટલે કે જીવનો જીવભાવ ન રહે, ત્યારે સૃષ્ટિ કે સ્રષ્ટા જ રહેતાં નથી.

જીવ મુશ્કેલી પોતે વ્હોરી લે છે. અજ્ઞાનમાં વ્હોરી લે છે, માટે દુઃખ પડે છે. જ્ઞાનમાં તો વ્હોરતો નથી. ભગવાન મુશ્કેલી

નથી આપતા.

જીવની દૃષ્ટિમાં સંસાર છે; એટલે એ સંસારનો જ્ઞાન દ્વારા નાશ કરવા સંસારનું સ્વરૂપ સમજાવવા, ગુણમયી રચના સમજાવવા માટે પુરાણોની પણ વ્યવસ્થા થઈ છે.

...હમણાં કશી ચિન્તા ન કરતો. તું શા માટે ફિકર કરે છે? આત્મસમર્પણનો ખરો ભાવ જો આવે તો ભાવીની કશી વિચાર–કલ્પના રહેતી જ નથી. એકલું વર્તમાનમાં આનંદ લેતાં શીખવું.

(૧૬)

૧૫-૯-૩૬

પરમાત્માના આ વિશાળ જગતની પરોપકારની ભાવનામાં પ્રવેશ કરવાનું, અને તનમનનો ઉચ્ચ પ્રદેશમાં ઉપયોગ કરવાનું ભાગ્ય તને નોતરી રહ્યું હોય, ત્યારે મોં સંતાડવા જેવી તારી તેમ જ બીજાની સ્થિતિ છે. તમે મહાન પુરુષોનાં ગ્રન્થો અને એમનાં ચરિત્રો વાંચ્યાં છે, પણ અર્થ અને કામના કલુષિત વાતાવરણથી મનને એટલાં બધાં મલિન કરી નાખ્યાં છે કે, એમાંથી મુક્ત થવાનું સ્વપ્ને પણ સૂઝતું નથી. સર્પ ચન્દન-વૃક્ષ ઉપર સુગન્ધિના મોહથી ચડે, લપેટાય, પણ મુખ (ફણા) ને તો તેનાથી દૂર જ રાખે છે—રખેને પોતાની વિષસત્તા કશાથી પણ નષ્ટ થાય!

જે સાધક ક્ષણેક્ષણે વાસનાનાં ફલ જોયા કરે, વાસના પ્રમાણે ભોગ મળતા નથી તે માટે ઈશ્વરની ઉપકારમયી માયાશક્તિમાં દોષનું આરોપણ કર્યા કરે, એનો ઉદ્ધાર કયાંથી હોય?

ગુરુશક્તિમાં દોષ જોવા મૂકી દો. જે થાય છે એમાંથી સુખદુઃખની ભાવના કાઢી નાખી, આત્મામાં સુખ છે, અથવા પરમાત્મા જ સુખસ્થાન છે એમ સમજી અનુભવ કરો, અને દ્વંદ્વો મિથ્યા છે એમ સમજી તિતિક્ષા વધારો. કેવલ ભગવદ્‌ગીતા વાંચી, સમજીને એ પ્રમાણે-એની આજ્ઞા પ્રમાણે જીવન ઘડ્યું હોત, તો પણ બુદ્ધિનો વિકાસ થાત, અને અત્યારે ખૂબ ઉન્નતિ કરી હોત.

.....સાહસિક બનો, બાયલા નહિ.

( ૧૮ )

૧૬-૧૦-૩૬

તારા બન્ને પત્રો મળ્યા છે. તારા ઉછાળા શાંત થતા જોવા હું ખૂબ ઉત્સુક છું હકીકત એવી છે કે, વર્તમાન અવસ્થા પછી તે દ્વંદ્વના ગમે તેટલા પ્રબળ પ્રહારની હોય, તો પણ તેને મૂંગે મોંએ શાંત ચિત્તે સહન કરી લેવાની શક્તિ કેળવવી, એ સૌથી પ્રથમ તેમ જ છેવટનું સાધન છે. વારંવાર ગભરાઈ જઈને ઈશ્વરથી કે ભાવીથી ડરવાની મનોવૃત્તિ કાયરતા સૂચવે છે, અને એવી કાયરતાવાળો કોઈપણ સાધક આત્મકલ્યાણ કરી શકતો નથી. એનામાં સાહસવૃત્તિ હોતી નથી, સાહસ ખેડીને આવી પડતાં કષ્ટો સહન કરવાની શકિત હોતી નથી, અને હાથમાં લીધેલું કાર્ય પૂરું પાડવાની વૃત્તિ હોતી નથી.

......હમેશાં એવી મનોવૃત્તિ કેળવી લે, કે જે કાળે જે થવાનું હશે તે થશે; અત્યારે શા માટે મન બાળવું? અત્યારે તો જે જે કાર્ય હાથમાં છે તેમાં જ મન પરોવી, દત્તચિત્તથી પાર

ઊતરવાનું છે. આટલું મનોબળ કેળવી લે, એટલે પછી શાંતિ દૂર નથી.

મનુષ્યે અંતઃકરણને કેળવવાનુ છે, કેવલ સ્થૂલ શરીરને નહિ. તેં તો સ્થૂલ તથા સૂક્ષ્મ, બન્નેની વચ્ચે ઝોલાં ખાવાનું જ રાખ્યું છે. એમ ન રાખતાં, બેમાંથી એક વાતે મનને કેળવી લે, એ માર્ગે ગાડું ચડી ચૂકયું સમજવાનું છે. (૧) મનને વર્તમાનમાં જ સંતુષ્ટ રાખવું, (૨) ભવિષ્યના વિચાર કે ચિંતા ન જ કરવાં, (૩) દરેક શુભસાહસમાં આદિથી અંત સુધી આનંદ રાખવો, (૪) કશી લાંબી પહોળી દોડધામ ન કરતાં ચાલુ કામકાજમાં ખૂબ ધ્યાન રાખવું, ને (૫) વ્યવહારમાં પણ કોઈ એક વ્યક્તિ કહે તેમ કરવું.

આ બધામાંથી એક પણ સૂચનાને અનુસરશો તો સુખી થશો બાકી અમ ને આમ રહેશો તો તાપસંતાપ કોઈપણ જન્મે નાશ પામવાના નથી.

.......ગભરાયે પાર ન આવે, માટે ધીરજ, ઉત્સાહ અને આનંદપૂર્વક વ્યવહાર કરવા માંડો, એટલે શાંતિ તો અંદરથી ફૂટી ફૂટીને નીકળશે

*

# ૧૯

(૧)

૫-૮-૩૭

સંસારનું સ્વરૂપ જ અનિવર્ચનીય; કોઈ એક જ રીતે એનું સમાધાન ન થાય; આત્માની વ્યાખ્યા અને સંસારનો નિષેધ કરીને પણ આપી શકાય; અત્યારે તો સંસાર અને એની ગતિ વિચિત્ર જ છે, એમ કહીને બેસી જા. પ્રવૃત્તિમાં બને તેટલું નિષ્કામ શુદ્ધ કર્મ કરવું, ને આનંદ તો સ્વરૂપનો જ રાખવો. જન્મમરણ, રાગદ્વેષ, લાભાલાભ, એ બધાં દ્વંદ્વોની અસર ચિત્ત પર ત્યારે જ ન થાય કે જ્યારે ચિત્તરૂપી કપડું આત્માનંદથી દ્વંદ્વપ્રૂફ બનાવ્યું હોય.

ખરો અભ્યાસ જ જ્ઞાનયોગ છે, ધ્યાનયોગ સાધન છે, સાધ્ય નથી.

(૨)

૧-૧૦-૩૭

સંસારમાં વિકટ પ્રસંગો આવે ત્યારે ગભરાવું નહિ. દુઃખ વિના સહનશક્તિ વધતી નથી. પ્રત્યેક અવતાર, અવતારની સાથે સંબંધ રાખનારા તે સમયના જીવાત્માઓ તેમ જ સંતપુરુષો દુઃખ પામીને કે વહોરી લઈને જ અનંતસુખનો માર્ગ મેળવી

શકયા છે. ....જેની સાથે ઋણાનુબંધના સંબંધ હશે તે રહેશે ને ભોગવવા પડશે. ખૂબી તો એ છે કે આવી બધી દ્વંદ્વની આવાગમનવાળી અવસ્થાઓમાં પણ દૃષ્ટા સાક્ષીઆત્મા અખંડ દીપકજ્યોત જેવો હંમેશાં સાવધાન રહી વિરાજ્યા કરે છે. આપણે અખંડ સચ્ચિદાનંદ દૃષ્ટા, નિર્લેપ છીએ, એ નિશ્ચય અંતરમાં રાખજો. ॐ

(૩)

૧૫-૬-૩૮

સકામભાવે મારી પાસેથી કશું મળી શકે એમ નથી. તમારાં પૂર્વકૃત પ્રમાણે જે કાળે જે થવાનું હશે તે થયા કરશે, એ જેમ થાય તેમ જોયા કરો. અંતરથી સાક્ષીભાવે રહો. ઉદાસીન વૃત્તિથી આવે તે ભોગવો. ઈષ્ટ ભોગનો અભાવ ન માનો. વર્તમાનમાં સંતોષ અને તૃપ્તિ રાખો. વિલાસ છોડો-આમ જે તમે જાણો છો એ જ પુનઃપુનઃ જ્યાં સુધી તમે વર્તનમાં ન મૂકી શકો, ત્યાં સુધી કહેવા લખવાનું મારે ચાલુ રાખવાનું "ચોર્યાસી લક્ષથી બચાવો" એવી જેની આંતરવૃત્તિ હોય તેને ભોગ ન સૂઝે ભોગ તો ઝેર જેવા લાગે. વિલાસની વેશ્યાવૃત્તિ એને ન ગમે. સંસાર અને સંસારના વ્યવહાર કાંટાળાં જંગલ જેવા લાગે; અને એક-માત્ર સંતકૃપાના અભિલાષી બની એ જ દિશામાં મરણિયો થાય. જીવન મરણની જાલમાંથી તમે છૂટવા નથી માગતા, પણ બંધાવા માગો છો પણ એમાંયે તમારામાં હિંમત કયાં છે? નરી કાયરતા જ છે. એમાં પણ શૂરવીરતા જોઈએ. બાયલો બધે નકામો.

માટે હિંમત લાવો ને જે દિશામાં જવું હોય ત્યાં દોડવા માંડો; તો જ અશાંતિ જશે; નહિ તો વધશે

(૪)

૧૨-૧૦-૩૮

તારી અશાંતિનાં કારણો એક કરતાં વધારે છે; એનો ઉકેલ તારે તારી મરજી પ્રમાણે અને મારી અનુમતિથી કરવો છે, એ બને એવું જ નથી.

મનુષ્યનું જીવન કેવળ આનંદપ્રાપ્તિ માટે જ છે એમ શાસ્ત્રો સ્પષ્ટ કહે છે એ આનંદ કેવળ સચ્ચિદાનંદ સ્વરૂપભૂત આત્મા જ છે એ વાત પણ નિર્વિવાદ છે. અજ્ઞાનને વશ મનુષ્ય બાહ્ય વિષયોમાં આનંદ છે એમ માની એની પ્રાપ્તિના પ્રયત્નમાં વ્યર્થ આયુષ્ય ગુમાવે છે.

પહેલાં તો ધ્યેયનો નિશ્ચય કરવો. તે પહેલાં આપણે સામર્થ્ય માપીને તપાસી જોવું, દેશકાલ જોઈ લેવો, અને પછી એ પ્રમાણે જીવનનો માર્ગ કાપતાં શીખવું.

લક્ષ્યમાં પણ ભૂલો થવાના અનેક સંભવો છે. વિઘ્નો આપણે જાતે જ ઉત્પન્ન કરેલાં હોય છે; અને વિઘ્નોને દૂર કરવાં ન કરવાં, એ પણ આપણાં જ્ઞાનઅજ્ઞાન અને શક્તિઅશક્તિ ઉપર આધાર રાખે છે.

આટલું છતાં પણ મૂંઝવણ શા માટે વેઠવી? ચક્ષુ સમક્ષ મહાપુરુષોનાં ચરિત્રોમાંથી એટલું તો અવશ્ય શીખવું જોઈએ કે, જેટલા પ્રમાણમાં ત્યાગ તેટલા પ્રમાણમાં શાન્તિ વિશેષ પ્રાપ્ત થાય છે.

ખોટી self-made position નો ખ્યાલ તમને તો બહુ સતાવે છે. જીવનનું ધ્યેય કશું બાંધી શકાતું નથી. કર્તવ્યપરાય-

ણતા નથી. સાધન કે સાધ્ય, એ બેમાંથી એકેયમાં ચિત્ત ચોંટતું નથી. અને જે વસ્તુ મરણપર્યન્ત પ્રાપ્ત થઈ શકે એવી નથી એની ઝંખનાને લીધે ચિત્ત ક્લેશ ભોગવ્યા કરે છે.

આવી દશાને સુધારવાનો સત્વર ઉપાય એ જ છે, કે સર્વ સુખના ભંડાર પરમાત્મા જ તમારા જીવનની પ્રાપ્તિનું લક્ષ્ય છે એમ નક્કી કરો. એ પ્રાપ્તિ માટે સાદાઈ અને ત્યાગ જ સાધન છે એમ માની એ પ્રમાણે ત્યાગ સ્વીકારો. લોકોનાં મેણાંટોણાંનો ભય ત્યાગી, નોકરી કરતાં કરતાં પણ જાતે જ પોતાનું કામકાજ કરી પૈસા બચાવી...પછી વખત આવ્યે સર્વાંશે પરમાત્માને જીવન અર્પણ કરો. તમારા કરતાં તો દેશસેવાનું કામ કરનારા વધારે સાદા રહે છે.

....આહાર તથા નિદ્રા, બન્ને અલ્પ હોવાં જોઈએ. અને તેમ હશે તો જ ક્રમે ક્રમે ઉન્નતિ કરી શાંતિ મેળવશો. નહિ તો ક્લેશ ઘટવાનો સંભવ નથી યોગ અને વેદાન્તને અનુકૂળ વાંચન અને તે પ્રમાણેના વિચાર; એકનિષ્ઠ આજ્ઞાપરાયણતાવાળી ભક્તિ; ઓછામાં ઓછા ખર્ચથી રહેવાની ટેવ; જાતે કામ કરી લેવાનો આગ્રહ; એ બધું આવશ્યક છે. વખત નકામો ન ગુમાવવો અને બીજો આમ કહે છે ને કરે છે, એ ભાંજગડ મનમાંથી કાઢી નાખવી. શા માટે આટલી બધી બીજાની બળતરા? અને બીજાની બળતરાથી શા માટે તમારે બળવું? બીજાનું ખપ પૂરતું જ યાદ રાખીને બધું ભૂલતાં શીખવું, ને પોતાનામાં જ લક્ષ રાખવું. પોતાનું જ ચિત્ત ઠીક કરવું, પોતે જ સત્ત્વગુણી બનવું, એટલે બધું ઠીક થઈ જશે. જેટલું વહેલું કરશો એટલા વહેલા સુખી થશો....જેવી ને જેટલી જેની

સેવાભક્તિ તેવું તેને તેનું ફળ મળે છે, એ શાસ્ત્રવાક્ય કદી ખોટું થવાનું નથી. કલ્યાણ તો બધાંનું વાંચ્છવું, પણ વિશેષ ભાવે કલ્યાણ અને કૃપા એમના પર ફળીભૂત થાય જે વિશેષ ભાવે પરમાત્માને અર્પણ થાય છે.

(૫)

૧૧-૧૧-૩૮

ઉન્નતિ તો, જે દિશા જેટલી પ્રગતિ થાય એટલી થાય. ત્યાગ વિના પ્રાપ્તિ નથી. પુરુષાર્થ વિના કશું મળવાનું નથી. પૈસા કમાવવામાં કયાં ઓછી મહેનત પડે છે? ત્યારે આ દિશામાં, બેઠાં બેઠાં બધું મળવાનું છે? સંસારના બધી જાતના રગડામાં રહેવું ને આધ્યાત્મિક ઉન્નતિ ઇચ્છવી, તે તો પથ્થરમાંથી પાણી કાઢવા જેવું છે. પામરો કશું મેળવી શકતા નથી. મેળવવાનું શું છે એનું પહેલાં ભાન થાય, પછી એની કિંમત જણાય ત્યારે યોગ્ય પુરુષાર્થ થાય; બાકી હીરાની કિંમત જેને ખબર ન હોય છતાં હીરાની પ્રબળ ઇચ્છા કરે અને આનો બે આના લઈને હીરો લેવા જાય, તો કાચનો કકરો લઈ આવે. આવી બધા સંસારીઓની દશા છે.

(૬)

૨૬-૧૧-૩૮

ઉપાધિના ત્રણ ગુણાત્મક પ્રકાર છે : સાત્વિક. રાજસિક અને તામસિક. અને એ ત્રણે એ પ્રકારનાં કર્મમાંથી ઉદ્‌ભવે છે. એ ઉપાધિ માનસિક ખેલ છે, શારીરિક નથી; ઉપરાંત, એકને જે

ઉપાધિ લાગે તે બીજાને ન લાગે; એટલે એનાં ભોગમાં જ્ઞાન-અજ્ઞાન તથા શક્તિ-અશક્તિનો પણ પ્રશ્ન છે.

પુરુષાર્થ તો પુરુષ (જીવ) માત્રનો પરમાનંદની પ્રાપ્તિ અને દુઃખની આત્યન્તિક (સંપૂર્ણ) નિવૃત્તિ જ છે. પ્રારબ્ધભોગ માટે દેહ-પ્રાણ-મન-બુદ્ધિ ક્રિયા કરે, એનું નામ પુરુષાર્થ. એ બધાં ક્રિયાશીલ રહેવાનાં જ. પ્રારબ્ધ એટલે સુખદુઃખ, લાભહાનિ, હર્ષશોક ઈત્યાદિ. દ્વંદ્વો. ક્રિયાની સફળતા નિષ્ફળતા પ્રમાણે એ દ્વંદ્વો ઓછાવત્તા પ્રમાણમાં આવે. અને એ આવે ત્યારે, એમાંથી જે હોય તે વધાવી લેવાં, એનું નામ સામ્યભાવ. પુરુષપ્રયત્ન તો નિરન્તર ચાલુ હોય જ. પ્રારબ્ધમાં દૈવ (અજ્ઞાનદૃષ્ટિ શક્તિ કે પૂર્વકાળનો પરિપાક વગેરે જે નામ આપો તે) ભાગ ભજવે છે, એટલે પ્રયત્ન કરતી સફળતા વખતે નિષ્ફળતા વિષે શું કહી શકાય ? જિજ્ઞાસુ કે મુમુક્ષુને તો બન્નેમાં લાભ છે. સુખમાં કે અનુકૂળતામાં ઈશ્વરની કૃપા માની નિરભિમાન થવાય, અને દુઃખ અથવા પ્રતિકૂળતામાં વૈરાગ્યની દૃઢતા થાય. આવી રીતે આપણે તો બન્ને હાથમાં લાડુ જ છે.

સંયમ મોટી વસ્તુ છે. ધ્યાનમાં કે જ્ઞાનમાં પ્રતિબંધક તો હોય જ. ધ્યાનમાં શરીરનું ભાન નથી છૂટતું એનું કારણ લોકલાજ છે, એ...ની ઓરડીની દીવાલોમાં બેસીએ ત્યાં સુધી ન જાય. ઉપરાંત, સતત પાંચ-છ કલાક બેસવાનો અવકાશ શરીરને કે મનને ન મળે, એ પણ ચિંતા; એ ચિંતા પણ દેહભાનને ટકાવી રાખે. આવાં આવાં અનેક પ્રતિબંધક હોય છે. પંચદશીમાં એનું સ્પષ્ટીકરણ છે. સોળ આના પ્રાપ્તિ ઇચ્છીએ ત્યારે સોળ આના પ્રયત્નો હોવા જોઈએ. બે આના પ્રયત્ન કરીને સોળ આના

પરિણામ ઇચ્છવું, એ અજ્ઞાન વિના બીજું શું કહેવાય ? જેટલો ત્યાગ, એટલી પ્રાપ્તિ. માટે એ પ્રમાણે વિચાર કરીને જ પછી સમજી જાઓ. બાકી ગુરુશક્તિને કે ગુરુજ્ઞાનને દોષ દેવા જેવું કશું નથી, તેમ નિરાશ થવાનું પણ કંઈ કારણ નથી. "સંસારમાં સરસો રહે ને મન મારી પાસ" કહેનારાને "ભલું થયું ભાગી જંજાળ, સુખે ભજશું શ્રીગોપાળ" યાદ કરાવવું જોઈએ. ...એ હાડમાંસને ચમારની પેઠે ભોગવનારાઓ, રૂપિયા પૈસા, મહેલ-મહોલાત, આબરૂ ઇત્યાદિમાં રચીપચી રહેનારાઓ આ જન્મે એક આની આત્મજ્ઞાન પ્રાપ્ત કરી શકે નહિ.

દાક્તર પાસે જઈને દરદી પોતાની શરતે દવા ન કરાવી શકે. રોગ જીવલેણ હોય, વર્ષોનો જૂનો હોય, અને વૈદ્ય કે દાક્તર પાસે બેએક દિવસ જઈને આટલા જ સમયમાં, પથ્ય પાળ્યા વગર, દવા માગી. આરામ ઇચ્છવો, એવી જાતનું અજ્ઞાન જ આ કલિકાલમાં સાધકોને હાનિ કરે છે. વાંચન અને ચર્ચા અથવા ભજન કે બાહ્ય ત્યાગ, એ બધું જ જાણે સર્વસ્વપ્રાપ્તિનું શ્રેષ્ઠ સાધન હોય, એમ અત્યારે સોમાંથી નવ્વાણુ માને છે. એમાં આપણે શું કરીએ ?

આજ્ઞા પાળવી નથી, છતાં આજ્ઞા માગવી છે; સાધન કરવું નથી પણ સાધન જાણવું છે. ગુરુની સત્તા કબૂલ કરવી નથી, પણ ગુરુ કરવા છે. આમ પ્રપંચ, દંભ, મિથ્યાચાર અને આડંબર છે, એમાં કાલધર્મ જ પ્રધાન છે કોઈને દોષ દેવા જેવું નથી. જેમ ઠીક પડે તેમ કરો અને રહો.

(૭)

૨૬-૯-૩૯

પશુને બાંધીને એ ઇલાજ થાય. પણ પશુ કરતાં માનવ-પશુ વધારે ખરાબ છે. એને બાંધવું મુશ્કેલ છે. મનનો મનસ્વી સ્વભાવ ઓળખાય નહિ, પોતાની ભૂલો સમજાય નહિ, કોઈ દોષ કહે તે મનાય નહિ, કોઈના કહ્યા ઉપાય અજમાવાય નહિ, અને મનની ગુપ્ત વાસનાઓ પ્રમાણે કલ્પનાના ઘોડા ઘડીને દોડાદોડ કરે; પરિણામે દુઃખ, અને દુઃખ જ રહેવાનું આવા પુરુષો માટે આશ્વાસન અસંભવિત અને અશક્ય છે.

યોગશક્તિ ભોગને માટે નહિ પણ આત્માના અનુભવ માટે છે; સંસારમાં ફસાવા માટે નહિ પણ એમાંથી મુક્ત થવા માટે છે...દીવાલમાં માથું મારવાથી મારનારનું માથું ફૂટે છે. અજ્ઞાનીઓ જ્યાંસુધી ન સમજે, ત્યાં સુધી દુઃખનો અંત આવવાનો નથી.

(૮)

૨૮ ૨-૪૦

તમે બધા, મોટા ગણાતા હોય તે નહિ, પણ નાના નાના યોગવાસિષ્ઠ રામાયણ દરરોજ એક કલાક વાંચવાનું રાખજો. વાંચવા માંડયું છે એમ લખો, એટલે હું એમાંનો કયો ભાગ કેમ વાંચવાનો છે એ જણાવું. આળસ અને પ્રમાદ છોડી દ્યો. ગયો વખત હાથમાં નહિ આવે. અંતર્મુખી બનો. બીજા શું કરે છે, કેમ કરે છે, કેમ નથી કરતા, કેવા છે, એવી પરીક્ષા કરવા કરતાં આત્મપરીક્ષા કરો, અને એ બધા પ્રશ્નો પોતાને જ પૂછો. આત્મોન્નતિ કરો અને બીજા પર દૃષ્ટાંત બેસાડો.

(૯)

૧૪-૩-૪૦

યોગવાસિષ્ઠ રામાયણનો ગુજરાતી તરજૂમો જ વાંચવાનો છે. રાત્રે કે સાંજે ભેળા થઈ, દરરોજ નિત્યનિયમ પ્રમાણે, જેમ ખાધા વિના ચલતું નથી તેમ વાંચવાનું રાખજો. પ્રથમ બે પ્રકરણોમાં વિશેષ યુક્તિઓ નથી, પણ પછીનાં પ્રકરણોમાં યોગ અને જ્ઞાન, બન્નેની સાધના, અધિકાર પરત્વે ભેદ, જ્ઞાનની સર્વોત્કૃષ્ટતા અને લાભ, એ બધું સુંદર રીતે સમજાવ્યું છે.

ધ્યાન અને વ્યવહારને વિરોધ છે, પણ જ્ઞાનને અને વ્યવહારને નથી. કારણ કે ધ્યાનની ક્રિયામાં ઈન્દ્રિયોનો વિષયોમાંથી પ્રત્યાહાર કરીને એક ધ્યેયમાં ચિત્તને એકાગ્ર કરવાનું હોય છે. તેથી વ્યવહારમાં મન તથા ઇન્દ્રિયોનો ઉપયોગ થઈ શકતો નથી. જ્ઞાનમાં કેવલ બુદ્ધિની સાક્ષીવૃત્તિની સ્થિરતા રાખવાની હોય છે. અને મન તથા ઇન્દ્રિયોને વિશુદ્ધ વ્યવહારના સ્વભાવ-ધર્મમાં પ્રવૃત્ત થવા દેવાનાં છે. યોગનું સુખ ક્ષણિક છે, જ્ઞાનનું નિત્ય છે, એ પણ સમજવા જેવી વાત છે.

શ્રદ્ધા અને ભક્તિ, એ બે તો આરંભથી આખર સુધીનાં સર્વોત્તમ સાધન છે બાહ્ય પ્રવૃત્તિને સમેટવા કરતાં તેને વિશુદ્ધ કરવી. ક્રિયા અટકાવવાની નહિ; ક્રિયા વિશુદ્ધ કરવાની છે. બંધનું નામ જ રાગદ્વેષાદિ દ્વંદ્વોનો આઘાત. એમાંથી ચિત્તને આત્માકારવૃત્તિ દ્વારા મુક્ત રાખવું, એ જ પુરુષાર્થ. એમાં આટલી વસ્તુ લક્ષમાં રાખવાની છે: આત્મભાનની જાગ્રતિ, આનંદ (સર્વાવસ્થાસાં)ની સ્થિરતા, અને જગતની મિથ્યાત્વવૃત્તિ. જે કોઈ આટલો પ્રયત્ન કરશે તેની ઉન્નતિ બહુ જલદી થશે; સિદ્ધિઓ

તો ચરણે રહેશે, પણ એને વેશ્યા માનીને એના સામું જોવાની પણ વૃત્તિ ન થવી જોઈએ.

વાંચન વ્યર્થ નહિ જાય. નિવૃત્તિ તો આવવાની હશે તો આવશે, નહિ તો ઘરડા થતાં સુધી ઢસરડો કરવાનો હશે તો કર્યા કરશો. ભાઈ, પુરુષાર્થ વિના કશું મળતું નથી. પુરુષાર્થથી જ સંકલ્પ બળ વધે છે. વિચારથી પણ એ વધી શકે છે.

નિયમિત કર્મકાંડ, ગુરુસ્તવનાદિ પાઠ અને જપ, એટલું જો થાય, તો ખૂબ લાભ થાય. બાકી લૌકિક વ્યવહાર સાચવવા ખાતર જો ઈશ્વર અને સાધુસંતો સાથે સંબંધ રાખવો હોય તો એ રાખમાં ઘીની આહુતિ આપવા જેવું છે....કર્મનું ફળ શુદ્ધ ભાવના હોવું જોઈએ. માટે એવી ભાવના વધારો, અને બીજાઓની નકલ કર્યા કે રાહ જોયા વિના પોતે પુરુષાર્થ કરો.

( ૧૦ )

૧૬-૫-૪૦

યોગવાસિષ્ઠનું વાંચન ચાલુ હશે એમ માનું છું. એ ગ્રન્થમાં જે દૃષ્ટાંતો અને વાર્તાઓ છે તે જ્ઞાન તેમ જ યોગવિષયક અનુભવોની છે.

સંકલ્પ માત્ર જગત્ છે, એટલે બધે સંકલ્પની જ લીલા વર્ણવી છે. સંકલ્પની અંતર્ગત સંકલ્પ, જગતની અંતર્ગત જગત, આવું આ શાસ્ત્રનું રહસ્ય છે જરા અંતર્મુખ, ગુરુમુખ થઈને મનન કરશો તો એમાં અલૌકિકતા દેખાશે. વ્યવહારની કુશળ દૃષ્ટિથી શાસ્ત્રનું રહસ્ય સમજાતું નથી; પ્રવૃત્તિ અને

નિવૃત્તિના વ્યવહારમાં પરમાર્થની દૃષ્ટિએ ભેદ છે; વર્તનમાં કેવળ શુદ્ધિને જ ભેદ નથી. વર્તન જ્ઞાની અજ્ઞાનીમાં ઘણે અંશે એક; દૃષ્ટિભેદ લગભગ વિપરીત. આટલું રહસ્ય સમજો તો ધનભાગ્ય! બાકી તો જ્યાં સુધી પ્રાચીન પ્રણાલિકા અનુસાર ઉપનિષદ્ પ્રમાણેનો આધાર લઈને દેહાધ્યાસ નિર્મૂલ કરીને, સાધનચતુષ્ટય સંપાદન કરીને શ્રવણ–મનન–નિદિધ્યાસન ન થાય, ત્યાં સુધી તત્ત્વ સમજાય એવું નથી.

એકડો પણ ઘૂંટશો, તો બગડાના અધિકારી થશો; પણ એકડો ઘૂંટવા માંડ્યા વિના સ્લેટપેનના સારાનરસાપણાની કે એવી નકામી અન્ય ચર્ચા કર્યા કરશો, તો કશું વળવાનું નથી.

(૧૧)

૫–૬–૪૦

યોગવાસિષ્ઠના પ્રથમ ભાગનું વાચન પૂરું થયું એમ જાણી સંતોષ થયો. ભલે હમણાં એમાંથી ગૂંચવણવાળો ભાગ ન સમજાયો હોય, તેમ જ સ્મરણશક્તિએ વધારે ન સંઘર્યું હોય; તો પણ કોઈપણ ક્રિયા કે વિચાર નકામાં જતાં નથી. એની સૂક્ષ્મ અસર તો અંતઃકરણ ઉપર જરૂર થવાની જ. તત્વજ્ઞાન વિના મુક્તિ નથી, ને મુક્તિ વિના પરિપૂર્ણ આનંદ તેમ જ શાન્તિ નથી. ભગવાન શંકરાચાર્યના જેવો કોઈનો સિદ્ધાંત નથી. એ સિદ્ધાંતને પ્રથમ બુદ્ધિગ્રાહ્ય કરવામાં જ ઇન્દ્રિયસંયમની, વિષયોની નિરર્થકતાની અને આત્માનંદની ભૂખ ઊઘડવાની જીવાત્માને જરૂર છે. એ બધું સમજવા માટે વિશુદ્ધ અંતઃકરણ જોઈએ. આત્મનિરીક્ષણ કરીને અંતઃકરણના ઝીણામાં ઝીણા દોષ કાઢતાં આવડવા જોઈએ. વર્ષનો થોડો કાળ પણ નિવૃત્તિથી રહી

શકાય એવી એકાંત ભોગવવાની અનુકૂળતા કરી લેવી જોઈએ. કારણ કે એ વિના આ પ્રચંડ દેખાતા બ્રહ્માંડની નિસારતા સમજાતી નથી.

વર્તમાનનો જ વિચાર કરતાં સહેજે આપણી સમક્ષ યુરોપના યુદ્ધનાં અને એના વિરોધી પક્ષનાં દૃશ્યો આવે છે; એનાથી સહેજે ગભરાટ થવા સંભવ છે. દુઃખીની દયા અને ક્રૂરની ઘૃણા સહેજે થાય; અને દુઃખીનો પક્ષ લેવાનું મન થઈ જાય છે. પ્રસંગ નાનો હોય કે મોટો પણ તેથી રાગદ્વેષ જતાં નથી. જીવાત્મા રાગદ્વેષમાં વિશેષ ફસાતો જાય છે. નિવૃત્તિથી વિચાર કરીએ, તો પૃથ્વી-ગ્રહના મૃત્તિકા વિભાગમાં કેવળ માનવપ્રાણીઓનું...યુદ્ધ છે. માનવ-વિભાગમાંથી નીકળી પશુસૃષ્ટિ,પક્ષી–કીટ–પતંગ આદિ જીવોની સૃષ્ટિમાં પણ રાગદ્વેષ હશે ને યુદ્ધ થતાં હશે. બે તૃતીયાંશ જલવિભાગમાં પણ યુદ્ધ થતાં હશે. ગ્રહોનક્ષત્રોમાં પણ યુદ્ધ હશે. આમ જ્યાં જ્યાં દ્વૈત છે ત્યાં યુદ્ધ હશે જ. યુદ્ધ નહિ હોય માત્ર એક અદ્વૈતમાં અને એ તો, દ્વૈતને મૂકીને અંતઃકરણમાં અદ્વૈત ભાવના ઊતરે ત્યારે સમજાય.

કયા દ્વૈતસમૂહનો આપણે વિચાર કરવો? શા માટે એકલા માનવજગતનો જ વિચાર કરવો? માનવ તરીકે આપણને માનવ માટે લાગી આવે એ સ્વાભાવિક છે. મનને તો માનવીનો વિશેષ સંબંધ છે. એની સાથે સમૂહજીવન ગાળવું છે, તેથી એનો વિચાર વધારે આવે છે; તેથી માનવનો સ્વાર્થ માનવમાં જ છે એમ પણ કહેવાય નહિ. માનવ પોતાના સ્વાર્થ પૂરતો જેમ ગ્રહનક્ષત્ર, દેવાસુર, પશુપક્ષી વગેરે બધાંના ગરજ સેવે છે, તેમ એણે એ યુદ્ધમાંથી નાસી છૂટવા માટે બધાંથી દૂર, બધાંથી પારના તત્ત્વમાં પ્રવેશ કરવો જોઈએ.

અશાંતિ દ્વૈતનો સ્વભાવ છે. શાંતિ અદ્વૈતનું સ્વરૂપ છે. આમ વિચાર કર્યા વિના, અદ્વૈતની કિંમત આંકયા વિના એ તરફ ભક્તિ ઉત્પન્ન થતી નથી, તેથી આપણે ખાનપાન, ઘરબાર તથા માલ-મિલકતના ટૂંકા પરિઘમાં ઘાણીના બળદની પેઠે ફર્યા કરીએ છીએ. આમાંથી છૂટવાનો શાસ્ત્ર માર્ગ બતાવે છે. સ્પષ્ટ વાણીથી દ્વૈતનું મિથ્યાત્વ સમજાવે છે. કશુંયે ગુપ્ત નથી રાખતું. જેનું સદ્‌ભાગ્ય અને પૂર્ણ પુણ્યનો ઉદય હોય એ તેમાંથી છૂટવાની પ્રેરણા મેળવે અને પ્રયત્ન કરે.

( ૧૨ )

૩-૧૦-૪૦

લક્ષ્ય તો છે વેદાંતશાસ્ત્રમાં વર્ણવેલું તત્ત્વજ્ઞાન; એ ચૂકશો નહિ. ગમે ત્યાં સત્સંગ કરો, ગમે તેને મળો કે મનમાન્યું ભ્રમણ કરો, પણ લક્ષ્ય વિશુદ્ધ આત્મસ્વરૂપ છે એ ભૂલશો નહિ. એમાં ભૂલ પડી, તો પછી એ ભૂલ સળંગ જન્માંતર ચાલ્યા કરવાની. હિસાબમાં પાઈ પૈસા જેવડી ભૂલ પણ આગળ જતાં હજારોની ભૂલ થઈ પડે છે, અને જમાઉધારનું પાસું મળતું નથી, એટલું જ નહિ, પણ ઘણી વાર લાભને બદલે ખોટ દેખાય છે.

માટે લક્ષ્ય ચૂકયા વિના બધાં સાધન કરો. બીજાં બધાં કર્મઉપાસના વગેરે સાધન છે, સાધ્ય નથી. એ સમજવા માટે જ મેં યોગવાસિષ્ઠ રામાયણ જેવા સરળ છતાં જ્ઞાનમાં પ્રૌઢ એવા ગ્રન્થની ભલામણ કરી છે : જેના સંસ્કાર શુદ્ધ હશે તે સમજશે, બાકી તો ગોથાં ખાવાના સંસ્કાર જેના હશે, તેને માટે આપણે શું કરી શકવાના હતા ?

(૧૩)

૨૩-૧૦-૪૦

...શી ભગવાનની લીલા છે? રજનું ગજ એ કરી શકે છે, અને એ પ્રમાણે, રજનું ગજ પણ થાય છે, એવી આપણને શ્રદ્ધા બેસાડવા માટે જ જાણે એ ચમત્કાર કરતા હોય એમ લાગે છે.

જીવ જણાતો રજરૂપ માનવપ્રાણી ગજરૂપ આત્માની અસીમ સત્તાનું ભાન કરી શકે છે! એ જ મોટો ચમત્કાર છે; એ સમજવા પૂરતાં જ્ઞાન, ભક્તિ અને વૈરાગ્ય આપણામાં નથી. યોગવાસિષ્ઠના નિર્વાણ પ્રકરણમાં ચુડાલા–શિખિધ્વજની વાર્તામાં શિખિધ્વજ બિચારો સર્વત્યાગના અજ્ઞાનમાં કૌપીનભર થઈ, પર્ણકુટિ વગેરે બાળીને ભૃગુપાત કરવા, શરીરત્યાગ કરવા તૈયાર થાય છે, પણ વાસનાત્યાગ, મનોનાશ કે દેહબુદ્ધિનો ત્યાગ કરી શકતો નથી; એ થાય તો બધું થાય.

યોગવાસિષ્ઠ ક્યાં સુધી પહોંચ્યું? કંઈ સમજણ પડે છે? સંસ્કાર કંઈ બદલાય છે? આત્મપરીક્ષા ક્ષણે ક્ષણે કરતા રહેવી. જિજ્ઞાસુ કે મુમુક્ષુ થવું સહેલું નથી. સંભવિત છે, પણ સહેલું નથી અને લાંબા કાળનો સત્સંગ હોય, ત્યારે આત્મદૃષ્ટિથી વ્યવહાર થઈ શકે. પ્રથમ તો ચિત્તને શું જોઈએ છે, એ પૂછવું. તે નિત્ય છે કે અનિત્ય એ વિચારવું. પછી અનિત્યનો વિચાર કાઢીને નિત્યને શોધવું. નિત્યને શોધવા માટે બુદ્ધિમાં પ્રકાશ અને સૂક્ષ્મતા ભરવાં. એ પ્રયત્નમાં દૃઢતા તથા એકવાક્યતા રાખવી.

બધી સિદ્ધિઓમાં આત્મસિદ્ધિ મોટી. એ પ્રથમ મેળવવી; પછી નાની સિદ્ધિઓ એની મેળે તણાઈ આવે. રાજા થઈએ,

એટલે બધી રાજસત્તા સહજભાવે મળે; કોઈના બગીચામાંથી છાંયડો એકલો ન ખરીદી શકાય. બગીચો ખરીદીએ તો છાયાની સાથે ફળ, ફૂલ, બધું મળે, અને સ્વતંત્રતા મળે એ જુદી. આવી આત્મજ્ઞાનની વાત છે.

( ૧૪ )

૧૬-૧૨-૪૦

૧. જાગ્રતિ મળે તે સ્થાયી રાખવી, એનો અર્થ એવો છે કે જે જે પ્રસંગોમાં આત્મજ્ઞાન સહેજ પણ થાય કે લક્ષમાં રહે, તે ભાવ હૃદયમાં ટકાવી રાખવો.

૨. લક્ષ્ય નક્કી હોય તો અનેક પુસ્તકો, સંતો અને પ્રસંગોમાં જતાં કોઈ કાંઈ જુદું કહે તો પણ આપણું લક્ષ્ય ન ચૂકાય.

૩. તેવું જ સાધન પરત્વે પણ સમજવું.

મૂળ વસ્તુ એવી છે કે તમે બધા મોટી મોટી વાતો કરો છો, પણ કમાવા કરોડ અને મૂડીમાં રાખ લઈને વેપાર કરવા નીકળવા જેવી વાત છે. તેથી જ કશું સમજતા નથી, ને કહી પણ શકતા નથી. કાં તો એમ સમજો કે તમારે સંસારમાં, એટલે છૈયાંછોકરાં અને માલમિલકતમાં રહેવું છે સાચાખોટા ધંધા કરવા છે. રાગદ્વેષ વગેરે દ્વંદ્વોમાં મિથ્યાભિમાની થઈને ફરવું છે. અને આત્મસાક્ષાત્કારનો લાડવો કોઈ મારા જેવા હૈયા-ફૂટા તૈયાર બનાવીને આપી જાય તે આરોગવો છે.

માટે હું કહું છું કે લક્ષ્ય નક્કી કર્યા પછી પોતાનો અધિકાર ક્યાં છે એ નક્કી કરો. અધિકાર નક્કી કર્યા પછી સાધન નક્કી

કરો. અને પછી એ પવિત્ર માર્ગે ચડી જાઓ. તેમ નહિ, તો જ્યાં છો ત્યાં ઠીક જ છો, ને મારા જેવાનો નકામો કેડો છોડો. બાકી તમારે આળપંપાળથી જ સંતોષ માનવો હોય, તો તે મારી પાસે નથી. અહીં તો "મરણુ આગમે જે ભરે મૂઠી" વાળો ખેલ છે.

આ કાંઈ તારા એકલા માટે નહિ. પણ બધા માટે છે.

ઝોન ટિકિટમાં ફરી આવો. જેવી દૃષ્ટિ હશે તેવી સૃષ્ટિ દેખાશે.

(૧૫)

૨૩-૧૨-૪૦

કંઈ ને કંઈ ઈશ્વરવિષયક પ્રસંગો ઉપસ્થિત થાય, એનો લાભ મળે, એ ઈચ્છવા જેવું છે. સાધકે બે મુખ્ય બાબતો વિચારીને નક્કી કરી લેવાની છે.

૧. પોતાનું, લક્ષ્ય અને પોતાનો અધિકાર.

૨. સાધનનો સાંગોપાંગ અભ્યાસ, અને તેમાં એકનિષ્ઠ ભક્તિ.

આ વિનાનું જેટલું થાય, એ તો ઝોન ટિકિટમાં વગર ઉદ્દેશના રેલવેભ્રમણ જેવું છે. એ ટિકિટથી તીર્થોમાં જવાય; સંતોનાં દર્શન થાય; પણ તેમાં ઉદ્દેશ શો ? લાભ શો ? ઉદ્દેશ થોડે ખરચે યાત્રા કરવાનો અને લાભ માનસિક મિથ્યા સંતોષની પ્રાપ્તિનો.

આવું બધા નથી વિચારી શકતા; લોકો ગતાનુગતિક ન્યાય પ્રમાણે બધે ભટકનારા હોય છે; બધે ભટકનારા બહુ જ વિવેકી,

[illegible] હોવા જોઈએ; આપણે એવા નિષ્પક્ષપાતી થઈને આપણું લક્ષ્ય ભૂલ્યા વિના, બધે હંસક્ષીર દૃષ્ટિથી લાભ લેવાનો છે; આવું સૌને સમજાવજો.

રાગદ્વેષ ન રહેવા જોઈએ. કોઈ એક ઠેકાણે મમતા નથી, તેમ દ્વેષ પણ નથી, એમ ઘણા કહે છે. એવા પોતાને સમદર્શી પુરુષને માનનારને તો બધું બ્રહ્મમય કે ઈશ્વરમય જ હોય ને! એટલે એ તો નરી મૂર્ખતા અને વિલાસવૃત્તિ કહેવાય.

(૧૬)

૧૭-૧૦-૪૦

બધે જવું પણ તેનો નીરક્ષીર ન્યાયે લાભ લેવો; આપણને આપણા માર્ગમાં અનુકૂળ અને સહાયક હોય એટલું જ લેવું; દોરાઈ ન જવું. એક મૂકીને બીજું વારંવાર ન પકડવું, તેમ જૂનું સારું જ છે એમ જાણ્યા અનુભવ્યા વિના એને છોડવું નહિ તેમ પકડી પણ રાખવું નહિ. આ બધું વિચારવા જેવું છે.

વેદાન્ત પ્રથમ જ વિવેકને આગળ કરે છે; એ વિવેકદૃષ્ટિ વિના કોઈ પણ સાધક **વિજ્ઞાન** (અપરોક્ષ જ્ઞાન) પ્રાપ્ત ન જ કરી શકે. નિત્યાનિત્ય વિવેક, શાસ્ત્રાશાસ્ત્ર વિવેક, સાધનસાધ્ય વિવેક; ઉપરાંત વ્યવહારમાં પણ વિવેક. આમ વિવેકીને બધું સરલ છે, ને વિવેકી બધે નિર્ભય છે. અવિવેકી ને અંધ બરાબર છે; કાં તો એને બધું ખરાબ લાગે છે. અથવા બધું સારું લાગે છે.

.......જે જાગ્રતિ આવા પ્રસંગોમાંથી મેળવો, તેને સ્થાયી રાખતાં શીખજો.

૩૦-૧૨-૪૦

....કામધંધો હમણાં તો ઠીક ચાલતો હશે. અને એ ઠીક ચાલે એટલે જગત ક્યાં છે એનું ભાન પણ શા માટે રહે?

ટ્હાડ આ વર્ષે પંજાબના જેવી અહીં પડવા માંડી છે. ચોમાસું કૈંક ઠીક નીવડ્યું એવો સંતોષ હતો, તે આ શિયાળો બધું બધી રીતે બગાડશે. રોગચાળો ખૂબ છે, ખેતીમાં પણ શિયાળુપાક બગડશે. અને લડાઈની નોબતો તો બમણા જોરથી વાગવાની હોય એમ છાપાંમાં વાંચીએ છીએ. આપત્તિ–અને એ પણ ચારે તરફની–આવી ઘેરે, છતાં આ દુષ્ટ જીવ ક્યાં એની નિરર્થકતા સમજે એમ છે? એને તો એમાં જ સુખ શોધવાની ટેવ પડી ગઈ છે. એટલે ખાસડાં ખાતાં ખાતાં પણ નીચી મૂડીએ કામ કર્યું જ જવાનું એને ગમે છે.

ખેંચ્યે જાઓ, જ્યાં સુધી ઊલટી ન થાય ત્યાં સુધી વિષયાહાર કર્યે જાઓ; એમાં જ તૃપ્તિ છે એવી માન્યતા જ્યાં સુધી ન આથમે ત્યાં સુધી એમાંથી પાછા વળવાનું કે નિવૃત્તિનું સ્વપ્ન પણ આવવું અસંભવિત છે.

ધન, વૈભવ, પ્રજાસંતતિ, માન, હર્ષ, ઉલ્લાસ, એ બધાંમાં લુપ્ત બનીને સંસારી ખાણમાં ઊંડે ને ઊંડે ઊતરતા જાઓ. છેવટે તો વિષ જ મળવાનું છે; એ મળે ત્યારે નિરાશ થઈને પાછા વળજો. આમ કેટલાયે જન્મ જાય, તો પણ ક્યાં એ મૂર્ખને થાક લાગવાનો છે? અને સાથે અસંખ્ય બીજા છે, એટલે ચિન્તા પણ શી છે? એક થાકે, તોય બીજો પાછો, એ તો

હોય છે. આ ઘટમાળ એમ જ ચલ્યા જ કરવાની.

સદ્‌વિચાર વિના સાધના થતી નથી કામધંધામાંથી વિશ્રાંતિ મળે કે મેળવાય, સ્થિર અને શુદ્ધ ચિત્તે વિચાર કરાય, તો વ્યવહાર પણ શુદ્ધ થાય પણ ચિત્તની એ શુદ્ધિ કે સ્થિરતાની કોને પડી છે ? એ વિના સદ્‌વિચાર સંભવે પણ ક્યાંથી ?

તત્ત્વનો જિજ્ઞાસુ નિર્મળ અને ધ્યેયને માટે નિશ્ચયી હોવો જોઈએ; સંસારની બીજી સામાન્ય જંજાળની એને કશી પડી નથી હોતી; એને મનોમય સંસારને નિર્મૂળ કરવો છે; જે શુદ્ધ અને પરિમિત થયા વિના શાન્ત થઈ શકતો નથી. વર્ષમાં એકાદ માસ તો નિવૃત્તિ લઈને સત્સંગ કરવો જ જોઈએ. અને એ પણ પુરુષાર્થપૂર્વક. નહિ તો સહેજે થાય તેમાં વ્યવહાર પહેલો કે પરમાર્થ, એવું ચિત્તને પૂછવું; જેની કિંમત મનમાં વધારે લાગે એના આપણે સાધક છીએ એમ સમજી લેવું અને દંભ છોડવો. સરળતાથી આપણે પરમાર્થને ગૌણ માનીએ છીએ એ કબૂલ કરવું તો જ ભવિષ્યમાં ગાડું ચીલે ચડે.

(૧૯)

૨૩-૨-૪૧

ચિત્તમાં શાન્તિ રાખજે. જે કાળે જે બને છે, તે બધું આત્મકલ્યાણ માટે છે એવી શ્રદ્ધા કેળવવી. નવધાભક્તિમાં સર્વોત્તમ ભક્તિ આત્મસમર્પણ; આત્મજ્ઞાનનું ફળ છે. વર્તમાનમાં હર્ષશોકનો અભાવ; ભૂતકાળની ચિન્તા હોય નહિ, વર્તમાનમાં થવાનું તે જ થાય છે, ભવિષ્યમાં પણ નવું શું થવાનું છે ? આ

વૃત્તિ વ્યવહારમાં પળે પળે સાચવવી, અને આત્મા જ આનંદ-કેન્દ્ર છે એનું ભાન રાખવું.

(૧૮)

૧૩-૪-૪૧

....અંતરમાં વૈરાગ્ય રાખીને દુઃખ ન માનીશ. સંસારમાં જેમ જેમ ઊંડા ઉતરીએ તેમ તેમ કલેશ જ છે. પ્રારબ્ધપ્રાપ્ત વ્યવહારમાં આત્મભાવના અને જગતમિથ્યાત્વની દૃષ્ટિ રાખીને જ રહેવુ સંસાર કોઈનો ચલાવ્યો નહિ, પણ સૌ સૌના પોતપોતાનાં કર્મ પ્રમાણે એની મેળે ચાલ્યો જાય છે, એમ સમજીને અનાસક્ત રહેજે. ૐ

(૧૯)

૨૦-૪-૪૧

આપણે કામ કરવું છે. લોકો પાસે પરોપકાર કરાવવો છે. એમને સમજાવવા પડે, મેણાં સાંભળવાં પડે; આવું દ્વંદ્વ સાંભળવાનું પરોપકારમાં પણ હોય જ. એકલી વાહવાહ સાંભળવાની વાસના અંતઃકરણમાં હોય તો પરોપકાર કરી શકાતો નથી.

જે મનુષ્ય હમેશાં યશ, કીર્તિ, માન, લાભ અને હર્ષની જ આશા રાખતો હોય છે, તે નથી વ્યવહાર સુધારી શકતો કે નથી પરમાર્થ સાધી શકતો આ દ્વંદ્વો જીતવા માટે જ શુભ અને શુદ્ધ વ્યવહારની જિજ્ઞાસુઓ માટે શાસ્ત્રો આજ્ઞા કરે છે. દ્વંદ્વને સહન કરવાથી આપણી માનસિક તિતિક્ષા વધે છે, ઈશ્વર ઉપર શ્રદ્ધા વધે છે. જગત એટલે જ દ્વંદ્વ જાલ, કે જે કેવળ

જગતને માનસિક છે; મનમાં લઈએ તો જ સત્ય છે, નહિ તો છે, એવું જ્ઞાન દૃઢ થવું જોઈએ

(૨૦)

તા. ૨૪-૪-૪૧

બીજા મોટા ગણાતા હોય તેવાની આશા ન કરતાં, તમે તમોને નાના માનતા હો, તો નિશ્ચય રાખજો કે, નાના વિચાર-વાળા મોટા માણસો નહિ, પણ મોટા વિચારવાળા નાના માણસો જ જગતનું કલ્યાણ કરતા કરતા પોતાનું જ કલ્યાણ કરે છે.

(૨૧)

૩-૫-૪૧

સ્વા. વિવેકાનન્દ, રામતીર્થ, દયાનન્દ સરસ્વતી અને બીજા બધા કાર્યકર્તાઓને લોકોએ તો નિન્દાથી જ વધાવ્યા છે. સાથ આપનાર તો થોડા જ હોય છે સ્વા. અખંડાનન્દજી શરૂઆતમાં કામ કરવા મંડેલા ત્યારે એક બાજુ જૂના સાધુઓએ "માયામાં ફસ્યા છે" એમ કહીને, અને બીજી બાજુ સ્વાર્થી પુસ્તક વિક્રેતાઓ અને બીજા ડહાપણઘેલા ગૃહસ્થીઓએ ખૂબ નિન્દા કરવા માંડેલી; પણ નિઃસ્વાર્થ સેવાની ખાતરી આવા અધોગત સમાજમાં બહુ લાંબે કાળે થાય. સંબંધો-જૂના કે નવાનો આપણે ભેદ નથી. મુસાફરીમાં ઘણા વચમાંનાં સ્ટેશને ઊતરી જાય છે. એક જ ધ્યેયના સાચા સાથીઓ છેવટ સુધી સાથે આવે, એ આપણી જ વાસના છે. જૂના વચમાં ઊતરે. નવા સાથે થતા જાય, આપણે તો એ બધાથી અસ્પર્શ રહેનારા એના એ જ છીએ એવી આત્મશ્રદ્ધા રાખવી; આપણું પોતાનું હૃદય અને ચારિત્ર શુદ્ધ છે તો પછી દ્વિમુખી જગતના સર્ટિફિ-

કેટની પરવા કરવાની નથી. કોઈના પ્રતિ અભાવ કે દુર્ભાવ ન રાખતાં થાય તેટલું કામ કરવું.

(૨૨)

તા. ૧૫-૭-૪૧

...હવે યોગની વાત કરું; પોતપોતાની મેળે પુસ્તક વાંચીને કશું અનુમાન ન કરવું, સ્થૂલ ક્રિયાનાં ચિહ્નો જોઈને સ્થૂલપરીક્ષા કરવામાં ભૂલ થાય છે; અને સૂક્ષ્મનું પરિવર્તન શું થયું છે એની ખબર પોતાને પડતી જ નથી. હજી ખૂબ વાંચવા-વિચારવાનું છે. વેદાન્તના સિદ્ધાન્તો હૃદયંગમ કરી લેવાના છે... તું પોતે આનન્દ-સ્વરૂપે રહે; ૐના ગૂંજનમાં અહોનિશ વીતાવ, બીજા વિચારો આવે તેને આત્મસ્વરૂપની અભેદભાવનાથી કહાડતો જા; અંતઃકરણ-ગૃહ વાળીને સાફ રાખ નિજાનન્દમાં વિષયાનન્દ કેવો? દેહ જ નથી, ત્યાં બીજું શું?

(૨૩)

૧૬-૧૨-૪૧

ગયા વર્ષમાં તેં બહુ બહિર્મુખ વૃત્તિ કરી છે. વ્યાધિના વિઘ્નને પાર કરવામાં કેવળ શ્રીઈષ્ટનું સ્મરણ જ થવું જોઈએ. તેને બદલે અન્ય લૌકિક ઉપાયો અજમાવ્યા, તન-મનની હાનિ થઈ, પણ પરમાત્મા તો દયાળુ છે. તારું એ કાર્ય કશા અશુભ હેતુથી નહિ પણ કેવળ અજ્ઞાન અને નિર્દોષ ભાવે હતું, એટલે મૂળમાં કશી હાનિ થઈ નથી ચલિત થયેલી શ્રદ્ધા પાછી ઠેકાણે આવી ગઈ છે એમ મને લાગે છે.

આ બધું થવાનાં મુખ્ય બે કારણ છે. એક બાજુ પૂર્વસંસ્કારમાં સાંસારિક વાસનાની પ્રબળતા અને એને દૂર કરવામાં સહાય

થનારી દૈવીસંપદ્‌નો અભાવ; એના નિવારણ માટે સત્સંગ અને સત્શાસ્ત્રનું સેવન રહેવું જોઈએ. એનો અભાવ જ આ બધું કરાવે છે.

પ્રારબ્ધ જ્યારે તને બાહ્ય ત્યાગ રખાવી આન્તરિક આત્માનન્દના વૈભવ તરફ લઈ જવાની અનુકૂળતા કરી આપે છે, ત્યારે મંદ વૈરાગ્ય પુનઃપુનઃ સાંસારિક પ્રલોભનોમાં ફસાવાની પ્રેરણા કરે છે; સાધકને આવું દ્વંદ્વયુદ્ધ વેઠવું જ પડે છે. જ્યાં સુધી આસુરીસંપત્‌નો નાશ ન થાય ત્યાં સુધી દૈવીસંપત્‌રૂપી ધર્મ પોતાનું સામ્રાજ્ય સ્થાપી શકતો નથી. ધર્મરાજ્ય ચિત્તમાં સ્થપાયા પછી જ ખરી આત્મજિજ્ઞાસા ઊઘડે છે. માટે ગભરાવા જેવું કશું જ નથી.

એક બીજી વાત વિચારવા જેવી છે; સાધકને ઘણી વાર એવી ગભરામણ થયા કરે છે કે, હું તો મર્યો, ગયો, હાર્યો, હવે તદ્દન નિરુપાય છું—આવી આશાના અન્ત સમી નિરાશા જ્યારે થાય, એટલે કે સંપૂર્ણ હતાશ થવાય, ત્યારે જ પરમાત્મા સહાય કરે છે; કારણ કે ત્યારે જ એનું સંપૂર્ણ શરણ લેવાયું હોય છે.

આ વર્ષે તને સંપૂર્ણ અનુભવ થયો છે કે, સંપૂર્ણ હતાશ થયો, ત્યારે જ પરમાત્માનુ શરણુ લેવાયું; ત્યારે જ થોડી ઘણી પણ શાન્તિ મળી હશે. જ્યાં સુધી સ્વપ્રયત્ન પર કે અન્ય લૌકિક બળો પર વિશ્વાસ હોય, ત્યાં સુધી પરમાત્માનું અનન્ય શરણ ન કહેવાય. આ વાત અનુભવથી શિખાઈ હોય તો હવે ભૂલીશ નહિ. ધ્યાનમાં ખરી વસ્તુ ભક્તિ અને શ્રદ્ધા છે. તર્ક અને વિચાર નહિ.

*

# ૧૭

(૧)

યોગશક્તિનો એ પ્રભાવ છે કે, જો સાધક ખરેખરો શ્રદ્ધા,
ભક્તિ અને સેવાપૂર્વક ધ્યાનનો આશ્રય લે, તો ચિત્ત તથા
પ્રાણને અંતર્મુખ કરીને, એને અંતિમ લક્ષ્ય સુધી પહોંચાડે
છે. એ જ પ્રમાણે બધે બને છે; તારી ઊણપ નીચે પ્રમાણે છે:

अ વાંચનનો અભાવ ને શાસ્ત્રીય યુક્તિઓનું અજ્ઞાન.

ब. યોગ એટલે આત્મા-પરમાત્માની એકતાનું જ્ઞાન-અનુભવ;
એ રહસ્યનું અજ્ઞાન

क. મન ત્યારે જ અંતર્મુખ થાય છે જ્યારે પ્રાણ પણ
બહિર્મુખી ગતિ મૂકીને અંતર્મુખ ક્રિયા કરવા માંડે છે.

ड. એ માટે અમુક પ્રકારનાં આસનો થવાં જોઈએ.

જે કસરત જેવું થાય છે, અમુક પ્રકારના શ્વાસોચ્છ્વાસ ચાલે
છે, એને જ યોગશાસ્ત્રની ભાષામાં આસન અને પ્રાણાયામ કહે છે.
ધ્યાનને રાજયોગ કે જ્ઞાનયોગ કહે છે. મંત્રજપને મંત્રયોગ કહે
છે. આ સિદ્ધયોગ છે અને એ સંપૂર્ણ યોગ છે, જેમાં સાધકના

પૂર્વ સંસ્કાર પ્રમાણે એને જે ઉપયોગી હોય તેવા પ્રકારની ક્રિયાઓ થાય છે; અને ચિત્ત તથા પ્રાણને પરિણામે શાંતિ મળે છે.

જે ક્રિયાઓ થાય છે, તે થવા દેવી. અંતરમાં જે પ્રશ્નોત્તર થાય છે. એ સંબંધે બે વાતો હોય છે. એક તમારા પોતાના પૂર્વ સંસ્કાર અને બીજી અંતર્યામી સર્વેશ્વર રૂપે રહેલી યોગશકિત. શાસ્ત્રોમાં વર્ણવેલાં દેવ દેવતાઓ ઉપાસના પૂરતાં સત્ય છે, અને બ્રહ્મનું સ્વરૂપ વિશુદ્ધ, નિરંજન, નિરાકાર, નિર્ગુણ છે, ઉપરાંત આપણું વિશુદ્ધ આત્મસ્વરૂપ પણ એ જ છે. સુષુપ્તિ, સ્વપ્ન અને જાગ્રત અવસ્થામાંથી ધ્યાનના સાધનથી ધીરે ધીરે સવિકલ્પ (જેમાં ધ્યાતાને ધ્યેયનું ભાન રહે) માંથી પણ ઉપર નિર્વિકલ્પ ( જેમાં ત્રિગુણાત્મક દ્વૈતનું ભાન ન રહે ) અવસ્થાનો અનુભવ થાય છે તે સત્-ચિત્-આનંદસ્વરૂપ કૈવલ્યસ્વરૂપ આત્મા બધાનું અધિષ્ઠાન છે.

અત્યારે લાંબી વ્યાખ્યાઓની સમજણ નહિ પડે; પરમાત્મા અખંડ છે, તેથી એના ખંડ-વિભાગ ન થઈ શકે. આ બધું પ્રથમના યુગોમાં ગુરુગૃહે, શિષ્યભાવે નિવાસ કરી સ્વમુખે ભણાતું

અત્યારનો બુદ્ધિવાદનો અને ‘હું સમજું છું’ એવા અહંકારનો જમાનો છે. પુસ્તકો વાંચીને યથાર્થ રહસ્ય સમજ્યા વિના અહંમન્યતા વધારે પોષાય છે. છતાં વ્યવહાર એટલો અટપટો છે કે, પુસ્તકો વાંચ્યા વિના છૂટકો નથી. વાંચવામાં દાસબોધ, જ્ઞાનેશ્વરી ગીતા, પરમામૃત, રામતીર્થના ગ્રંથો, વિવેકાનંદનાં વ્યાખ્યાનો તથા લેખો, રામકૃષ્ણ કથામૃત, યોગવાસિષ્ઠ રામાયણ, ભાગવતનો એકાદશ સ્કંધ, શંકરાચાર્યનાં પ્રકરણ પુસ્તકો વગેરેનો અભ્યાસ કર્યે જવો.

પ્રાણ આત્મા નથી, પણ જીવાત્માનું વાહન છે. આત્મા સર્વવ્યાપક છે. બધાનું નામરૂપ વિવર્જિત સ્વરૂપ છે. જીવાત્મા એક જ શરીરમાં—અભિમાન અને મમતા રાખનારો અહંધારી ચૈતન્યનો આભાસ છે. પણ આ બધી ગૂંચો પત્રથી નહિ ઉકેલી શકાય, ધીરે ધીરે વાંચતાં વાંચતાં બધું સમજાશે.

(૨)

શંકાઓ જેવી થવી જોઈએ તેવી જ છે. માત્ર એમાં ક્રમ-વ્યવસ્થા નથી. પુસ્તકોનું વાંચન પોતાની મેળે થાય તેટલું કરવું પણ પાછળથી સમય મળ્યે કોઈ અનુભવી વિદ્વાન પાસે શ્રવણ કરવાની આવશ્યકતા રહે છે. એ બધા પ્રશ્નોનું તો લાંબા કાળના અભ્યાસને પરિણામે જ સમાધાન થાય

યોગવાસિષ્ઠ મહારામાયણ ગ્રંથ બહુ ઉત્તમ છે. એક બીજો પંચદશી કરીને ગ્રંથ છે. ત્યાં ઘણી જગ્યાએ હશે. તે મેળવીને વિચારપૂર્વક વાંચવાથી, ધીરે ધીરે સમજીને બુદ્ધિમાં ઉતારવાથી, ઘણી શંકાઓનું સમાધાન થશે. એનો અનુવાદ એવી તો સરળ ભાષામાં થયેલો છે કે, તમારા જેવા માટે કે એથીયે બીજા ચઢિયાતાં—ઊતરતાં માટે પણ બહુ જ લાભકારક છે. મેળવીને જરૂર વાંચજો.

ધ્યાનમાં નિદ્રા આવે ત્યારે, કે મન શૂન્યતાને પામે છતાં નિદ્રા ન હોય, તે બે અવસ્થામાં જગતનું ભાન રહેતું નથી. પણ એમાં ચિંતા શાની ? સાચું સુખ જ આ જગતની વિસ્મૃતિમાં છે. જગત એટલે જ સુખ-દુ:ખ, લાભ-હાનિ, યશ-અપયશ, એવો દ્વંદ્વ સમૂહ. જગતના મનઃકલ્પિત સંબંધોને સાચા

માનીને આપણે વ્યવહાર કરીએ છીએ, ધીરે ધીરે એમાં મમત્વ બંધાય છે, અને પરિણામે જાગ્રત અને સ્વપ્નની સૃષ્ટિમાં આવી મળતાં સ્વાભાવિક દ્વંદ્વોથી ચિત્ત ક્ષુબ્ધ બને છે. ધ્યાન દ્વારા એ નિશ્ચય થાય છે કે, પ્રાણ તથા મનનો પ્રવાહ અંતર્મુખ થતાં સહેજે એ આત્મસ્વરૂપમાં લીન થાય છે; મન તથા ઇંદ્રિયો દ્વારા પ્રત્યક્ષ થતું જગત કેવળ મનની હયાતિ-અસ્તિત્વ સુધી જ છે. એ મનનું અસ્તિત્વ આપણી દેહબુદ્ધિ છે જેમ જેમ "હું આત્મા છું-અને દેહ નથી;" એવી બુદ્ધિ થતી જાય છે-એ જ્ઞાન દૃઢ થતું જાય છે, તેમ તેમ આત્માનું સ્વરૂપ સચ્ચિદાનંદ છે, એવું જ્ઞાન-એવો અનુભવ વધતો જાય છે.

(૩)

તા. ૬-૬-૪૦નો લાંબો, જેવો જોઈએ એવો પત્ર મળ્યો હતો. ઉત્તરમાં વિસ્તાર અને સ્પષ્ટતાથી લખવું છે, એવું મનમાં રહે છે. અનુકૂળ સમયની રાહ જોવામાં ઘણા પત્રોના ઉત્તરો નથી આપી શકાયા, વળી પત્રોમાં તે કેટલુંક સમજાવાય?

શ્રી શંકરાચાર્યનું 'અષ્ટાદશ રત્નો' નામનું પુસ્તક શ્રી નથ્થુરામ શર્માના બીલખાના આનંદઆશ્રમ તરફથી બહાર પડ્યું છે, તે વાંચવાનું મેં કહ્યું હતું.

ઉપનિષદો ખૂબ અઘરાં થઈ પડશે, એ સાચી વાત છે. એટલા માટે જ પ્રથમ પંચીકરણ કે પંચદશી દ્વારા થોડા પારિભાષિક શબ્દોનું જ્ઞાન થઈ જવું જોઈએ. સ્વા. રામતીર્થ, વિવેકાનંદ તેમ જ રામકૃષ્ણ પરમહંસનું સાહિત્ય ઉત્સાહ, જાગ્રતિ અને મુખ્ય મુખ્ય સિદ્ધાંતોની સારી સમજ આપે છે.

ઈશ્વર, જીવ અને જગત, એ ત્રણેના સ્વરૂપના પ્રશ્નો મહત્ત્વના છે અને એટલા જ માટે પ્રથમ વેદાંતશાસ્ત્ર સર્વના અધિષ્ઠાન તરીકેના સર્વવ્યાપી સ્વરૂપ આત્મતત્ત્વનું જ્ઞાન આવે છે.

ધ્યાનમાં શા માટે બેસતું નથી? વ્યવહાર તો જેટલો આપણે રાખીએ તેટલો રહે એમ લોકો કહે છે છતાં પરાધીનતા એમાં કેટલીએ વાર હદ વટાવી જાય છે સગાંસંબંધી, નાતજાત, સ્નેહીઓ, ઓળખીતા, લોકસેવાના બહાનાની પ્રવૃત્તિઓ, એ બધું આપણું જીવન ખાઈ જાય છે. એમાં અમુક લાભ છે એ નિષેધાત્મક છે; એ છેવટે વૈરાગ્ય અપાવે એવો હોય છે. આત્મ-બુદ્ધિની દૃઢતા તો એ પછીનું એટલે કે નિવૃત્તિમય જીવનમાંથી આવે એવું પગથિયું છે.

એક સાથે નિવૃત્તિ-પ્રવૃત્તિ નિભાવી શકાતાં નથી. બન્નેનો સ્વભાવ અને સ્વરૂપ જ જુદાં છે પરસ્પર વિરોધી છે પ્રવૃત્તિ કરતા જઈએ અને મનની શાંતિ મેળવતા જઈએ, એ બે વાત એકસાથે ભાગ્યે જ બને એમ છે.

ઋષિઓએ જીવનના આશ્રમ અને વર્ણ પરત્વેના કાર્ય-વિભાગ પાડ્યા છે. દિનચર્યામાં પણ એવી સરસ આજ્ઞાઓ કરેલી કે નિવૃત્તિ-પ્રવૃત્તિ વારાફરતી યથા સમય ચાલ્યા કરે. સમય એટલો બધો વિપરીત આવ્યો છે, કે લોકો કેવળ ખાવું પીવું અને એ માટેની મહેનત, જાગવું અને ઊંઘવું-એ સિવાય કશું જાણતા જ નથી. જાગ્રતિમાં પણ પુષ્કળ દોડધામ રહે છે કર્મેન્દ્રિયોને ત્યારે જ વિશ્રાંતિ મળે જ્યારે ત્યારે જ થાકે. થાક વિના વિશ્રાંતિ જ નહિ. એ વિશ્રાંતિ થાક ઉતારીને થોડી શક્તિ આપે છે. સશક્ત મનુષ્યો

મન તથા ઇંદ્રિયોને અંતર્મુખ રીતે પરમાત્માની ભક્તિ માટેનાં પાઠ, પૂજા, જપ, વગેરે કરીને બેસી રહેતાં શીખે એ જ શક્તિની અને તત્વની ઊર્ધ્વગામી સાધના છે.

( ૪ )

યાત્રા સંતોષ અને આનંદપૂર્વક થઈ ગઈ હશે પ્રથમ દર્શન દરેક વસ્તુનું બહુ સ્થાયી સંસ્કારવાળું હોય છે. શહેરી ધમાલીયા--ધાંધલીયા કૃત્રિમ જીવનનાં દૃશ્યોમાંથી નીકળીને પર્વત અને ગંગાજી જેવી શીતલ જલપૂર્ણ નદીનાં દર્શન થાય, એકાંત અનુભવાય, એટલે બહુ જ સુંદર લાગે એ સ્વાભાવિક છે.

બધું સાપેક્ષક છે ધમાલની અપેક્ષાએ બાહ્ય શાંતિ સુખપ્રદ હોય છે પણ સાચી શાંતિ તો ત્યાં કે હિમાલયના ઉપરના હિમપ્રદેશમાં પણ નથી; હોય તો ત્યાંના વનવાસીઓને મળવી જોઈએ. એ મળતી હોય એવું મારા જાણવામાં નથી. તીર્થવાસીઓ કરતાં તીર્થયાત્રીઓના સંસ્કાર જુદા હોય છે, તીર્થવાસીઓનો વ્યવસાય પણ જીવનકલહમાં જ જાય છે; અને પ્રત્યેક સ્થિતિ જ્યારે ધર્મમાંથી બદલાઈને સામાન્ય વ્યવહારનું સ્વરૂપ ધારણ કરે ત્યારે એમાં કશી નવીનતા કે આનંદ ન રહેતાં, એનો પણ માનવસ્વભાવને કંટાળો (વૈરાગ્ય) આવે છે.

પરમ તત્વ એક જ છે, એટલે એના આભાસવાળા અંતઃકરણનો સ્વભાવ પણ એવો છે કે, એને બાહ્ય જગતમાં પણ એકાંત વધારે ગમે. વિષયી મનુષ્ય એકલો ન રહી શકે. પ્રકૃતિનાં સુંદર દૃશ્યોમાં પણ એને સહભોગી સાથી જોઈએ, અને વૃત્તિ અન્તર્મુખ ન થતાં ઇન્દ્રિયો વિષયોપભોગમાં જવા વલખાં મારે, સામાન્ય પ્રાકૃતધર્મી કવિઓનાં વન-ઉપવનનાં અને

વિષયવિકારીઓના મદ્યપાન જેવાં કાવ્યો, એ આવા વિષયાભિમુખી જીવનના નમૂના છે

એનાથી ઉલટું જિજ્ઞાસુઓ, મુમુક્ષુઓ, તત્ત્વચિન્તકો અને પ્રકૃતિની પારના પરમ તત્ત્વના શોધકોને આવા એકાન્તમાં મન સહેજે અન્તર્મુખ થવા માંડે છે. વિષયના આનંદ કરતાં સ્વરૂપના આનંદની કંઈક ઝાંખી થાય છે. ત્યાં અંતરમાં આત્મતૃપ્તિ અને આત્મજ્ઞાન જેવી સ્થિતિ થતાં તેઓ માને છે ખરાં કે એ આનંદ, પ્રકૃતિનાં દૃશ્યો તથા એકાંતમાંથી આવ્યો છે. ખરું જોતાં તો આનંદ સ્વરૂપનો જ હોય છે; આટલી એમની ભૂલ.

પંચદશી વાંચી ગયા. યોગવાસિષ્ઠ રામાયણ પણ વાંચ્યું હશે. પ્રથમ વાંચને એમાં બધું ન સમજાય એ સ્વાભાવિક છે છતાં વૃત્તિ અંતર્મુખ થાય, દૈવી સંકેત અને દૈવી કૃપામાં શ્રદ્ધા હોય, ભાષાના જે શબ્દોના અર્થ ન આવડતા હોય તે ધીરે ધીરે પૂછી પૂછીને જાણી લીધા હોય, સાથે સાથે ધ્યાનકાલની એકાગ્રતા અને આત્માનંદના અનુભવનો લાભ લેવાતો હોય, તો શાસ્ત્રાર્થ સ્વાભાવિક અને સહજ રીતે હૃદયંગમ થાય છે.

મોટી વાત છે અનુભવની. આત્મા શોધી કહાડવાનો છે. શોધવું એટલે જે છે તેને વિશુદ્ધ બુદ્ધિનાં જ્ઞાનચક્ષુ ઉઘાડાં રાખીને જોવાનું છે આત્માનું સ્વરૂપ સચ્ચિદાનંદ; ઈશ્વરનું સ્વરૂપ સચ્ચિદાનંદ અને જગતનું એ જ અધિષ્ઠાન છે, તેથી એ જગતનું સ્વરૂપ પણ સચ્ચિદાનંદ. પ્રથમનું સ્વરૂપ ધ્યાનથી અનુભવમાં ઊતરે છે. બીજા બેનાં સ્વરૂપ યુક્તિથી અને વિચારથી સમજાય છે, અને એમાં જ વેદાંતશાસ્ત્રનો ઉપયોગ કરવાનો છે. ત્રણેનાં સ્વરૂપ એક છે, માયાનાં ત્રિગુણાત્મક નામરૂપો કેવળ સ્વપ્નવત્ મિથ્યા, કલ્પિત અને આભાસમાત્ર છે.

તમે લખો છો કે હું કાંઇ લખતો નથી. પણ લખાય કેટલું ? જિજ્ઞાસુઓના પ્રશ્નના ઉત્તરરૂપે જ વેદાંતશાસ્ત્ર લખાઈ ચૂકયાં છે. એની સમજણ આપવી જોઈએ એ કામ ખરું, પણ વેદાંતનાં ગૂઢ તત્ત્વો જલદી ન સમજાવાય કથામાં હજારો વકતાઓ પાસેનું શ્રવણ પણ તત્ત્વજ્ઞાન ન આપે. લોકસમૂહ ભક્ત હોઈ શકે, જિજ્ઞાસુ નહિ, અને એ ભક્તિ પણ સામાન્ય જનસમૂહના અલ્પ સંતોષ જેવી. પૂર્ણતાએ પહોંચેલી નહિ. ભગવાનની ભક્તિ કરવી; સંસારમાં વિષયભોગની અનુકૂળતા મેળવવા ભગવાનને યાદ કરવા; સમજ્યા વગર અનુષ્ઠાન અને કર્મકાંડ કરવાં; અલ્પ શાંતિ માટે યાત્રા, દેવદર્શન, જપ, તપ, વ્રત કરવાં; સપ્તાહો અને પારાયણો વંચાવવી, આવું આવું જે ચાલ્યા કરે છે, તેમાં જ સામાન્ય સમજણવાળાં લોકોની મનોરુચિ હોય છે. ગીતાના સાતમા અધ્યાયના ત્રીજા શ્લોકમાં કહ્યું છે કે, હજારો મનુષ્યોમાં કોઈ જ સિદ્ધિ એટલે અંતઃકરણની શુદ્ધિ (વૈરાગ્ય અને અભ્યાસ દ્વારા અંતઃ કરણને અધિકારી બનાવવું એ સિદ્ધિ) માટે યત્ન (કર્મ અને ઉપાસના—બન્ને નિષ્કામ, યથાર્થ શાસ્ત્રોક્ત વિધિ તથા તત્ત્વ-જ્ઞાનની જિજ્ઞાસા સાથે કરે છે. એવા પ્રયત્ન કરનાર અધિકારીઓમાંથી કોઈ જ મને (પરબ્રહ્મને) જાણે છે, અને તે પણ તત્ત્વતઃ એટલે જેવું મારું શુદ્ધ તત્ત્વ નિરંજન, નિરાકાર, સચ્ચિદાનંદ છે તેવું.

તમે જેટલું અને જેવું સમજો, એ પ્રમાણે આચરણ કરો. શાકભાજીના ટોપલા તો રોજ રોજ ઘેર ઘેર વેચાવા આવે; ને સાધારણ સમજણવાળાંયે એને ખરીદે છે; પણ કીમતી ઝવે-રાતની ફેરીઓ ન હોય; એના વેચનારા અને લેનારા થોડા જ હોય : જેટલી એમાં ઠગાવાની ધાસ્તી વધારે તેટલી એમાં લેનારાની બુદ્ધિની કસોટી પણ વિશેષ.

ઘેરઘેર વેચાય અને લેવાય એવું નથી, એના લેનારા અને આપનારા બન્ને બહુ જ થોડા

આપણે આપણો અધિકાર શુદ્ધ શાસ્ત્રોક્ત રીતે તારવી કૃાડવો; એ જ પ્રમાણે નિશ્ચય કરવો; એ પ્રમાણે પ્રયત્ન કરવો; અને અજ્ઞાનથી બચવું. શાસ્ત્રાભ્યાસનું લક્ષ્ય નક્કી કર્યા પછી સ્તુતિનિંદા, લાભહાનિ આદિ સામાન્ય દ્વંદ્વો સહન કરવાની તિતિક્ષા જોઈએ, અને જગતને તો અંતે જણાવવાનું જ છે કે, મીરાં ભક્ત છે, અને સંસારી નથી. છેવટે છાનું કશું નથી રહેતું. લોકો સાથે સંસારી થવા મથવું, અને પરમ તત્ત્વની જિજ્ઞાસા માટે અંતરમાં બળતરા કરવી, એ બન્ને એક સાથે કેમ બને ?

જે સમજાય છે એ ઠીક સમજાય છે. બધા ખેલ મનના છે, મન અને માયા જુદાં નથી. યોગવાસિષ્ઠ રામાયણમાં બહુ જ સરલ ભાષામાં બધાં સ્પષ્ટીકરણ છે. અને પંચદશી જેવો ગ્રન્થ તો જો બુદ્ધિગમ્ય થયો હોય, તો પછી આનંદ જ છે !

( ૫ )

સંવત ૧૯૯૭ના નવા વર્ષનું, સર્વોત્તમ કાર્ડ મળ્યું હતું. હું તો પેલી યાત્રાનું વર્ણન વાંચવા આતુર હતો, પણ વ્યવહારના કામકાજમાં એવું લખવાની ફુરસદ નહિ મળી હોય એમ માની લીધું.

મને લાગે છે કે આટલા વાંચનને અંતે ઠીક ઠીક સમજાયું હશે. મુખ્ય મુખ્ય સિદ્ધાંતો સમજાય તો બુદ્ધિશાળી સાધકને કેટલીએક ગૂંચવણોનું સમાધાન આપોઆપ થઈ જાય છે; સત્ય

છે. ક્ષણિક સમાધાનને એકાંતસેવનની એકનિષ્ઠ શુદ્ધબુદ્ધિથી એ જ દિશામાં વાળવાનો પ્રબલ પુરુષાર્થ કરવો જોઈએ.

જીવનમુક્તિ એટલે ચિત્તની સમસ્ત ભેદાભેદ તથા સાધન-સાધ્યની શંકાઓનું સંપૂર્ણ નિરાકરણ; હું, જગત અને એ બન્નેને બનાવનાર ઈશ્વર, એ ત્રણેનું વાસ્તવિક અભેદજ્ઞાન થાય, તો જ શાંતિ થાય. ત્યાર પછી જીવનમાં અશાંતિ રહેતી નથી. સાધારણ વિક્ષેપ થાય, જે ક્ષણિક હોય છે; અંતરથી જ એનું સમાધાન થાય છે. કર્મ, પ્રારબ્ધ, દેહભોગ, જન્મમરણ, સંબંધો અને સંબંધીઓ—એ વિષેની બધી શંકાઓ નિર્મૂલ થઈ જાય છે, અને વારંવાર ઉદ્ભવતા તાત્ત્વિક વિચારોના પરિપાક રૂપે ચિત્તમાં અવિરત આનંદ અને વાસ્તવિક શાંતિનું સામ્રાજ્ય વ્યાપી રહે છે.

વર્તમાનકાળના સામાન્ય જિજ્ઞાસુઓને જીવનનો વ્યવહાર બહુ કષ્ટ આપતો હોય એમ લાગે છે. સંસારદુઃખની અને ક્લેશયુક્ત માન્યતા જો કે ખોટી નથી, પણ સાધકે પોતાનું ધર્મબલ વાપરીને વ્યવહારને શુદ્ધ કરવો જોઈએ. અશુદ્ધ વ્યવહાર ક્લેશ આપે છે; શુદ્ધ વ્યવહાર ક્લેશ ન આપતાં, ઈશ્વર પર શ્રદ્ધા, દ્વંદ્વથી મુક્ત રહેવાની કળા, ધર્મબળ કેટલું વધ્યું તેનું માપ કાઢવાની તક, અને એકંદરે તત્ત્વજ્ઞાનનાં સાધનોમાં પુષ્ટિ આપ્યા કરે છે.

સમય વિપરીત છે એની ના કહેવાય એમ નથી; જ્યાં ત્યાં દેહભોગ, સ્વાર્થ, અહંમન્યતા, ઈન્દ્રિયવિલાસ અને મનોમુખી વ્યવહાર જ દૃષ્ટિએ પડે છે. આવી સ્થિતિમાં પ્રારંભની અવસ્થામાં સત્સંગ અને મનમાન્યું એકાંત જોઈએ; પણ પ્રારબ્ધ વાંકું હોય ત્યાં

બીજું શું થાય? જેટલી અનુકૂળતા સહજસ્વભાવે વ્યવહારમાં હોય, તેનો લાભ લઈએ તો પરમાત્મા ભાવના પ્રમાણે આગળ વધારે અનુકૂળતા કરી આપે છે. કશી શુભ ભાવના અફળ જતી નથી. એમાં માત્ર નિશ્ચયાત્મક વૃત્તિનો અભાવ જ બાધકારક હોય છે.

વાંચન માટે કાંઈ ફુરસદ મળે છે? એકાન્તનું કેમ છે? ધ્યાનના વિષયમાં આસન–પ્રાણાયામ કાંઈ બીજા નવાં દૃશ્યો, કે નવાં દર્શનો દેખાય છે? કંઈ દેખાય, સંભળાય, એવું નિર્વિકલ્પ અવસ્થાના પહેલાં થાય છે; એ બધું આપણા પૂર્વ-સંસ્કાર પર આધાર રાખે છે.

મોટી વાત એકાંતમાં મેળવેલી શાંત અવસ્થાને વ્યવહારમાં નિભાવી રાખવાની છે; હું ત્રિદેહ નથી પણ વિશુદ્ધ સચ્ચિદાનંદ આત્મસ્વરૂપ છું, એ વિચાર સતત વ્યવહારમાં પણ જાગ્રત રહે, એનું નામ નિદિધ્યાસન; એની સાથે આત્મવ્યતિરિક્ત બધું દ્વૈત કેવળ મનોવિલાસ છે, એ નિશ્ચય એટલો જ પ્રબલ રહેવો જોઈએ. યોગવાસિષ્ઠમાં આ જ વાત વારંવાર ઉપદેશેલી છે.

(૬)

જ્ઞાન અને ધ્યાન બન્નેમાં વાંચનની આવશ્યકતા છે. ધ્યાન માટે પણ, જો કશું યે વાંચ્યું ન હોય, તો 'કશું યે નથી દેખાતું,' અથવા તો 'અમુક જોવું છે,' એવી દૃશ્ય-પ્રપંચની વાસના બહુ ત્રાસ આપે છે. વિક્ષેપ મટતો નથી. જ્ઞાન માટે પણ એવું જ છે. જો પ્રક્રિયાનો પદ્ધતિપુરઃસર ગુરુમુખે અભ્યાસ ન થયો હોય તો એકને બદલે બીજું જ સમજી બેસાય છે. શાંતિ મળતી નથી. આ યુગનો વ્યવહાર જ

અટપટો છે પ્રારબ્ધ વળી વિચિત્ર હોય તો સંયોગો ધારી અનુકૂળતા કરી આપતા નથી. છતાં ઉત્સાહ, આનંદ અને ધૈર્ય –ત્રણે રાખવાં જોઈએ. જેથી કોઈક સમયે ધર્યું થતાં સાધનામાં અનુકૂળતા આવે.

કુટુંબીઓ કે અન્ય સંબંધીઓ સાથેના વ્યવહારથી કોઈ વાર મુશ્કેલીમાં મૂકાવું પડે, એ સાચી વાત છે. વાણી અને વર્તનમાં નિખાલસતા તથા સ્પષ્ટવકતાપણું જોઈએ, એવું માનવા છતાં અવિવેક, કે મર્યાદાભંગના શબ્દો ન નીકળવા જોઈએ એ ખાસ સંભાળવાનું છે. કેટલીક વાર તો મુરબ્બીઓ ખોટા છે એમ લાગે ત્યારે પણ મૌન અથવા ક્ષમાયાચનાનાં સાધન પણ રાખવાં-વાપરવાં પડે છે, કે જેથી પરસ્પરની શાંતિ સચવાય.

શું પ્રસંગ હશે, શું વાતચીત હશે એ તો હું જાણતો નથી, અને ન્યાય કરવો એ પણ ઠીક નથી. કારણ કે પરસ્પર દોષ જોયા કરીએ તો આ જગતમાં એનો અંત જ આવે એમ નથી, વળી નજીકના સંબંધીઓ અને સ્નેહીઓમાં દોષ જ જોવા એ કોઈ પણ હિસાબે ઈષ્ટ જ નથી. હું પ્રસંગો જાણતો નથી, તેથી સ્પષ્ટીકરણ, વિવેચન કે વિસ્તાર કરી શકું એમ નથી. તમારા તરફથી જરાયે અવિવેકભરી વાણી બોલાઈ હોય તો વિના દલીલે મુરબ્બીઓની ક્ષમા માગવી જોઈએ એમ મને લાગે છે. યોગ્ય લાગે તો એમ કરજો જેથી એમનાં મન શાંત થાય. ઇતિ વ્યવહારપ્રકરણ.

હવે વાંચવાની કંઈક શરૂઆત કરવી જોઈએ. પંચદશીની પ્રક્રિયા બરોબર સમજાઈ હોય તો હવે ગુજરાતી 'વિચારસાગર'

નામનો એક ગ્રંથ છપાયો છે. કોઈની સહાયતા લેવી પડે તો લઈને વાંચી જજો. એનો અભ્યાસ લાભ કરાવશે.

ધ્યાન માટે 'પાતંજલ યોગદર્શન'નો ગુજરાતી પ્રેસનો અનુવાદ ભણવા જેવો છે. શ્રી નથુરામ શર્માનો અનુવાદ સરળ છે. જો કે જ્ઞાન અને ધ્યાન બન્ને વિષયની સમજણ યોગવાસિષ્ઠ મહારામાયણમાં આવી જાય છે. છતાં ઉપર લખેલા બન્ને ગ્રન્થો યોગવિષયનાં દર્શનશાસ્ત્ર છે માટે ભણવાં જોઈએ.

એક બીજો પણ પ્રશ્ન છે. તત્ત્વ વસ્તુની યથાર્થ આવશ્યકતા જો થોડા જ પરિશ્રમ અને શ્રદ્ધાથી સમજાતી હોય તો પંડિતાઈ વધારવાથી શું લાભ ? શંકા કર્યા કરીએ તો અંત જ ન આવે. તર્ક ચલાવ્યા જ કરીએ તો છેડો જ નથી, અને વિદ્વત્તા વધારીને પંડિતોની સભા શોભાવવાની વાસના તો ભયંકર છે. એથી શાસ્ત્રવાસના પણ વધે છે. અહંકાર એક વાર વધ્યો તો પછી નીકળવો મુશ્કેલ છે. વિદ્વત્તાનો, જ્ઞાનનો, ભક્તિનો કે કશાનો પણ અહંકાર ત્યારે જ વધે છે, જ્યારે જગતને આપણે સત્ય માનીએ છીએ અને સમાજને તદ્દન હલકો માનીને એના પ્રતિ ઘૃણા ઉપજાવીએ છીએ. જિજ્ઞાસુની સાચી મનોદશા એવી ન હોવી જોઈએ.

આત્મજ્ઞાન એટલે સર્વત્ર આત્મદર્શન, બ્રહ્મદર્શન. વૈરાગ્ય વિનાના વિષયીજનો એનું રહસ્ય ન સમજી શકે. એવા વિષયી કે પામર પ્રતિ આપણે દુર્ભાવ નહિ પણ ઉપેક્ષા કેળવવાની છે. વૈરાગ્યનો અર્થ જગતનો તિરસ્કાર નહિ, પણ સાત્ત્વિક પ્રેમ. એમ ન થાય તો ચિત્તમાં વિક્ષેપ રહ્યા કરે છે અને અશાંતિ વધે છે. સમાજમાં જ્યાં ભળ્યા વિના છૂટકો જ નથી ત્યાં તો

પાણીમાં સાકર પેઠે ભળી જતાં શીખવું જોઈએ. એવા પરિચયમાં અંતરથી તો અલિપ્ત જ રહેવું જોઈએ. સાચો જ્ઞાની ખૂબ પ્રેમાળ, અંતરથી સંપૂર્ણ નિરાસક્ત અને નિર્મોહી હોય છે. અત્યારે આટલું બસ. અંતઃકરણમાં નિજાનંદ; બહારથી પ્રેમાનંદ.

( ૭ )

લાંબા કાગળો લખવાનો બહુ અર્થ નથી. તમે ગમે તેવા મુદ્દા ઉઠાવીને લાંબો પત્ર લખો, એવો જ લાંબો પત્ર હું ચીતરું એના કરતાં તમને અમુક પુસ્તક વાંચવાનું લખું એ વધારે સારું ગણાય. આટલું પીંજણ કરતાં લાંબું લખાઈ ગયું. આવું જ આ જગત છે. વાતમાં સાર નહિ અને પૂણીમાંથી નીકળતા સૂતરના તારની પેઠે લાંબું લાંબું ચાલ્યું જ જાય. પણ હવે વ્યવહારની વાત ઉપર આવું.

આકરી અને વિચિત્ર શરતો કરી એમાં નવું શું ? જૂના, રીઢા થઈ ગયેલા અને કુસંસ્કારી ગૃહસંસારનો નમૂનો પણ જગતમાં રહેવો તો જોઈએ જ ને ! આવી સંસ્કારી જ્ઞાતિમાં ન હોય તો પછી સારાખોટાની સરખામણી ક્યાં કરવી ! આ બધાં દૃશ્ય જોવાનાં છે–ભોગવવાનાં નથી. જગતમાં મનુષ્ય સુખ ભોગવવા કર્મ કરે છે પણ આવી પડે છે દુઃખ એ મહાન આશ્ચર્ય છે. જ્યાં આશ્ચર્ય લાગે ત્યાં માયા કહીને જ્ઞાનીઓ છોડી દે છે. એથી કર્મ અને કર્મફળનો નિયમ બદલાતો નથી. પણ કર્મનું રહસ્ય સમજતાં સમજાવતાં તો ઋષિઓ પણ મૂંઝાયા છે, એમ ગીતામાં સ્વમુખે ભગવાન શ્રીકૃષ્ણ કહે છે. અધ્યાય ચોથાના શ્લોક સત્તર–અઢારમાં કર્મ–અકર્મ–વિકર્મનું રહસ્ય સમજાવતાં કહ્યું છે કે, અકર્મ એટલે પરબ્રહ્મ અને કર્મ એટલે

આ સંસાર કર્મસ્વરૂપ સંસારને અકર્મ આત્મારૂપે જોવો એ જ કર્મનું રહસ્ય છે.

સાંસારિક જીવોની લીલા તો એવી વિચિત્રરૂપે જ ચાલવાની. એમાં શાંતિ ઇચ્છનારો પોતે પોતાના અંતઃકરણ અને વ્યવહારમાં સાત્વિકતા કેળવે એટલે શાંતિ. બાકી વ્યવહારમાં ત્રિગુણાત્મક માયા આવા ખેલ કર્યા જ કરવાની. વ્યવહારમાં જે વિક્ષેપ થાય છે, તે આપણા ચંચળ ચિત્તને લીધે છે, નહિ કે સંસાર ચંચળ છે માટે. ખરી રીતે તો મન અને સંસાર જુદાં જ નથી, મન એ જ સંસાર છે, એ મનથી પર વિશુદ્ધ આત્મસ્વરૂપ છે, એટલે કે મનનું પણ અધિષ્ઠાન સ્વરૂપ તો સચ્ચિદાનંદ. એ જ સંસારનું સ્વરૂપ સચ્ચિદાનંદ. મન અને સંસારને બાહ્યરૂપે ન જોતાં એનું અધિષ્ઠાન સ્વરૂપ જોતાં શીખવું, એ છે આપણો વિવેક.

પંચદશી પુસ્તક બીજી વાર વાંચી જવું. યોગવાસિષ્ઠ રામાયણ એક વાર વાંચ્યું છે તે પણ બીજી વાર વાંચવું. બીજાં પુસ્તકો પણ વાંચવાં. વાંચવાથી લાભ જ છે. પરોક્ષ જ્ઞાન ન હોય તો થાય અને થયું હોય તો પુષ્ટ થાય, અને વળી તાજું રહે એ લાભ જ છે.

વ્યવહારમાં મોટી મુસીબત ચિત્તની સમતા રાખવાની આવે છે. આસપાસ બધે ત્રિગુણાત્મક વ્યક્તિઓ અને વ્યવહાર હોય; રજોગુણ અને તમોગુણ વધારે પડતો જોવામાં આવે, અને એ વ્યવહાર જેવો ચાલ્યો આવતો હોય તેવો જ રાખવા મથીએ ત્યારે તો બહુ જ વિક્ષેપ થાય છે.

એમાંથી બચવાનો ઉપાય બીજો કશો દેખાતો નથી. એ ત્રણે ગુણો એક જ બ્રહ્મસ્વરૂપનું રૂપાન્તર માત્ર છે, એટલે કે એનું સ્વરૂપ નિર્ગુણ તથા તટસ્થ તો બ્રહ્મ જ છે; સ્વરૂપ જોવું, અનુભવવું અને રૂપ મિથ્યા માનવું, એ વિના એ સંસારની વિસ્મૃતિ થતી નથી. આત્મસ્મૃતિ થાય ત્યારે સંસારવિસ્મૃતિ થાય છે. એ સ્મૃતિ જાગ્રત થાય, બીજા શબ્દોમાં કહીએ તો પ્રાપ્ત થાય, ત્યારે એ અપ્રાપ્તની પ્રાપ્તિ નહિ, પણ પ્રાપ્ત વસ્તુની પ્રાપ્તિ કહેવાય છે.

ભગવદ્‌ગીતાના ઉપદેશને અંતે અર્જુનને જ્યારે સંસાર-વિસ્મૃતિ થાય છે, ત્યારે એ કહે છે કે, **નષ્ટો મોહઃ સ્મૃતિર્લબ્ધા,** એટલે કે મોહ (સંસારસ્મૃતિ) નાશ પામ્યો, આત્મસ્મૃતિ મળી આવી; એવું થયા પછી એ મહાભારતનું અદ્વિતીય યુદ્ધ લડ્યો, પહેલાં જે વ્યવહાર અજ્ઞાન દશામાં—વૈરાગ્યની મંદ દશામાં કરવો નહોતો ગમ્યો, તે પછી આમ આત્મસ્મૃતિ પામીને આનંદપૂર્વક કર્યો.

આ જ આત્મજ્ઞાનનું ફળ છે. આત્મજ્ઞાન વ્યવહારનો નાશ કરવાનું નથી શીખવતું. પણ વ્યવહારનું મૂળ, સંસારનું મૂળ–આત્માનું અજ્ઞાન, એનો નાશ કરે છે. એનો ઉપાય આત્માનું જ્ઞાન છે. એ જ્ઞાનપ્રાપ્તિ થવાથી વ્યવહારનું નામરૂપવર્જિત સ્વરૂપ પણ આત્મા જ છે એવું સમજાય, ઓળખાય, અનુભવાય, ત્યારે વ્યવહાર બમણા જોરથી પણ વિશુદ્ધ રીતે, દ્વંદ્વથી મુક્ત રહીને કરી શકાય છે. પછી મનને અમુક ગમે છે અને અમુક નથી ગમતું, એવું કશું જ રહેતું નથી. ઇન્દ્રિયોનો વ્યવહાર ચાલ્યા કરે છે, એમાં વસ્તુઓના ત્રિગુણાત્મભેદે રાગદ્વેષ છે, એને વેદ અધીન ન થવું એવું ભગવદ્‌ ગીતા સ્પષ્ટ કહે છે.

છતાં પણ અસત્ય અને દંભ-કપટથી ભરેલા અશુદ્ધ વ્યવહારમાં ઉપયોગી થતાં વાણી, વર્તન કે પદ્ધતિમાં તો પરિવર્તન થાય છે જ. વિચાર કરીને આપણે આપણો માર્ગ કહાડી લેવો અને ચિત્તમાં શાન્તિ રાખવી.

(૮)

બનવા કાળ બનશે અને બન્યા કરે છે એવું માનવા છતાં પણ એકાન્ત મેળવી ધ્યાનમાં બેસી જશો અને પરમ કૃપાળુ ગુરુદેવનો શ્રુતિનાદ સાંભળજો.

...ને ભાવપૂર્વક કહેજો કે, ૐની સાથે તદાકાર વૃત્તિ રાખીને એનું સતત ભાન કેળવે.

બધી દવાઓની સાથે આ ધ્યાન પણ એક મહાન ઔષધ છે.

થવાનું તો પ્રારબ્ધાધીન છે, પણ આવાં દિવ્ય ધ્યાનના સાધનથી આપણાં અંતર દિવ્ય બને છે, એ લાભ નાનો સૂનો નથી.

(૯)

આનંદ અને ૐનો ચિત્તમાં સતત ધ્વનિ ચાલુ રહેવા દેજો. જન્મ કે મૃત્યુ, બન્ને આત્મામાં નથી. તું વિશુદ્ધ સચ્ચિદાનંદ છે.

મનને સ્થિર રાખી જે ઉપાય પરમાત્મા સૂઝાડે તે કર્યે જાઓ. હિમ્મત ન હારો ગુરુદેવ દયાળુ છે. જે કરશે તે ઠીક જ કરશે. ભવિષ્ય ભાખવું એ તો માયાની ત્રિકાળ લીલાની બાજીગરી છે; એમાંથી છૂટવા માટે પરમાત્મા ઉપર જ ફળભાર મૂકી દ્યો.

(૧૦)

સંસાર એટલે જ દ્વંદ્વ, એકલું સુખ કે એકલી અનુકૂળતા સંભવે જ નહિ; એવી આશા રાખવી એ જ અજ્ઞાન કે માયા;

વ્યવહારમાં એક બાજુ આમ સમજવાનું છે ત્યાં બીજી બાજુ આત્મભાવના દ્વારા અખંડ આનંદનો ભાવ હૃદય અને વર્તનમાં ભરી રાખવાનો છે. સંસાર જેવો છે તેવો સમજવા છતાં એ બધું કેવળ અજ્ઞાનકલ્પિત છે અને અજ્ઞાન કેવળ મનઃકલ્પિત છે, તેથી એનો બાધ કરીને બધે આત્મસ્વરૂપની ભાવના કરવાની છે. અજ્ઞાન આખરે ક્ષંતવ્ય છે. ક્ષંતવ્ય એટલા માટે કે, એમાંથી ઊભા થતા રાગદ્વેષ કે અહંકારને ઓળખીને પ્રબલ ન થવા દેતાં સહન કરવા. ચિત્તમાં જરા પણ ઉદ્વેગ કે કોઈના પ્રતિ અભાવદુર્ભાવ ન આવવા દેવો જોઈએ.

ત્રણે ગુણ જણાય, વ્યવહાર થાય, છતાં એની ચિત્ત પર અસર થવા ન દેવી એ જ આત્મજ્ઞાનની મહત્તા છે. મુક્તિનો ટૂંકો અર્થ પણ એ જ કે, આત્માનું સત્-તત્ત્વ, ચિત્-તત્ત્વ અને આનંદ-તત્ત્વ સમજવું, અનુભવવું અને એ દૃષ્ટિએ ગુણાત્મક જગતનાં દ્વંદ્વોની સ્વરૂપજ્ઞાનની વૃત્તિ ઉપર અસર ન થવા દેવી. સ્વરૂપવૃત્તિને દ્વંદ્વવૃત્તિથી મુક્ત રાખવી એ જ મુક્તિની ટૂંકી વ્યાખ્યા છે.

અભ્યાસ અઘરો છે, પણ સંસાર ચલાવવા જેટલો અઘરો નથી. સંસારની આશાઓમાં બળ્યા કરીએ છતાં સંસાર મનમાન્યો ચાલે એવી અજ્ઞાની માન્યતા રાખવી એ વિચિત્ર છે; આત્માનો આનંદ લૂંટયા કરવો; સાદાઈમાં સ્વતંત્રતા સચવાય તો હિમાલયની શીતલતા ભર્યું જ્ઞાન-ભાન અંતરમાં વધતું જાય છે.

ચિત્તમાં શાંતિ રાખવી. જગત પર સાત્ત્વિક વૈરાગ્ય એટલે પ્રેમ રાખવો. વ્યવહારનાં બધાં શુદ્ધ કાર્યોમાં સાવધાનતા રાખવી; અને એમ કરવા છતાં પણ જે દ્વંદ્વ આવવાનાં જ છે, એને

મિથ્યા કલ્પના સમજીને સ્વરૂપભાવનાથી ચિત્ત ઉપર સંસારની અસર ન થવા દેવી, એ આત્મજ્ઞાનની ટૂંકી વ્યાખ્યા છે

(૧૧)

'ઉત્થાન' માટે બને એટલું કર્યા કરવાનું છે. એ મિથ્યા પ્રવૃત્તિ નથી. સાધુઓ બેસીને ધ્યાનપરાયણ રહે, તો કહેશે નકામા રોટલા બગાડે છે. કર્તવ્યપરાયણ રહીને જ્ઞાનપ્રચારનાં કાર્યો કરે તો કહે છે કે, માયામાં ફસ્યા છે. આવું અજ્ઞાન ગુજરાતમાં વિશેષ છે. એ અજ્ઞાન જાય અને તત્ત્વજ્ઞાન આળસ કે પ્રમાદ વધારનાર નહિ, પણ નિઃસ્વાર્થ સેવા, નિષ્કામ ઈશ્વરભક્તિ અને નિર્વિષયી સુખ મેળવવાનું અપ્રતિમ સાધન છે, એવું કંઈ શીખવવા પૂરતો જ ઉત્થાનનો આ પ્રયત્ન છે. પ્રયત્ન સફળ થાય કે નિષ્ફળ જાય એ ઈશ્વરના હાથમાં છે. ઈશ્વરની પ્રેરણા જ કાર્ય કરાવે છે, એમાં જે જે નિમિત્ત બને તે પુણ્ય કમાય, અને ઈશ્વર પાસે જવામાં બે ડગલાં પણ આગળ વધે.

(૧૨)

સમસ્ત વિશ્વમાં ઈશ્વર પોતાની પ્રકૃતિ વડે ઉથલપાથલ કર્યા કરે છે, એમાં ચડતી પડતી ચાલ્યા કરવાની. એ ચડનાર–પડનાર જો પોતાને જ્યાં છે ત્યાં ઠીક જ છે–જળનું ટીપું સમુદ્રમાં જ્યાં જાય ત્યાં જળરૂપે ને જળમાં જ છે–એમ માને તો આનંદ છે. નહિ તો ક્ષણની પણ શાંતિ નથી.

(૧૩)

કાર્ડ મળ્યું. મૂળમાં તમે ધૂની અને એકમાર્ગી રહ્યા એમાં આવા પ્રસંગો આવે એટલે સાધન પણ વગોવાય. આપણો

ધ્યાન અને જ્ઞાન બન્ને ઉપર સંયમ રહેવો જોઈએ. ધ્યાનનો વિષય આપણને વ્યવહારમાં અવ્યવસ્થિત બનાવે એ ઠીક નહિ. એકાંતમાં બેસીએ ત્યારે એકાગ્રતા અને વિશુદ્ધ વ્યવહારમાં પડીએ ત્યારે ચારે તરફની કાળજી તેમ જ સંભાળ રાખતાં શીખવું જોઈએ. 'योगः कर्मसु कौशलम्' એ ભગવદ્ગીતાનું વાક્ય ભૂલવાનું નથી; પણ એનું રહસ્ય સમજીને જીવનમાં ઉતારવાનું છે

અવધૂતનું લક્ષ્ય બેભાન નહિ, પણ સર્વત્ર આત્મભાન કરવાનું છે. ભાન રાખવું કે ન રાખવું, એ બન્ને ઉપર આપણો કાબૂ રહેવો જોઈએ.

આત્મજ્ઞાન મેળવવાની મોટી કલ્પનાઓ થાય છે, પણ એના પાયા જેવા સંસારના વ્યવહારમાં મન-ઈંદ્રિયો ઉપર આપણો કાબૂ નથી; એ વિના જ્ઞાન-ધ્યાન થઈ કેવી રીતે શકે? કોઈ કરે છે એમ કહે તો મિથ્યા દંભ છે, કેવળ વાણીવિલાસ છે. ઇષ્ટ ધ્યાનમાં બેસીએ ત્યારે સંસારમાં મન રહેવું ન જોઈએ. સંસારના વિશુદ્ધ વ્યવહારમાં રહીએ ત્યારે જે કાર્યની આવશ્યકતા હોય, તેમાં સાવધાનતા રહેવી જ જોઈએ.

હમણાં ઘરમાં એકલા છો એટલે પૂરેપૂરું એકાંત હશે; આપણે તો એકાંત એક—તત્ત્વનો વિચાર કરવામાં કેળવવાની છે. નિર્જન દશામાં જ નહિ.

(૧૪)

કાળનો પ્રવાહ પાણીના પ્રવાહની પેઠે અવિરત વેગે ચાલ્યો જાય છે જેમાં મનુષ્ય અજ્ઞાનવશ તણાતો જાય છે. તણાતાં છતાં પણ એ છતી આંખે ઊંઘતો કે બેભાન જેવો બનીને જાણતો નથી; એને એવું મિથ્યાભિમાન છે કે જગત આખાને એ જાણે છે. માયાનું

મહાન ઠગારું આશ્ચર્ય ! મનુષ્ય પોતાને ઓળખ્યા વિના જગતને ઓળખવા જાય છે, મહેનત કરે છે, અજ્ઞાનમાં જ રહી દુ:ખી થાય છે, અને મિથ્યાભિમાન એવું વધારે છે કે જગત આખાનું જ્ઞાન એને મળી ગયું; આ છે માયાનું આશ્ચર્ય !!

એ બધું દૃશ્ય કેવળ મન:કલ્પિત છે એવું એણે જાણવાનું છે. વિશ્વની ઉત્પત્તિ જ મિથ્યા જ્ઞાનમાંથી છે. એમાં અસંખ્ય વિષયોનું સંપૂર્ણ જ્ઞાન મેળવી શકાય નહિ. એક જાણ્યે બધું જાણી લેવાય એ તો આત્મવિદ્યાનું પરમ સૂત્ર છે. એ એટલા માટે જ પરમ અને સત્ય છે, કે પછી માયાના ક્ષેત્રમાં કશું આશ્ચર્ય લાગતું નથી; એની ત્રિગુણાત્મક પ્રકૃતિ એમની એમ ચાલ્યા કરે છે. એમાં કશી વધઘટ થતી નથી; જે ચિત્રવિચિત્ર આભાસ જણાય છે, એથી વસ્તુના મૂળ સ્વરૂપમાં કશોયે ફેર પડતો નથી; આ છે આત્મજ્ઞાનનો અદ્‌ભુત મહિમા.

આપણે આપણા આત્મકેન્દ્રમાંથી ચલિત ન થવું. એમાં સ્થિર તથા સાક્ષી રહીને બધું જે પરિવર્તન દેખાય છે એમાં નિર્વિકાર દૃષ્ટિ રાખવી.

(૧૫)

ધ્યાનમાં બેસવું પણ સમજણથી બેસવું. બાહ્ય કર્મકાંડમાં શ્રદ્ધા ન હોય તેથી 'રસ ન પડે એ સાચું પણ જેટલું પૂર્વ-જન્મમાં કર્યું હશે, તેનું જ આ જન્મમાં ચિત્તશુદ્ધિરૂપ પરિણામ છે એમ કેમ ન માની લેવાય ? એ આપણે માટે અત્યારે ખોટું લાગે પણ બીજાને માટે સાચું કેમ નહિ ? ઈશ્વર કૃપા, ગુરુ કૃપા અને શાસ્ત્ર કૃપાથી આત્મશાન્તિ થઈ ગયા પછી ગુરુ, ઈશ્વર કે શાસ્ત્ર ત્રણેની શી પડી છે ? એવી નિરાદર વૃત્તિ તમોગુણનું પરિણામ છે. એ અજ્ઞાન છે. એથી અહંકાર વધે છે

અને જે આત્મશાન્તિ જેવું લાગતું હતું તે શુદ્ધ શાસ્ત્રની કસોટી પર ઊતરેલું નહોતું એ સિદ્ધ થાય છે. ગીતામાં કહ્યું છે કે, કર્મઠ અજ્ઞાનીઓને અધિકાર વિનાનો આત્મજ્ઞાનનો ઉપદેશ આપીને જ્ઞાનીએ ભ્રાન્તિ ન ઉપજાવવી. પણ એવાઓને કર્મ તથા ઉપાસનાનાં સાધનો શીખવવાં એ વિદ્વાનનો સ્વધર્મ છે.

ઉપકૃત બુદ્ધિથી ઈશ્વર, ગુરુ અને શાસ્ત્રના અલૌકિકપણાનું સ્મરણ કરી ચિત્તને નિરભિમાન કરવાનું છે. આપણી વૃત્તિ નાસ્તિકતાની નથી, પણ ઉપરામતાની છે. આપણે ખાઈપરવારીને બેઠાં હોઈએ, અને બીજું ભૂખ્યું માણસ રાંધવાખાવાની તૈયારી કરતું હોય, તેની પાસે જઈને ખાનપાનની નિરૂપયોગિતા સિદ્ધ કરાય? ઊલટું આપણે ખાઈ લીધું હોય તો એમને મદદ કરવી જોઈએ કે જેથી તેઓ પણ જલદી ખાઈ પરવારે. સમજાય છે ને?

(૧૬)

ધ્યાન કે જ્ઞાન માત્ર આત્મતૃપ્તિ માટે છે. એ બીજાને જણાવવા–દેખાડવાની પ્રથમથી જ હોહા કરી મૂકી, એ ખોટું થયું છે. તમે પોતે જ વખાણ કરવા લાગ્યા, જે નહોતાં થવાં જોઈતાં; ખ્યાતિ અને કુતૂહલતા વધી એનું આ ફળ છે. બીજાને દેખાડવાથી તો જરાએ ધ્યાન નહિ થાય. અને જોનારાં શરીર આમ બેઠું છે ને તેમ પડ્યું છે એ સિવાય બીજું શું જોશે? ધ્યાન તો મનથી કરવાનું છે કે શરીરથી? મનથી કરાતું ધ્યાન તો સૌ પોતપોતાની મેળે જ જોઈ શકે. હાડમાંસનાં પૂતળાં કાંઈ ધ્યાન કરતાં નથી. મડદાંનું ધ્યાન એ ધ્યાન નથી.

વાંચો, વિચારો અને અનુભવો; શ્રવણ, મનન અને નિદિધ્યાસન એ ત્રણેયના ઉપર ખૂબ જોર રાખજો.

—*—

# શુદ્ધિપત્ર

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૨ | ૧૬ | જ્યારે | જ્યારે એ |
| ૨ | ૧૮ | અધિન | અધીન |
| ૩ | ૧૩ | નિર્મૂળ | સમૂળો |
| ૫ | ૮ | હતા | હતા. |
| ૫ | ૧૧ | પ્રરબ્ધ | પ્રારબ્ધ |
| ૬ | ૧૪ | વચી | વાંચી |
| ૮ | ૧૪ | આરભ | આરંભ |
| ૧૦ | ૪ | મળ્યે ાછે, | મળ્યો છે, |
| ૧૦ | ૨૧ | રાખ વનો | રાખવાનો |
| ૧૩ | ૧૬ | વૈર ગ્ય | વૈરાગ્ય |
| ૧૬ | ૧૦ | એટલે કે | એટલે |
| ૧૭ | ૧૮ | રાખવું | રાખવું. |
| ૨૧ | ૧૩ | સંતેષીની | સંતોષીની |
| ૨૪ | ૧૦ | ત ાસ્વી | તપસ્વી |
| ૨૭ | છેલ્લી | થાય માટે | થાય) એ માટે |
| ૨૯ | છેલ્લી | ભ ર | ભાર |
| ૩૭ | ૧૪ | ત્રિગુણ ત્મક | ત્રિગુણાત્મક |
| ૪૧ | ૨ | ભવે | ભાવે |
| ૪૧ | ૪ | હશે | હશે. |
| ૪૨ | ૧૭ | મહાનયોગ | મહાયોગ |
| ૪૨ | ૨૦ | થયો | થયો. |
| ૪૩ | ૭ | સધકના | સાધકના |
| ૪૫ | ૧૭ | નિદ્રાદેવી | નિંદ્રાદેવી |
| ૪૬ | ૧ | જિજ્ઞાસ | જિજ્ઞાસા |
| ૪૭ | ૧૬ | અધૂ. રૂં | અધૂરું |
| ૪૯ | ૨ | જાણી | જાણી. |

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
| --- | --- | --- | --- |
| ૪૯ | ૭ | રહેવાનાં | રહેવાનાં. |
| ૪૯ | ૧૨ | ઢઢો | ઢંઢો |
| ૫૦ | ૧ | ડયાં | કયાં, |
| ,, | ૨૨ | એકં | એવું |
| ૫૧ | ૪ | જ્ઞાનવિના | જ્ઞાન |
| ,, | ૯ | સુષપ્ત | સુષુપ્ત |
| ૫૩ | ૮ | છે નહિ, | છે, નહિ |
| ૫૪ | ૧૫ | અપેક્ષા | ઉપેક્ષા |
| ૬૦ | ૧૫ | લગ્ન–મેળા | લગ્ન–મેળાપ |
| ૬૧ | ૧૫ | ભયા | ભય |
| ૬૪ | ૧૬ | ૐને। | ૐ નો |
| ૬૭ | ૧૦ | શરીરનું | શરીરનાં |
| ૭૧ | ૫ | કલ્પનાનો ઈશ્વરગુરુ | કલ્પનાનો, ઈશ્વર તથા ગુરુ– |
| ૭૪ | ૯ | એકાન્ત અને | એકાન્તમાં |
| ,, | ૧૨ | બીનું | બીજું |
| ૭૬ | ૪ | વાંચવાનુ | વાંચવાનું |
| ,, | ૫ | યોગવાશિષ્ઠ | યોગવાસિષ્ઠ |
| ૭૭ | ૧૭ | ભેદ | ખેદ |
| ૭૯ | ૯ | વાચો | વાંચો |
| ,, | ૧૨ | છોકરાને | છોકરાંને |
| ,, | ૨૦ | કર્તિની | કીર્તિની |
| ૮૦ | ૮ | કરીએ | કરીએ, |
| ,, | ૧૬ | પરમત્મા | પરમાત્મા |
| ૮૧ | ૬ | નહિ | નહિ. |
| ૮૨ | ૧૨ | વડીલા | વડીલો |
| ૮૬ | ૪ | કામક્રોધદિક | કામક્રોધાદિક |

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૯૦ | ૮ | મેળું | મોળું |
| ,, | ૧૩ | સદો | સાદો |
| ૯૨ | ૧૧ | અવવા | આવવા |
| ૯૩ | છેલ્લી | કેઈ | કોઈ |
| ૯૪ | ૧૯ | મ રૂપી | મનરૂપી |
| ૯૫ | ૧૬ | કરા | કરો |
| ,, | ,, | વિચર | વિચાર |
| ૯૬ | ૬ | આજ્ઞા | આજ્ઞા એવી હોય કે |
| ૯૭ | ૪ | તમે મને | તમે |
| ,, | ,, | તમે મને | મને |
| ,, | ૨૧ | એકાંતમાં | કે એકાંતમાં |
| ૯૮ | ૧૦ | રહયું | રહ્યું. |
| ૧૦૧ | ૧ | નદાસ્તુતિ | નિંદાસ્તુતિ |
| ૧૦૪ | ૧૬ | બને | બને. |
| ૧૦૫ | ૬ | સ્તુતિનિદા, | સ્તુતિનિંદા, |
| ૧૦૮ | ૯ | હિમત | હિંમત |
| ૧૧૪ | ૩ | પ્રસગોમાં | પ્રસંગોમાં |
| ૧૧૮ | ૩ | શીખ | શીખ. |
| ૧૨૧ | ૯ | તે | તો |
| ૧૨૩ | ૧૯ | છે ડો | છોડો. |
| ૧૨૮ | ૨ | અનો | તો |
| ૧૨૯ | ૫ | નિલેપ | નિર્લેપ |
| ,, | ૧૩ | રાખવાનું | રાખવાનું. |
| ૧૩૫ | ૬ | રહેવાનું | રહેવાનું. |
| ૧૩૭ | ૧૮ | છે | છે. |
| ૧૩૯ | ૨૦ | સ ંબધ | સંબંધ |
| ,, | ૨ | નિસારતા | નિ:સારતા |

| પૃષ્ઠ | પંક્તિ | શુદ્ધ | અશુદ્ધ |
|---|---|---|---|
| ૧૩૯ | ૬ | કુરની | કૂરની |
| ૧૪૦ | ૧ | દ્વતનો | દ્વૈતનો |
| ૧૪૨ | ૧૪ | કહી | કરી |
| ૧૪૫ | ૧૧ | મૂડીએ | મૂંડીએ |
| ” | ૧૩ | કર્યે | કર્યેં |
| ૧૪૬ | ૯ | મનેમય | મનોમય |
| ” | ” | છે; | છે, |
| ૧૪૭ | ૬ | રહેવુ, | રહેવું. |
| ૧૪૮ | ૧ | જગતને માનસિક છે; | માનસિક છે; જગતને |
| ” | ૨ | છે, | છે જ નહિ, |
| ૧૫૩ | છેલ્લી | સમૂહ | સમૂહ. |
| ૧૫૫ | ૨ | વેદાંતશસ્ત્ર | વેદાંતશાસ્ત્ર |
| ” | ૨૨ | ત્યારે | તેઓ |
| ૧૫૮ | ૪ | સમજાવાય | સમજાવાય. |
| ” | ૧૬ | નિષ્કામ | નિષ્કામ, |